RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

YEAR : 4 • ISSUE : 11 • FEBRUARY 2017 • PAGES 44 • PRICE 20/-

ગુજરાતી-અંગ્રેજી વર્ષ-૪ (કુલ વર્ષ ૬૫) અંક-૧૧ • ફેબ્રુઆરી ૨૦૧૭ • પાના ૪૪ • કિંમત રૂ. ૨૦/-



# જિન-વચન

**સર્વ ધન તમારું થઈ જાય તો પણ તે અપર્યાપ્ત છે**

सव्वं जगं जइ तुहं सव्वं वावि धणं भवे ।
सव्वं पि ते अपज्जत्तं नेव ताणाय तं तव ।।

(उ. १४-३९)

કદાચ જો આખું જગત તને મળી જાય અને તેમાં રહેલું સર્વ ધન તારું થઈ જાય તો પણ તે તારા માટે અપર્યાપ્ત છે. તે તારું રક્ષણ કરી શકશે નહિ

If the whole world together with all its wealth is given to you, even then, you will not find that adequate. It will not be able to protect you.

ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન' માંથી

## આચમન

### ચોર સ્વયં ચોકીદાર

સાધકે પોતાના મનને કહ્યું, 'તું બહુ ચંચળ છે. તારે લીધે મને કેટલું હેરાન થવું પડે છે. ચંચળતા છોડીને શાંત થઈ જા.'

મન : મારા પર દોષ ન મૂકો. દોષ તો તમારો જ છે. મારું ધ્યાન નથી ધરતા એટલે ચંચળ છું. સંપૂર્ણ ધ્યાન ધરો. ચંચળતા છોડું ? ચંચળતા તો છૂટી જ છે. એક વાર્તા કહું સાંભળો-એક ચોર એવો હતો કે ચોરી કરે પણ પોલીસ એને પકડી ન શકે. નગરજનો ગભરાઈ ગયા અને રાજાને ફરિયાદ કરી. રાજાએ આશ્વાસન આપી નિશ્ચિંત થવા કહ્યું. ચોરને જલ્દી પકડાવી આપવાનું વચન પણ આપ્યું. રાજાને પોલીસની અસફળતાની ખબર હતી. એક વ્યક્તિ જે પોતે ચોર હતો તેના પર જ રાજાને શંકા ગઈ. રાજાએ તો તેના તરફ અમીદૃષ્ટિ રાખી કહ્યું-'તારી નિમણૂક જનસેવા વિભાગમાં કરવામાં આવે છે. તારામાં મને વિશ્વાસ છે અને હું તને કોટવાળનું સ્થાન આપવા માગું છું.'

ચોર રાજાને 'ના' ન કહી શક્યો. અને પોતાને આપેલી ફરજ બજાવવા તૈયાર થઈ ગયો. પોતાની ફરજ બજાવવાની શરૂઆત કરી અને ચોરી તો બંધ થઈ ગઈ. ચોર જ ચોકીદાર બન્યો એટલે કુદરતી ચોરી બંધ થઈ ગઈ.

અંતમાં મન કહે-'ચોરની માફક તું સ્વયં ચોકીદાર બન. મારું ધ્યાન ધર. હું તને ચંચળ નહીં પણ શાંત જ લાગીશ. સાધકને મગજમાં ઉતર્યું અને દૃષ્ટા બન્યો. મન શાંત થયું અને ફરિયાદ બંધ થઈ.

હિન્દી : સંત અમિતાભ અનુવાદ : પુષ્પા પરીખ

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુન : પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૭ માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૫મા વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૪.
- કુલ ૬૫મું વર્ષ.
- ૨૦૦૮ ઑગસ્ટથી 'પ્રબુદ્ધ જીવન' અને પર્યુષણ વ્યાખ્યાનમાળા સંસ્થાની વેબસાઈટ ઉપરથી જોઈ-સાંભળી શકશો.
- **'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકોના પોતાના છે જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે તેમ માનવું નહીં.**

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

## પૂર્વ તંત્રી મહાશયો

| | |
|---|---|
| જમનાદાસ અમરચંદ ગાંધી | (૧૯૨૯ થી ૧૯૩૨) |
| ચંદ્રકાંત સુતરિયા | (૧૯૩૨ થી ૧૯૩૭) |
| રતિલાલ સી. કોઠારી | (૧૯૩૩ થી ૧૯૩૩) |
| તારાચંદ કોઠારી | (૧૯૩૫ થી ૧૯૩૬) |
| મણિલાલ મોકમચંદ શાહ | (૧૯૩૯ થી ૧૯૫૧) |
| પરમાણંદ કુંવરજી કાપડિયા | (૧૯૫૧ થી ૧૯૭૧) |
| ચીમનલાલ ચકુભાઈ શાહ | (૧૯૭૧ થી ૧૯૮૧) |
| ડૉ. રમણલાલ ચી. શાહ | (૧૯૮૨ થી ૨૦૦૫) |
| ડૉ. ધનવંત તિલકરાય શાહ | (૨૦૦૫ થી ૨૦૧૬) |

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | જ્ઞાન અને ભાવ-અધ્યાત્મની દૃષ્ટિએ (તંત્રીસ્થાનેથી) | ડૉ. સેજલ શાહ | ૩ |
| ૨. | અંતરની અમીરાત | દીપ્તિબેન સોનાવાલા | ૬ |
| ૩. | પદ્મભૂષણ સન્માનીત રાષ્ટ્રીય સંતપુરુષ શાસન પ્રભાવક સાહિત્યસમ્રાટ પ.પૂ.આ.ભ. શ્રી રત્નસુંદરસૂરિને કોટિ કોટિ વંદન | ડૉ. પ્રવીણ સી. શાહ-ડૉ. છાયા શાહ | ૭ |
| ૪. | પ્રતિક્રમણ : વગડાનું ફૂલ કે બગીચાનું 'ડિઝાઈનર ફૂલ' | ડૉ. સર્વેશ વોરા | ૮ |
| ૫. | અમર ગ્રંથશિષ્યો | પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ | ૧૦ |
| ૬. | ઉપનિષદમાં મધુવિદ્યા | ડૉ. નરેશ વેદ | ૧૫ |
| ૭. | શેત્રુંજી નદી વિશે તમે શું જાણો છો ? | પૂ. મુનિરાજ શ્રી પ્રશમરતિ વિજયજી મ. | ૧૭ |
| ૮. | અષ્ટપ્રકારી પૂજાની કથાઓ - ૮. ફળપૂજા કથા | આચાર્યશ્રી વાત્સલ્યદીપ સૂરીશ્વરજી | ૨૦ |
| ૯. | દ્વિતિય બાહ્યતપ ઉણોદરી | સુબોધીબેન સતીશ મસાલીઆ | ૨૨ |
| ૧૦. | ગાંધી વાચનયાત્રા : ગાંધીમાં માટીમાંથી બહાદુરો પદા કરવાની શક્તિ છે : ગોપાલકૃષ્ણ ગોખલે | સોનલ પરીખ | ૨૪ |
| ૧૧. | જ્ઞાન-સંવાદ | — | ૨૬ |
| ૧૨. | સમણસુત્તમના ચાર દળદાર ગ્રંથોનું ઐતિહાસિક પ્રકાશન | ડૉ. સેજલ શાહ | ૨૮ |
| ૧૩. | Saman Suttam : Book Review | — | ૨૮ |
| ૧૪. | શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલ અનુદાન | — | ૩૦ |
| ૧૫. | ભાવ-પ્રતિભાવ | સૂર્યકાંત પરીખ | ૩૦ |
| ૧૬. | 'પ્રબુદ્ધ જીવન' પ્રકાશન અને આર્થિક ભાર | — | ૩૧ |
| ૧૭. | સર્જન-સ્વાગત | ડૉ. કલા શાહ | ૩૩ |
| ૧૮. | Seekers' Diary : Live and let live! | Reshma Jain | ૩૫ |
| ૧૯. | A Memory that sneaks out of my eye!! | Prachi Dhanvant Shah | ૩૭ |
| ૨૦. | Enlighten Yourself By Self Study of Jainism Lesson 15 | Dr. Kamini Gogri | ૪૦ |
| ૨૧. | Superb Devotion Story | Aacharya Shri Vatsalyadeep Suriji. Trans. Pushpa Shah | 42 |
| ૨૨. | The Story of King Megharath & Pictorial Story | Dr. Renuka Porwal | ૪૨-૪૩ |
| ૨૩. | પંથે પંથે પાથેય : શબરી આશ્રમ | લીલાધર માણેક ગડા | ૪૪ |


મુખપૃષ્ઠ




## सरस्वती वंदना

या कुन्देन्दु तुषार हार धवला या शुभ्र वस्त्रान्विता।
या वीणा वर दण्ड मंडितकरा या श्वेत पद्मासना।।
या ब्रह्मा अच्युत शंकर प्रभ्रतिभिः देवै सदा पूजिता।
सा मां पातु सरस्वती भगवती निःश्येश जाड्यापह।।

Regd. With Registrar of Newspaper for India No. MAHBIL/2013/50453 ISSN 2454–7697

● 'પ્રબુદ્ધ જીવન' ગુજરાતી-અંગ્રેજી વર્ષ : ૪ (કુલ વર્ષ ૬૫) ● અંક : ૧૧ ● ફેબ્રુઆરી ૨૦૧૭ ● વિક્રમ સંવત ૨૦૭૩ ● વીર સંવત ૨૫૪૩ ● મહા વદ તિથિ પાંચમ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(પ્રારંભ સન ૧૯૨૯થી)

# પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- ● ● ● ● છૂટક નકલ રૂા. ૨૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. સેજલ શાહ

## જ્ઞાન અને ભાવ : અધ્યાત્મની દૃષ્ટિએ

વહેતા જળને પકડવાનો અથાગ પ્રયત્ન કરીએ તોયે એ શક્ય નથી. પ્રયત્ન એળે જાય અને એ અંગેની ફરિયાદ પણ અયોગ્ય. જ્યાં સંભાવના હોય ત્યાં જ મહેનતના પુષ્પ વાવી શકાય. વીતેલા સમયને પાછો બોલાવી શકાતો નથી. ના તો એના વહેણોને રોકી શકાય કે બદલાવી શકાય છે. ૨૦૧૬નાં ફેબ્રુઆરીને એક વર્ષ વીતી ગયું અને વીતી ગયો એક ગમતો, વાત્સલ્યભર્યો સમય. ધનવંતભાઈ શાહ વગરનું આ એક વર્ષ તો પસાર થયું, તેમણે મૂકેલાં વિશ્વાસને સિદ્ધ કરવા પગલાં પણ ભર્યા પરંતુ તોય જે શૂન્યાવકાશ છે, તેનો કોઈ પર્યાય નથી. એટલે શૂન્યાવકાશને જ ચલિત પરિબળ માનીને ચાલવું રહ્યું. સમુદ્રકિનારે મોજાંના સરી ગયા પછી થોડીવાર પાણીના ટીપાંની ભીનાશ વર્તાય અને પછી ધીરેધીરે પાણી સૂકાઈ જાય અને હતું-નહોતું થઈ જાય પણ પગ પર એક અદૃશ્ય પરછ લાગી હોય એવું લાગે. એમ જ કેટલીક વ્યક્તિઓ ન હોય પણ એનું હોવાપણું એ મનુષ્ય અનુભવતો હોય છે. અધૂરપની સાથે જે શક્તિ મળી છે જે જ મહત્વની છે. એક તરફ વિશ્વાસ અને બીજી તરફ શ્રદ્ધા. આ બે મનુષ્યને બળ પૂરું પાડે છે. જીવનને કાર્યશીલ અને સત્વશીલ બનાવવાની આ તક મળે છે, પણ એને કર્મ દ્વારા સિદ્ધ કરવાનું છે. ધનવંતભાઈ, જેમ તમારી ગેરહાજરી સાલે છે તેમ જ એક આંતરશક્તિનો પ્રવાહ માર્ગ પર ચાલવા, ટકી રહેવા મદદરૂપ બને છે. 'નથી' એ શબ્દથી મુક્ત થવાની અને એને જ શક્તિ બનાવવાનો આ એક પ્રવાસ તમે જે આપ્યો છે અને હું ચાલું છું એના ઉપર. તમે એ રીતે મારામાં જીવંત છો અને રહેશો અને એ જ છે મારું અર્પણ.

* * * * *

જીવનને કુતૂહલતાથી સમજવા મથતા માનવી માટે જીવનની રહસ્યાત્મકતાનો કોઈ અંત નથી. પ્રત્યેક પળે જે મૂંઝવે છે, પડકાર ફેંકે છે, જેને કાબૂમાં કરવા મન ઇચ્છે એ જીવન, કેટલીયે વાર હાથતાળી આપતું રહે છે.

`Life is a mystery and it is to remain mystery for ever.' જીવન એક રહસ્ય જ છે અને રહસ્ય જ રહેશે. માનવીની કુતૂહલતા એને જીવનના રહસ્યને ભેદવા માટે મજબૂર કરે છે અને કંઈક અંશે તે એમાં પાર પણ ઉતરે છે. પણ એ જે સમજાયું છે તે અર્ધ સત્ય છે. આજે આપણે જીવનની વ્યાખ્યા શોધીએ છીએ તો સમજાય છે કે જીવન એ શું છે સુખની શોધ કે સત્યની શોધ ત્યારે દરેકનો અંતરઆત્મા જવાબ આપે છે કે જીવન એ સત્યની શોધ છે અને આપણું કર્મ સુખની દિશા તરફનું છે. જાણ્યે અજાણ્યે જીવન સુખની શોધ બની ગયું છે. આપણી સર્વ પ્રવૃત્તિ સુખ પ્રાપ્તિ માટે કે દુઃખ મુક્તિ માટે હોય છે. આપણે એ પણ જાણીએ છીએ કે સુખની ઇચ્છા એ જ દુઃખનું કારણ છે છતાં પ્રત્યેક માનવીનું કર્મ સુખની શોધમાં છે. આ જ છે જ્ઞાન અને ભાવનો ભેદ. હું જાણું છું મારે સત્યની શોધમાં રત થવાનું છે અને સુખની

**આ અંકના સૌજન્યદાતા**
**શ્રીમતી દીનાબેન ચેતનભાઈ શાહ**
**અને**
**શ્રી ચેતનભાઈ નવનીતલાલ શાહ**
**પુણ્ય સ્મૃતિ**
**માતુશ્રી હીરાલક્ષ્મી નવનીતલાલ શાહ**

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬
● ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોષી. ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. No. બૅન્ક ઑફ ઈન્ડિયા CD A/c. No. 0039201 000 20260
● Website : www.mumbai-jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

શોધમાં મસ્ત છું. આ અવસ્થામાં મને કઈ રીતે સમજ આવશે? કારણ સત્યની શોધ એ જ્ઞાન છે અને સુખની શોધ એ ભાવ છે. આ બંને જ મારી અનુભૂતિથી કેન્દ્રિત છે તો હું કોઈ એકને કઈ રીતે અતૃપ્ત રાખી શકું! આ પ્રશ્નથી જ આરંભ થાય છે કે ભાવે ભજું કે જ્ઞાને ધરું, કઈ દિશે હું આગળ વધું! તત્ત્વજ્ઞાન, ધર્મ અને અધ્યાત્મને સૈદ્ધાંતિક આધાર આપે છે. કોઈ પણ ધર્મનું તત્ત્વજ્ઞાન તે ધર્મના અનુયાયીઓની જીવનશૈલીને, તેમની વિચારધારાને પ્રભાવિત કરે જ છે. તત્ત્વજ્ઞાન વિના ધર્મ અને અધ્યાત્મ બંને પાંગળા છે. તત્ત્વજ્ઞાનના પાયા પર જ ધર્મ અને અધ્યાત્મ વધુ તેજસ્વી બને છે. અધ્યાત્મ એ પરમ સત્યને પામવાની વિદ્યા છે. અધ્યાત્મ ધર્મનો આત્મા છે, ધર્મનું કેન્દ્રસ્થ તત્ત્વ છે. જીવનનું કેન્દ્ર ધર્મ છે અને ધર્મનું કેન્દ્ર અધ્યાત્મ હોવું જોઈએ. પણ ઘણીવાર આપણે આ જ અધ્યાત્મ અને ભાવ વચ્ચે ગોથું ખાઈ જઈએ છે. એક નાનું ઉદાહરણ જોઈએ તો –

સમુદ્રમાં બે માછલી રહેતી હતી. એકવાર એક માછલી બીજીને પૂછે છે કે આ માનવી અહીં ફરવા આવે છે તેઓ અનેકવાર સમુદ્ર અંગે વાતો કરતા હોય છે. આ સમુદ્ર શું છે? બીજી માછલી જે મોટી છે તે જવાબ આપે છે કે માનવજાતને અનમેળ વાત કરવાની ટેવ પડી ગઈ છે. સમુદ્ર જેવું કંઈ છે જ નહીં અને એ તો માણસોએ ફેલાવેલી એક અફવા છે. આપણે આ અફવાના ભોગ બનવું નહીં. આપણી હાલત આ માછલીઓ જેવી જ છે. સમુદ્રમાં રહેવા છતાં એ જેમ સમુદ્ર વિશે જાણતી નથી તેમ જ આપણે પણ જીવન વિશે બધું કાંઈ જાણતા નથી. ઠાકુર શ્રી રામકૃષ્ણ દેવ કહે છે કે સત્ય એ તો સાકરના મોટા પહાડ જેવું છે અને જ્ઞાની પુરુષો 'કીડી' જેવા છે. જેમ કીડી સાકરના પહાડને પોતાના દરમાં લઈ ન શકે તેમજ સત્યને સાંગોપાંગ પામી શકાતું નથી.

તો હવે પ્રશ્ન એવો જન્મે છે કે જ્ઞાન પૂર્ણ રીતે પામી શકાતું ન હોય તો ભાવનો આશરો લેવાય? પણ આ વાત જેટલી સરળ લાગે છે એટલી સરળ નથી. આપણા ભાવસંતોષ પાછળ આપણી વૃત્તિ કારણભૂત હોય છે. જે કાર્ય કરીએ છીએ તેની પાછળ આપણી આઠેક અપેક્ષાઓ હોય છે. અર્થાત્ માનવ પોતાની સઘળી વૃત્તિ અને પ્રવૃત્તિ દ્વારા આઠ તત્ત્વો શોધે છે. ૧. શાંતિ, ૨. શક્તિ, ૩. સ્વતંત્રતા, ૪. અમરત્વ, ૫. સૌંદર્ય, ૬. આનંદ, ૭. જ્ઞાન અને ૮. પ્રેમ.

આપણા આધુનિક મનોવિજ્ઞાનીઓ ફ્રોઇડ, એડલર, યુંગ, મેકડૂગલ, મેસ્લોવ વગેરેએ આ વૃત્તિઓ અને પ્રવૃત્તિઓના આઠ તત્ત્વો દર્શાવ્યા છે. અર્થાત્ આપણે જે કાર્ય કરીએ છીએ જેને વૃત્તિ કહેવાય, જેમ કે ૧. ખાનપાન (આનંદ, અમરત્વ), ૨. આધિપત્ય (શક્તિ, સ્વતંત્રતા), ૩. જીજ્ઞાસા (જ્ઞાન), ૪. આરામ અને શાંતિ (શાંતિ), ૫. કીર્તિ (અમરતત્વ, પ્રેમ), ૬. સુખ-સુવિધા (અમરતત્વ, પ્રેમ), ૭. જાતીય વૃત્તિ (આનંદ, પ્રેમ, સૌંદર્ય), ૮. જીવવાની (અમરતત્વ).

આપણી અનેકવિધ પ્રવૃત્તિ આ આઠ તત્ત્વોની આસપાસ ફરે છે અને પુરુષાર્થ પણ એ જ દિશાનો રહે છે. પણ જે મેળવવા ઇચ્છીએ છીએ એ કઈ રીતે મળે? આત્માને સમજવાથી જ આ આઠ તત્ત્વો તેના યથાર્થ રૂપે મળી શકે.

ભાવ અને જ્ઞાનમાં સુખ અને સત્ય જેટલો જ ફેર છે. સત્યને સંબંધ જ્ઞાન સાથે છે અને સુખનો સંબંધ ભાવ સાથે. સત્ય આપણું મૂળભૂત આત્મસ્વરૂપ છે, જે અનેક રૂપે વ્યક્ત થાય છે. જ્યારે બીજી તરફ સુખ જે ભાવ છે ઇચ્છિત પદાર્થ, વ્યક્તિ કે પરિસ્થિતિની પ્રાપ્તિ અને અનિચ્છિત પદાર્થ. વ્યક્તિ કે પરિસ્થિતિમાંથી મુક્તિ થાય ત્યારે ચિત્તમાં જે અનુકૂળ સ્થિતિ અનુભવાય છે, તે સુખ છે. આ જે ભાવ છે તે ક્ષણિક અને ભ્રમિક અવસ્થા છે, અને આપણે એ જાણીએ પણ છીએ છતાં આપણી દોડ એની જ પ્રાપ્તિમાં લાગેલી હોય છે.

જ્યારે મહાવીરે કૈલાશ શિખર ઉપર મુકામ કર્યો હતો ત્યારે ધૂમ્ર મનુષિએ સવાલ પૂછ્યો હતો કે કર્મ કરવાથી મુક્તિ થાય કે જ્ઞાનથી મુક્તિ થાય છે? ત્યારે પ્રભુ તેના ઉત્તરમાં કહે છે કે સત્કર્મ સ્થિતિ, પુણ્ય કર્મ અને મોક્ષનાં કર્મ એ બે પ્રકારનાં કર્મમાં છે. સત્કર્મ કરતાં હૃદયની શુદ્ધિ થાય છે અને હૃદયની શુદ્ધિ થતાં જ્ઞાન પ્રગટે છે. તેથી જ્ઞાન અને ક્રિયા બંનેથી મુક્તિ થાય છે. આસક્તિ વિના સ્વાધિકારે સત્કર્મ, સત્ક્રિયા, સત્ય વૃત્તિ કરવાથી હૃદયની શુદ્ધિ થાય છે અને તેથી આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે. પરિણામે સંપૂર્ણ કેવલજ્ઞાન પ્રગટે છે અને આત્મા પરમાત્મા બને છે.

જ્ઞાન અને આનંદ સદાકાળ આત્મામાં છે પણ જ્યાં સુધી મનમાં મોહ વર્તે છે ત્યાં સુધી આત્મા પોતે પોતાનો આનંદ અને જ્ઞાનનો પ્રકાશ જોઈ શકતો નથી. મોહ દૂર થયા પછી જ જ્ઞાન પહોંચે છે.

જ્યારે ભાવની વાત આવે ત્યારે સ્વાભાવિકતાથી જ મીરા યાદ આવે. શુદ્ધ પ્રેમ અને રસિક ભક્તિ આનંદ જન્માવે છે. પ્રેમથી જ દયા, ધર્મ, સેવા, ભક્તિ પ્રગટે છે. કૃષ્ણ અને ગોપીના ભાવ

તા. ૧લી એપ્રિલ ૨૦૧૬ થી પરદેશ માટેના લવાજમના દર નીચે પ્રમાણે રહેશે.

**૧ વર્ષના લવાજમના $ 30 ● ૩ વર્ષના લવાજમના $ 80 ● ૫ વર્ષના લવાજમના $ 100 ● ૧૦ વર્ષના લવાજમના $ 200/-**

વાર્ષિક લવાજમ આપશ્રી **$ (ડોલર)** માં મોકલાવો તો **$ પાંચ બેંક ચાર્જિસ** ઉમેરીને મોકલશો.

**ભારતમાં વાર્ષિક લવાજમ રૂ. ૨૦૦ ● ત્રણ વર્ષનું લવાજમ રૂ. ૫૦૦ ● પાંચ વર્ષનું લવાજમ રૂ. ૯૦૦ ● દસ વર્ષનું લવાજમ રૂ. ૧૮૦૦**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c No. : બૅન્ક ઑફ ઈન્ડિયા CD A/c No. 003920100020260.

ઉતારવાની વાત છે.

દૃષ્ટિ એટલે દર્શન અને દર્શનનો સામાન્ય અર્થમાં દેખવું થાય છે.

'ઊઠ જાગ મુસાફિર ભોર ભઈ,
અબ રૈન કહેં જો સોવત હૈ!'

આપણે ત્યાં અર્થની સમજણમાં અનેક જાતના ભ્રમો પ્રવર્તે છે. આ ભ્રમ નિવારવાની વાત છે, નહીં કે નિદ્રાત્યાગની.

ગીતામાં કહ્યું છે કે,

या निशा सर्वभूतानां तस्या जागर्ति संयमी।

જે સંયમી પાસે સાચી સમજ છે તે જ ભ્રમથી મુક્તિ પામે છે. પણ એ માટે એ માર્ગ સૂઝાડવાનું કાર્ય ભાવ કરે છે. મનમાં ભાવ જન્મે પછી જ એ માર્ગે આગળ વધી શકાય છે. તત્ત્વજ્ઞાન અને આચાર ઉભયની મર્યાદાને સ્વીકારે છે. જે અનેકાંતવાદની આપણે વાતો કરીએ છીએ, જે જૈન તત્ત્વજ્ઞાનનો મૂળ પાયો છે, તેનો અર્થ રાગદ્વેષથી અલિપ્ત રહેવા કહે છે.

એક તરફ જ્ઞાનનું મહત્ત્વ છે – બીજી તરફ ચાર ભાવનાનું પણ મહત્ત્વ છે. મૈત્રી, પ્રમોદ, માધ્યસ્થ અને કરુણા એ ચાર ભાવનાઓ છે.

હવે મૂળ વાત જોઈએ તો પ્રકૃતિમાં પ્રતિબિંબિત થયેલા આત્માના આનંદની મોજથી અર્થાત્ ભોગથી માનવી જીવનની કૃતાર્થતા પામી શકે નહીં. આ અવસ્થામાં પરમાનંદને પામવાનો પ્રયત્ન પ્રતિબિંબિત અગ્નિ દ્વારા ઉષ્ણતાની પ્રાપ્તિની પ્રયત્ન જેવો વ્યર્થ છે. જીવનમાં પાર વિનાની સમસ્યા છે – અને ઇચ્છાઓ સમસ્યા વધારવાનું કાર્ય કરે છે.

માનવી સતત દોડે છે ક્યાંક પહોંચવા માટે, માનવી સતત શોધે છે કશું મેળવવા માટે, માનવી પ્રયત્ન કરે છે કશું બનવા માટે અને કશુંક પામવા માટે. ટૂંકમાં માનવીના વર્તનની પાછળ કોઈ ને કોઈ ઇચ્છા કામ કરતી હોય છે. આ ઇચ્છાઓ માનવીના વર્તનને કંટ્રોલ કરે છે.

ઇચ્છા અભાવ તરફ દોરે છે, અપૂર્ણતાનું ભાન કરાવે છે. અભાવ કોઈ વિધાયક તત્ત્વ નથી. અભાવનું સ્વરૂપ નિષેધાત્મક છે. અભાવનો અનુભવ કાલ્પનિક છે. અને માટે મનુષ્યે કાલ્પનિક અભાવમાંથી મુક્ત થવાનું છે, અને એ જ અવિદ્યામાંથી મુક્તિ પામવાનું છે. એ જ અજ્ઞાન નિવારણ છે. અધ્યાત્મ દ્વારા જ આ કલ્પનામાંથી મુક્ત થવાય છે.

હેતુસ્થ અભાવગ્રંથિનું મૂળ અનાત્મભાવમાં છે. આત્મા સ્વરૂપથી પૂર્ણ હોવા છતાં અજ્ઞાનવશ તે સ્વરૂપમાંથી ચ્યુત થાય છે. અને અજ્ઞાનને કારણે સ્વરૂપમાંથી ચ્યુત થાય છે.

ટૂંકમાં, દુઃખનું કારણ ઇચ્છા, ઇચ્છાનું કારણ અભાવગ્રંથિ, અને અભાવગ્રંથિનું કારણ સ્વરૂપચ્યુતિ. જો પુનઃ સ્વરૂપ ધારણ કરવું હોય તો પુનઃપ્રાપ્તિ.

આત્મા એ અસ્તિત્વનું કેન્દ્ર છે. કેન્દ્ર તરફની ગતિ તે અધ્યાત્મ છે. અને જે કેન્દ્ર તરફ પહોંચાડે છે તે અધ્યાત્મ વિદ્યા છે.

તેથી ગીતામાં કહ્યું છે :

અધ્યાત્મવિદ્યા વિદ્યાનામ્।

'સર્વ વિદ્યાઓમાં હું અધ્યાત્મવિદ્યા છું.'

આત્મા દર્શનીય, શ્રવણીય, મનનીય અને ધ્યાન ધરવાને યોગ્ય છે. આત્માના દર્શન, શ્રવણ, મનન અને વિજ્ઞાનથી જ જ્ઞાનપ્રાપ્તિ થાય છે.

ભારતીય અધ્યાત્મ પથમાં દરેક વિચારો અને સ્વરૂપોને આપણે માન્યતા આપી છે. વૈદિક પરંપરામાં અધ્યાત્મ પથના ત્રણ તબક્કા આપવામાં આવ્યા છે.

૧. કર્મકાંડ, ૨. ઉપાસનાકાંડ, ૩. જ્ઞાનકાંડ. તબક્કા એટલે જ કાંડ.

**કર્મકાંડ**

અધ્યાત્મ માર્ગનું આ પ્રથમ સોપાન છે. આને પ્રયોગ અવસ્થા પણ કહેવાય છે. આમાં પૂજા-પાઠ, તીર્થયાત્રા, સ્વાધ્યાય, વ્રત-ઉપવાસ, ધાર્મિક ઉત્સવો વગેરે આવે. આ બહિર્‌રંગ પ્રક્રિયા છે. અહીં અનુભવની અવસ્થા છે.

To Do – કરવું –એ આનો મુખ્ય મંત્ર છે.

**ઉપાસનાકાંડ**

બાહ્ય ક્રિયા કઈ રીતે આત્માને સ્પર્શે છે અને ભાવ ઉત્પન્ન થાય છે અને પછી અહીં ચિંતન, ધ્યાન, જપ વગેરે આવે છે.

To Feel – અનુભવની અવસ્થા છે.

**જ્ઞાનકાંડ**

અંતે બહિર્‌રંગ અને અંતરંગ

## માર્ચ ૨૦૧૭નો વિશિષ્ટ અંક

## 'શ્રીમદ્ રાજચંદ્ર' વિશેષાંક

સર્વ જીવો પ્રત્યે જેનો વિશ્વવ્યાપી પ્રેમ હતો, એવા આશ્ચર્યમૂર્તિ સમા શ્રીમદ્ રાજચંદ્ર, જેમણે નાની વયે અવધાનના પ્રયોગો કરી બતાવ્યા, એવા મહાન યુગપુરુષ પર વિશેષાંક

**'શ્રીમદ્ રાજચંદ્ર' વિશેષાંક**

શ્રીમદ્ રાજચંદ્ર પાસે મહાત્મા ગાંધીજીએ સત્ય અને અહિંસાનું બળ મેળવ્યું હતું.

સંપાદક :
**વિદ્વાન શ્રી ડૉ. અભય દોશી**

**પ્રભાવના માટે ઇચ્છિત નકલો માટે સંઘની ઑફિસમાં ૦૨૨-૨૩૮૨૦૨૯૬ ઉપર સંપર્ક કરવા વિનંતી. ૧૦૦ થી વધુ નકલોનો ઑર્ડર હશે તો અંકમાં પ્રભાવનાકારનું નામ છાપી શકાશે.**

**એક નકલની કિંમત રૂ. ૮૦/-**

*'શ્રુત જ્ઞાનની આરાધના એ જ સાચું તપ.'*

–તંત્રી

પછી

To do અને To feel – પછી

To know ની અવસ્થા છે–જે To be સુધી લઈ જાય છે. ધ્યાન, સમાધિ વગેરે ક્રિયા જડી આવે છે. આ અવસ્થામાં આત્માની ઓળખ થઈ ગઈ છે અને આ જ અવસ્થા પરમ સાધના સુધી લઈ જશે.

અધ્યાત્મ પંથની અનંત યાત્રા છે, એને પામવાના અનેક માર્ગો છે. પ્રત્યેક વ્યક્તિ પરમાત્માનું વિશિષ્ટ સર્જન છે તેથી પ્રત્યેક વ્યક્તિની જીવન પદ્ધતિ અને સાધના પથ વિશિષ્ટ રહેવાનો.

માનવીએ પોતાના પ્રિય ક્ષેત્રને અધ્યાત્મ માર્ગમાં પલટાવાનું છે. જે અને છે તેને એ અવસ્થાએ લઈ જાઓ જ્યાં આત્મા અને પ્રિય બાબતનો સુમેળ સર્જાય. કશું છોડવાનું નથી પણ જે છે તેને સમજવાનું છે, જે છે, તે જ માત્ર છે અને તે અનંત છે, એ ભાવથી મુક્તિ મળી જાય તો કેવું સારું!

અધ્યાત્મનો અર્થ ત્યાગ નથી. આત્મામાં બધું જ છે. જ્ઞાન, પ્રેમ, શક્તિ, આનંદ, સૌંદર્ય, સ્વાતંત્ર્ય, અમરત્વ, શાંતિ વગેરે.

અધ્યાત્મવિકાસ જીવનના વિકારના મંદિર પર સુવર્ણ કળશને આરોપણ કરે છે.

રવીન્દ્રનાથ ટાગોર અને અરવિંદની મૈત્રી ભેટવા ઉઠાવેલા હાથો ચરણોમાં ઢળી પડે છે અને તેઓ અરવિંદ વિશે એક કાવ્ય લખે છે :

**શ્રી અરવિંદ! રવીન્દ્રેર લય પ્રણામ!**
**ભેટાઈલે ઉઠિલે આમાર દ્વયહસ્ત**
**પ્રણામ મુદ્રય એક મિત્ર હીય ગમે!**
**શ્રી અરવિંદ! રવીન્દ્રેર લય પ્રણામ!**

ભાવ, જ્ઞાન પાસે શિષ્યાવસ્થા ધારણ કરી લે પછી આત્મપથ રાજપથ બની જાય છે.

**કીડી સમી ક્ષણોની આ આવજાળ શું છે?**
**મારું સ્વરૂપ શું છે, મારો સ્વભાવ શું છે?**
**ફંગોળી જાઉં શબ્દો ને મૌનને ફગાવું**
**નીરખી શકું જો શું છે હોવું, અભાવ શું છે?**
**હર શ્વાસ જ્યાં જઈને ઉચ્છ્વાસને મળે છે,**
**સ્થળ જેવું નથી તો ઝળહળ પડાવ શું છે?**

બધા જ પ્રયત્નો સમજવાના છે. જ્યારે સમજાઈ જશે ત્યારે આ શબ્દો પણ જરૂરી રહેશે ખરા?

☐ **સેજલ શાહ**
sejalshah702@gmail.com
Mobile : +91 9821533702

# અંતરની અમીરાત

પૂજ્ય શ્રી ધનવંતભાઈની કલમે લખાયેલા લેખોનું સંપાદન કરવાની તક આપવા બદલ હું 'પ્રબુદ્ધ જીવન' અને ડૉ. સેજલબેન શાહની આભારી છું. શ્રી ધનવંતભાઈના તંત્રી સ્થાનેથી લખાયેલા લેખો ફરી ફરી વાગોળ્યા અને તેમની 'અંતરની અમીરાત'ને ફરી ફરી માણતા હું પણ અંતરથી વધુ ધનિક બની છું. શ્રી ધનવંતભાઈને ગયાને વર્ષ પણ વિતી ગયું પરંતુ તેમના લખાણ દ્વારા તેઓ આપણી સ્મૃતિમાં શબ્દ રૂપે હાજર હતા.

શ્રી ધનવંતભાઈને હું વર્ષોથી 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી, શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મંત્રી તથા વ્યાખ્યાનમાળાના પ્રમુખ તરીકે ઓળખતી હતી.

મારા પતિ શ્રી નીતિન સોનાવાલા જ્યારથી શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપપ્રમુખ બન્યા ત્યારથી તેઓને હું ધનવંતભાઈ તરીકે ઓળખતી થઈ.

સવારના ફોનની ઘંટડી વાગે અને સામે છેડેથી જ્યારે તેમનો સૌમ્ય અવાજ સંભળાય ત્યારે મનોમન તેમને પ્રણામ થઈ જાય. તેઓ તુરંત મને કહે 'કેમ છો બેન? શું નવું લખ્યું? લખવાનું ના છોડતા.' બસ મારે માટે તો આ શબ્દો ઑક્સિજન સમા હતા. પ્રેરણાદાયક હતા. મારા કવિતાના પુસ્તકની પ્રસ્તાવના આટલા વ્યસ્ત હોવા છતાં લખી આપવા બદલ હું કાયમની એમની ૠણી રહીશ.

તેમનામાં બીજાના ગુણો પારખવાની બેજોડ શક્તિ હતી. 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તરીકે આપણને ડૉ. સેજલબેન શાહ મળ્યા તે તેમની પારખુ નજરની કમાલ છે.

સ્વયં તો સાહિત્યની સેવા કરતાં જ રહ્યા પરંતુ અન્યને પણ તે કરવાની પ્રેરણા આપતા હતા. ચારે બાજુ પુસ્તકોથી ઘેરાયેલા શ્રી ધનવંતભાઈને ઘરે જઈએ ત્યારે આવેલા મહેમાનને ચહા ક્યાં આપવી, ક્યાં મૂકવી તે સ્મિતાભાભી માટે મોટો પ્રશ્ન હતો.

મા સરસ્વતીના ચાહક શ્રી ધનવંતભાઈ જ્યાં પણ હશે ત્યાં અક્ષર અને શબ્દોની દુનિયામાં ખોવાયેલા જ હશે.

આભાર.

પૂજ્ય શ્રી ધનવંતભાઈની કલમે લખાયેલા તેમના તંત્રી લેખોના બે પુસ્તકો **'વિચાર મંથન'** અને **'વિચાર નવનીત'** શ્રી મુંબઈ જૈન યુવક સંઘની ઑફિસેથી મળી શકશે. તેમના મૌલિક વિચારનું મંથન કરી વિચારોના નવનીતનું આપણે સૌ આસ્વાદ કરીએ.

☐ **દીપ્તિ સોનાવાલા**

# પદ્મભૂષણ સન્માનીત રાષ્ટ્રીય સંતપુરુષ શાસન પ્રભાવક સાહિત્યસમ્રાટ પ.પૂ.આ.ભ. શ્રી રત્નસુંદરસૂરિને કોટિ કોટિ વંદન

તેણં કાલે તેણં સમયે પ્રભુ મહાવીર સ્વામીના શાસનમાં અનેક મહર્ષિઓ, પૂર્વધરો, જ્ઞાની ભગવંતોને રાજકીય સન્માન મળેલું છે. પ.પૂ.આ.ભ. ભદ્રબાહુસ્વામી, પ.પૂ. હીરસૂરીશ્વજી મ. સા., પ.પૂ. શાંતિસૂરીશ્વજી, પ.પૂ. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય આદિ અનેક નામો શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. જેમણે રાજા મહારાજાઓ તરફથી સન્માન અને યોગદાન પ્રાપ્ત કર્યા છે.

આજના દ્રવ્ય ક્ષેત્રકાળ ભાવ પ્રમાણે જૈન સંઘ માટે ગૌરવની વાત છે કે ભારત સરકાર તરફથી ૭ જણને જણાવેલા પદ્મભૂષણ એવોર્ડમાં આ.ભ. રત્નસુંદરજીસૂરીશ્વજીની પસંદગી થયેલી છે. ધન્ય હો મુનિરાજને.

ટી.વી. ઈન્ટરવ્યુમાં ગુરુદેવને પૂછવામાં આવ્યું કે આ સન્માનની જાહેરાત પછી આપશ્રી રાષ્ટ્રને શું સંદેશો આપશો?

ગુરુભગવંતના ઈન્ટરવ્યુનો સારાંશ ત્રણ શબ્દોમાં સાફ, માફ અને યાદ. સમાજના તમામ અનિષ્ટો હિંસા, આતંકવાદ, કરચોરી, ભ્રષ્ટાચાર, વ્યભિચાર, લાંચરૂશ્વત વગેરે ગંદકીને સાફ કરો અને રાષ્ટ્રને ચોખ્ખું કરો.

નીચલા સ્તરના લોકોના પરિસ્થિતિવશ નાના-નાના ગુનાઓ માફ કરી તેમને સન્માર્ગે લાવવા પ્રયત્ન કરો. તેમને ઘૃણાથી ન જુઓ, તિરસ્કાર ન કરો અને રાષ્ટ્રમાં સજ્જનોની વસ્તી વધારો. રાષ્ટ્રના વિકાસ માટે ગરીબી ઓછી કરો. જેના જેના જીવનમાં જેણે ઉપકાર કર્યા હોય તેને યાદ કરો. તેમના જીવનમાંથી પ્રેરણા મેળવો. રાષ્ટ્રહિતમાં યોગદાન આપનારા મહાપુરુષોને હંમેશા યાદ રાખો.

જ્યારે પૂછવામાં આવ્યું કે પ્રભુ મહાવીરના પ્રેમ અને અહિંસાના સિદ્ધાંતને રાષ્ટ્ર માટે કેવી રીતે ઉપયોગમાં લેવો જોઈએ.

હું રાષ્ટ્ર એટલે સર્વે જીવો વિષે વિચારૂં છું. માનવો, પશુઓ, પક્ષીઓ, કીટાણુઓ તમામ જીવ સૃષ્ટિ અને કોઈને પણ દુઃખ થાય એવી મન વચન કાયાની હિંસાથી દૂર રહો. અહિંસા કરતાં પ્રેમનો સંદેશ વધુ મહત્ત્વનો છે. દરેક જીવ પ્રત્યે પ્રેમ-લાગણી-હિતબુદ્ધિ રાખવાથી હિંસાનો વિચાર જ નહીં આવે અને સંઘર્ષ ઝઘડા લડાઈઓ વગેરે આપોઆપ અદૃશ્ય થઈ જશે. દરેકના વિચારને પ્રેમપૂર્વક સાંભળો. માનો પુત્ર ઉપર પ્રેમ હોવાથી ઘરમાં હિંસા જોવા મળતી નથી. દુનિયાના દરેક જીવને પ્રેમ આપો.

ગરીબી ઓછી કરો.

નબળા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવાથી હોંશિયાર બને છે.

દરેકને જીવવાનો અધિકાર છે. સર્વેને બચાવવાનો રાષ્ટ્રને અનુરોધ છે.

કોઈ રોગ, કોઈ વાસના સાફ કરો. પરિચિતો પ્રત્યે હિંસાભાવ દ્વેષભાવ વેરભાવ દૂર કરવા માફ કરો.

ઈન્ટરવ્યુના પ્રશ્નનો જવાબ આપ્યો કે તમને પુરસ્કાર મળ્યાની જાહેરાત જાણ્યા પછી કેવી લાગણી થાય છે.

અમારા સાધુ જીવનમાં આવા પ્રસંગોથી કોઈ વિશિષ્ટ લાગણી થતી નથી. મારા રોજના સાધુ જીવનની ક્રિયા જેમ કરતો હતો તેમ ચાલુ છે. આ સન્માન વૈશ્વિક માહોલમાં અધ્યાત્મના સંદર્ભમાં મળ્યું છે. મને તો શાળામાં કદી ૫૪% માર્ક્સ પણ મળ્યા નથી. હું ઘણી મુશ્કેલીએ મેટ્રીક પાસ થયો છું. કૉલેજના પગથિયા પણ ચડ્યો નથી. માત્ર દેવ ગુરુ ધર્મની કૃપાથી જ આ સન્માન મળ્યું છે. આ મારી શ્રદ્ધા જ છે તેમાં તર્કને કોઈ સ્થાન નથી. મારો અનુભવ જ છે. ગોળમાં મીઠાશ કેમ છે, એનો તર્ક હોય નહીં. ગોળ ચાખો એટલે ગળ્યો જ લાગે. અનુભવથી જોવાનો. ભલે બધા બુદ્ધિમાનો મને ઓર્થોડોક્સ માને પણ મારી આ શ્રદ્ધાનો અનુભવ છે.

રાહુલ ગાંધી, સોનિયા ગાંધી, લાલકૃષ્ણ અડવાણી, સુષ્મા સ્વરાજ બધાને જે જે વાતો કરી છે તેમણે ગંભીરતાથી વાતો સાંભળી છે, સ્વીકારી છે તેનો આનંદ છે. મારી સાથે થયેલી વાતચીતના વચનો અનુસાર રાજકારણીઓ વર્ત્યા છે, મને તેનો આનંદ છે.

મારે કાંઈ દિલ્હી જવાની ઇચ્છા નથી. હું ચાર વર્ષ દિલ્હીમાં રહ્યો ત્યારે બધા રાજકીય નેતાઓએ મારો સત્કાર કર્યો છે. મને બધાનો સારો અનુભવ છે. મેં જે જે વાતો ખુલ્લા મનથી કરી છે તે બધી વાતો તેમણે સાંભળી છે. સ્વીકારેલી છે. હજુ ઘણા કામ કરવાના બાકી છે. ગુરુની આજ્ઞા મળશે તો હું દિલ્હી જઈશ.

એવોર્ડ મળ્યા પછી પણ મારું સાહિત્ય સર્જન ચાલુ રહેવાનું છે.

જેમ સૂર્યને કોઈ એવોર્ડ મળતો નથી, એનો પ્રકાશ મળતો જ રહે છે તેમ હું મારું કાર્ય જનહિત માટે, સંઘ માટે, રાષ્ટ્રકલ્યાણ માટે કરતો જ રહીશ. આ રાજકીય સન્માનથી ફરક એટલો પડશે કે મારા કામ સરળ બનશે. જેમ પ્રવેશ કાર્ડ મળે અને પ્રવેશ તુરત મળી જાય તેમ આ રાજકીય સહકારને લીધે મારા અટકતા કાર્યો સરળ બનશે.

આવા મહાન સંતને જૈન સમાજ એમના એવોર્ડને બિરદાવે અને સંઘના, રાષ્ટ્રના ઉત્કર્ષ માટે કાર્યો કરી એમના જીવનને ઉજ્જવળ બનાવે એવી પ્રાર્થના.

**ડૉ. પ્રવીણભાઈ સી. શાહ**
**ડૉ. છાયાબેન પી. શાહ**
૯૪, લાવણ્ય સોસાયટી, વાસણા,
અમદાવાદ-૩૮૦૦૦૭.
(મો) ૯૯૯૮૩૩૬૯૯૨.

# પ્રતિક્રમણ : વગડાનું ફૂલ કે બગીચાનું 'ડિઝાઈનર ફૂલ?'

☐ ડૉ. સર્વેશ પ્ર. વોરા

માબાપે સખત મહેનત કરી, ભણાવી, ગણાવી ને દીકરાને અમેરિકા મોકલ્યો. લગ્ન કરાવ્યાં. દીકરો ખૂબ જ 'બિઝી' થઈ ગયો. માતા માંદી પડી. છેલ્લા શ્વાસ ચાલે. વૃદ્ધ બાપે દીકરાને સંદેશ મોકલ્યો: 'તારી માવડી ખૂબ બીમાર છે, મળવા આવ. 'બિઝી' દીકરો આવ્યો નહીં. 'ગેટ વેલ સુન' કાર્ડ મોકલી દીધો. સમય પસાર થતો ગયો. માતાએ ચિરવિદાય લીધી. વૃદ્ધ પિતા સતત બીમાર રહેતા હતા. અમેરિકાની જીવનશૈલી અને હૂંફનો ખાલીપો કોઈ હિસાબે માફક ન આવે. છેવટે એમણે પણ દેહ છોડ્યો. પડોશીઓએ મેસેજ કર્યો. 'જલ્દી આવો પિતાજીની અંતિમ ક્રિયા તો અમે પતાવી દીધી છે, હવે જૂનાં ઘરની કાયદેસર પતાવટમાં સહી સિક્કા માટે આવો તમારી રૂબરૂ અનિવાર્ય જરૂર છે.' ખૂબ 'બિઝી' રહેતા સુપુત્ર મારતે વિમાને ભારત આવ્યા. અમેરિકામાં એમનાં પત્ની સુવાવડ માટે હૉસ્પિટલમાં હતાં. ભારતનાં એરપોર્ટ પર પગ મૂકતાં મેસેજ મળ્યો. 'કોન્ગ્રેચ્યુલેશન્સ, યુ હેવ બિકમ ફાધર'...

માત્ર આ શબ્દો પિતા બનવા માટે 'અભિનંદન' અને 'બિઝી' યુવાનની આંખો ખુલી ગઈ. આંખોમાંથી અશ્રુધારા વહી નીકળી. વૃદ્ધ માતા-પિતા નજર સામે તરવરી ઉઠ્યાં...એક ક્ષણ અને પોતે 'પિતા' બનવાની સભાનતા સાથે પોતે વૃદ્ધ માતાપિતા પ્રત્યે બતાવેલ જડતા, સંવેદનવિહીનતા...આંસૂ રૂપે વહી નીકળી.

આ 'પ્રતિક્રમણ'ની ક્ષણ હતી.

કોઈ જ 'બ્રાન્ડ' વિનાનું પ્રતિક્રમણ...

ના જૈનનું...ના વૈષ્ણવનું...ના ખ્રિસ્તીનું...ના સ્થાનકવાસીનું..ના દેરાવાસીનું...

આપણે નાશવંત અને ક્ષણિકથી છૂટવાનાં પ્રતિક્રમણની વાત પછી કરશું. 'હું અવિનાશી, શુદ્ધ સ્વરૂપી આત્મા છું' એ કક્ષાના પ્રતિક્રમણની વાત, પ્રતિક્રમણનાં શાસ્ત્રીય વિધિ વિધાનની વાત પછી કરશું, પણ 'હું' પશું નથી, માણસ છું, હું કોઈ 'બ્રાન્ડ' ધારી, આ 'પારકાં' આ 'પોતાના'ની લોખંડી ભ્રમણા ધરાવતો સાંપ્રદાયિક નથી, પણ હું ઉચ્ચ સંવેદના, અન્યની સંવેદના સમજવાની ક્ષમતા ધરાવતો 'માણસ' છું, એટલું વારંવાર જાતને યાદ આવે એ પ્રતિક્રમણની વાત કરીએ.

આપણી ક્ષણિકતા કે નાશવંતતાની વાતો, અપરિગ્રહની વાતો પણ 'પહેરવાની' બની ગઈ છે. 'આર્મચેર ફિલસુફી' (આરામ ખુરશી પર બેસીને, પેટ ભરીને કરવાની વાતો!)

'પ્રતિક્રમણ'ની સંકલ્પના અદ્ભુત છે.

પરમ જ્ઞાનની કોટિએ પહોંચેલા મૂઠી ઊંચેરા મહાપુરુષોએ, વ્યક્તિત્વને માનવ બનાવવા, દેવત્વ પામવા, મુક્ત બનવા માટે 'પ્રતિક્રમણ'ની અનુભૂતિ આપણી સમક્ષ ધરી.

'સ્વસ્થાનાત્ યઃ પરસ્થાનં, પ્રમાદસ્ય વશાત્ ગતમ્

તદેવ ક્રમણં ભૂયઃ પ્રતિક્રમણં ઉચ્યતે'

પોતાની બુનિયાદી કક્ષા ભૂલીને ભટકી ગયેલો જીવ ફરી પાછો જાતનાં શુષ્ક, બુનિયાદી, પાવન સ્વરૂપ તરફ પાછો ફરે, એ 'પ્રતિક્રમણ'.

પોતે જ્યાં છે ત્યાંથી ઉચ્ચતર દશા કે કક્ષાએ જવાની શક્યતા, એની જાગૃતિનો તણખો અંદરથી જાગે એ જ પ્રતિક્રમણનો પ્રાણ છે. આપણે મુક્તિ અને શુદ્ધ આત્મસ્વરૂપની વાત પછી કરશું, પણ અન્યનાં દુ:ખ પ્રત્યે સમસંવેદન, 'પરકાયાપ્રવેશ'ની સંવેદનક્ષમતા એ એક શુદ્ધ માણસ હોવાની નિશાની છે. માણસને જ શુદ્ધ આત્મતત્ત્વની જાગૃતિ થાય, પશુને નહીં. આપણામાં પશુતા ઠાંસોઠાંસ ભરી હશે તો 'પ્રતિક્રમણ'ની શાસ્ત્રીય ફોર્મ્યુલા, કે વિધિ વિધાન કામ નહીં આવે.

**આચાર્ય ઉમાસ્વાતિ** કહે છે :

**'સમ્યગ્દર્શન જ્ઞાનચારિત્ર્યાણિ મોક્ષમાર્ગ :**

**તન્નિસર્ગાત્ અધિગમાત્ વા.'**

(સમ્યક્ દર્શન, જ્ઞાન, ચારિત્ર્ય મોક્ષમાર્ગ છે. એની ક્ષણ નૈસર્ગિક અથવા કોઈ નિમિત્તે આવે છે.)

ટી.બી.નાં જંતુ આપણાં મોટા ભાગના લોકોનાં શરીરમાં રહેલાં હોય છે. પણ કુદરતે એ જંતુઓનો સામનો કરનારી જીવનશક્તિ (વાઈટાલિટી) પણ દરેકને આપી છે. રોગિષ્ઠ જંતુઓ અને એની સામે લડીને પરાજિત કરનારી જીવનશક્તિ વચ્ચેનું યુદ્ધ આપણાં દરેકનાં શરીરમાં ચાલી રહેલું હોય છે.

બસ, બરાબર આવું જ આપણાં માનસ-શરીર, આપણાં સૂક્ષ્મ શરીરમાં ચાલતું હોય છે. એક બાજુ બંધાવાનું ખેંચાણ, બીજી બાજુ છૂટવાની ઝંખના. આ યુદ્ધમાંથી કોઈ જ બાકાત નથી. આ લખનાર અને ઉચ્ચ દાર્શનિક પ્રવચનો આપનારથી માંડીને ખરેખર સાધક દશામાં આગળ વધેલા જણ પણ ખરા!

પણ છૂટવાનો, ઉચ્ચત્તર દશામાં ગતિ કરવાનો, કોઈક ક્ષણે

સહજ રીતે થયેલો સંકલ્પ કદી જ એળે જતો નથી, નાશ પામતો નથી. વિમાનનાં બ્લેક બોક્ષ જેમ, દેહ છૂટ્યા પછી પણ, એ સંકલ્પ સાથે આવે છે. અને ગીતાજી પણ આ જ વાત કહે છે. ભગવાન મહાવીરના પૂર્વજન્મો આ બાબતની સાક્ષી પૂરે છે:

**કઈ બાર ડૂબે, કઈ બાર ઉબરે,**
**કઈ બાર સાહિલ સે ટકરા ભી આયે.**
**તલાશે તલબ મેં વો લિજ્જત મિલી હૈ,**
**દુવા કર રહા હૂં કિ મંજિલ ન આયે!**

ઈલાયચીકુમારનું ઉદાહરણ કોને ખબર નહીં હોય? પણ મહત્ત્વની વાત એ છે કે દરેકની ઉન્નતિ ઇલાયચીકુમાર માફક થતી નથી. ઇલાયચીકુમારના કોઈક જન્મના સંકલ્પની જીવનશક્તિએ કમાલ કરી! આપણી દરેકની અંદર આ આકર્ષણ અને એનાથી મુક્ત થવાની જાગૃતિનું યુદ્ધ ચાલતું જ હોય છે, અને છેવટે યુદ્ધમાં, મુક્તિનાં પ્રબળ સંકલ્પની જીત થાય છે.

જે સહજ, ખૂબ જ સહજ ક્ષણ, વર્તમાનમાંથી ઉપર ઉઠવાની એ જ ક્ષણ એટલે પ્રતિક્રમણનો પ્રારંભ, પ્રતિક્રમણનો પ્રાણ.

આ આંતરિક સંઘર્ષ અત્યંત રોચક છે કોઈ સાધક, કોઈ ચુલબુલી, મીઠડી યુવતીથી આકર્ષાય, પણ જો મુક્ત રહેવાનો એનો સંકલ્પ દૃઢ હોય તો કદાચ એ જ ખેંચાણ એને મુકિત તરફ લઈ જાય. એક સંતનું ઉદાહરણ બહુ જાણીતું છે: એમની પ્રિયતમા પાછળ પાગલ થઈને સાપને દોરડું સમજીને સાપને પકડીને ઉપર ગયા, પણ પછી પેલી સુંદર યુવતીના શબ્દોએ એમના પ્રતિક્રમણના દ્વાર ખોલી નાંખ્યા.

**તો પ્રતિક્રમણ વગડામાં ઊગતું ફૂલ છે**
**હા, તમે એ ફૂલને ઘરે લાવીને ઉછેરી શકો,**

બસ બરાબર એજ સ્થાન સાધનામાં અભ્યાસનું છે, ફોર્મ્યુલાનું છે, વિધિ વિધાનનું છે. આપણને આંતરિક પ્રગતિમાં 'બ્રાન્ડ' કે 'ફોર્મ્યુલાકરણે' જબરદસ્ત નુકશાન કર્યું છે. આપણી વફાદારી નુસખા, બ્રાન્ડ કે ફોર્મ્યુલા તરફ કેન્દ્રિત થઈ ગઈ છે. એક વાર મનમાં દૃઢ સંકલ્પ પેદા થાય, જાતના નિરીક્ષણનો, ક્ષણે ક્ષણે બનતી ઘટનાઓ અને જાતમાં ચાલતાં દ્વંદ્વમાંથી છૂટવાનો સંકલ્પ, તો એ સંકલ્પ જ બીજ બની જાય છે.હા, પછી નિયમિત અભ્યાસ એ બીજને પુષ્પમાં પરિવર્તિત કરે છે. એટલે પ્રતિક્રમણના વિધિમાં આપણો સહજ સંકલ્પ (આપણે અમુક સંપ્રદાયના છીએ એટલે દૈનિક ફરજ એમ નહીં) એકડો છે અને અભ્યાસ એ ઉપર ચઢતાં મીંડાં છે.

જે ક્ષણે ગણતરીઓ ઊંધી પડે, જે ક્ષણે જાતને જાતના પ્રતિભાવોને અલગ કરીને જોવાની ક્ષણ સાંપડે, જે ક્ષણે દુન્યવી સુખ કે સફળતા વચ્ચે પણ 'આ પણ જશે' એવી તીવ્ર પ્રતીતિ મહેસુસ થાય, જે ક્ષણે કોઈની નિષ્ફળતા કે નબળાઈ પ્રત્યે નફરતને બદલે અનુકંપા જાગે એ ક્ષણ આપણાં પ્રતિક્રમણના પ્રારંભની ક્ષણ છે. આપણે ઈચ્છીએ, આપણું વળગણ હોય એ ન મળે, ત્યારે રોદડાં રોવાને બદલે એકાન્તમાં જાતને અલગ કરીને તપાસવાનો અવસર એટલે પ્રતિક્રમણ.

આપણે પ્રતિક્રમણને કાયોત્સર્ગ અને લોગસ્સ સાથે જોડીએ છીએ. એક વાર મુક્ત થવાનો સંકલ્પ દૃઢ બને એટલે આપણે વૃત્તિઓથી સંબંધિત વળગણો અને આપણાં મૂળભૂત મુક્ત સ્વરૂપ વચ્ચેના તફાવત બાબત સભાન બનીએ. આપણા આદર્શ બદલાઈ જાય. લોગસ્સ એટલે સર્વતંત્રસ્વતંત્ર તીર્થંકરપદની સતત ઝંખના. આપણે 'પ્રતિક્રમણ'ને 'આવશ્યક' માન્યું છે. સીધું સાદું કારણ એટલું જ કે આ આંતરિક શુદ્ધિનું અનિવાર્ય સાધન છે.

એક મિત્રે પ્રશ્ન કર્યો: શુદ્ધિની વ્યાખ્યા શી? દરેક બાબતને વ્યાખ્યામાં બોધવાનો મહારોગ ઘણાં છીછરા લોકોને પીડતો હોય છે. હકીકતમાં શુદ્ધિની આખી ઘટના પૂર્ણપણેવ્યક્તિગત અનુભૂતિની જ ઘટના છે. તમે શુદ્ધ થાવ એટલે તમારા પ્રત્યાઘાત તપાસવાના...સુખ પ્રત્યે...દુ:ખ પ્રત્યે...દુન્યવી કોઈપણ લાલચ પ્રત્યે...સૌન્દર્ય પ્રત્યે...પ્રાપ્તિ થાય ત્યારે...વિરહ થાય ત્યારે...ઈર્ષ્યા પેદા થાય ત્યારે...ઈર્ષ્યાનો ભોગ બનો ત્યારે...બસ..અહીં જ 'પ્રતિક્રમણ' એક 'ક્વોલિટી કન્ટ્રોલ ટેસ્ટ' (જાત-તપાસ)નું સાધન બને. આપણને આ અનુભવો કેટલાં બાંધે છે તે તપાસવાનું...આ જ પહેલાં આવી જ ઘટના આપણને કેટલા બાંધતી હતી એ જોવાનું...આ જાત દ્વારા જાતની તુલના છે: એ અન્યને તપાસવાનું દૂરબીન નથી.

આપણે હળવા બનીએ, આપણી જાતને પહેલાં કરતાં મુક્ત થતી નિરખીએ એ આપણી પ્રતિક્રમણ-સફળતાનું પ્રમાણપત્ર છે.

અને જેના પ્રત્યાઘાતો હળવા બને એનું આખું વ્યક્તિત્વ બદલાવા લાગે. ભાવો શુદ્ધ બનવા લાગે. એકેન્દ્રિયથી પંચેન્દ્રિય જીવો પ્રત્યે આપોઆપ સમભાવ પ્રગટે.

હા, સામયિક અને પ્રતિક્રમણ ચોક્કસ વૈજ્ઞાનિક પ્રક્રિયા છે, પણ તમે અન્ય વૈજ્ઞાનિક પ્રયોગો સાથે એની તુલના કરો એ યોગ્ય નથી, કારણ કે અહીં દરેક વ્યક્તિ જુદાં જુદાં કન્ડીશનિંગ, જુદી જુદી કક્ષા, જુદા જુદા લેણાદેણીના સંબંધો સાથે આવે છે.

પ્રતિક્રમણ એક વગડાનાં ફૂલ જેમ વિકસતી, વ્યક્તિગત ઘટના છે. અન્ય વૈજ્ઞાનિક પ્રયોગો જેમ આપણે આ ઘટનાને ફોર્મ્યુલા કે વ્યાખ્યામાં બાંધી ન શકીએ.

✷ ✷ ✷

લાભ આશિષ 'એ' બિલ્ડીંગ, પહેલે માળે, ફ્લેટ ૧૦૧, ઓફ ઓલ્ડ પોલીસ લેન, રેલ્વે સ્ટેશન સામે, અંધેરી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૯.
Mob.: 09967398316.

# અમર ગ્રંથશિષ્યો

□ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

*[શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા શ્રી મહાવીર જન્મકલ્યાણકની આસપાસ ત્રિદિવસીય કથાનું આયોજન થાય છે. આ સંદર્ભમાં આગામી શ્રી બુદ્ધિસાગરસૂરિજી કથા તા. ૭-૮-૯ એપ્રિલ ૨૦૧૭ના રોજ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈના જ્ઞાનયુક્ત, ચિંતનયુક્ત, પ્રવાહી અને મર્મગામી વાણીમાં મુંબઈમાં યોજાયેલી છે. આ પ્રસંગે કર્મયોગી, ધ્યાનયોગી, જ્ઞાનયોગીય, અધ્યાત્મયોગી, મસ્ત અવધૂત અને અઢારે આલમના પૂજનીય એવા યોગનિષ્ઠ આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીના સાહિત્યસર્જનનો આલેખ રસપ્રદ બની રહેશે. –***તંત્રી** ]

વિજાપુરના કણબી પટેલના દીકરા બેચરદાસ માત્ર છ ચોપડી સુધી અભ્યાસ કરી શક્યા પણ એમની સરસ્વતીસાધના જીવનભર ચાલુ રહી. પંદર વર્ષની ઉંમરે એમણે નર્મદ-દલપત શૈલીની કવિતાથી સર્જનયાત્રાનો પ્રારંભ કર્યો. એ સમયે ડાહ્યાભાઈ નામના વડીલ મિત્રનો મોટો સાથ મળ્યો. આ ડાહ્યાભાઈ પાસે પુસ્તકોનો ભંડાર હતો. સરસ્વતીનો ચાહક એ ભંડારમાં એકલીન બની ગયો. વત્સરાજ જીજી નામના બારોટનો એમને મેળાપ થયો. બારોટને ગળથૂથીમાં કવિતાદેવી વરી હોય છે. વાતવાતમાં કવિતા રચી નાખે. આ બાળક મનમાં વિચાર કરે, કવિ દલપતરામ કેવા હશે? જીજી બારોટ તો પળમાં કાવ્ય રચી દે છે. આવાં કાવ્યો હું ન રચી શકું? અને બાળકના હૃદયમાં કવિતાની જ્યોત જાગી ઊઠી. અંતરમાં સૂતેલી કાવ્યવીણાના તાર રણઝણી ઊઠ્યા. મનમાં કંઈકંઈ ભાવો ગૂંજવા લાગ્યા. અજબગજબની ઊર્મિઓ ઊભરાવા લાગી. આપોઆપ એક કાવ્યની રચના થઈ.

*'ઓ ઇશ્વર માબાપ તું, છે તારણહાર;*
*સારો કર મુજને પ્રભુ, લે મારી સંભાળ,*
*સારી વિદ્યા આપ તું, દુર્ગુણ દોષો ટાળ;*
*કૃપા કરી મુજને પ્રભુ, ગણજે તારો બાળ.*
*જગમાં મોટો તું ધણી, તું મોટો રખવાળ;*
*સત્ય માર્ગમાં દોરજે, કરજે મુજ પર વ્હાલ.'*

આમ બાળપણમાં જ કવિતાનું ઝરણું સુંદર રીતે પ્રગટ થઈને વહેવા લાગ્યું. સાહિત્યનું સર્જન અને આત્માની સાધના એ બે એમનાં જીવનનાં મુખ્ય ધ્યેય. આ બંને ધ્યેયોનો સુમેળ કાવ્યરચનાથી થયો. કવિતાની કલા અંતરની ભાવનામાં એકરૂપ બની ગઈ.

આરંભની કવિતામાં ભાવના હતી, તો ધીમે ધીમે એમાં ઊંડાણ સધાવા લાગ્યું. માત્રામેળ અને છંદમેળની એમની કવિતા વધારે ગૌરવવંતી અને મનમોહક બની. આ બુદ્ધિસાગરજી સાધુ બન્યા પણ એમની જ્ઞાનસાધના ચાલુ રહી. સાહિત્યસર્જનનું અને કવિત્વનું ઝરણું ય વહેતું રહ્યું.

વિજાપુરના કણબી પટેલ બહેચરદાસમાંથી એ બુદ્ધિસાગર બન્યા. આચાર્ય બન્યા, યોગનિષ્ઠ કહેવાયા, સંતો, મહંતો, રાજાઓ, તવંગરો અને ભક્તોની એમની આસપાસ ઠઠ જામવા લાગી, પણ સરસ્વતીની ઉપાસનાને કદી આંચ આવવા દીધી નહીં.

એ જમાનામાં સાધુસમુદાય શિષ્યોની સંખ્યા વધારવાની પ્રવૃત્તિમાં પડ્યો હતો. જેમ વધારે શિષ્યો એમ મહત્તા વધારે. શ્રાવકો એમના સંખ્યાબળને જોઈ એમને વધુ પૂજનીય અને પ્રભાવશાળી માને. જે સાધુને ઓછા શિષ્યો એની ઓછી ભક્તિ થાય. શિષ્ય બનાવવાનો મોહ વધતો ચાલ્યો. સંખ્યા વધારવા પર નજર રહેતી તેથી પાત્રતા બહુ ઓછી જોવાતી.

એક વખત તો એવો આવ્યો કે જૈન બાળકોની સ્થિતિ જોખમમાં આવી ગઈ. બાળક કલાક-બે કલાક ન દેખાય તો માતા-પિતાના હૈયે ફાળ પડતી. એની શોધ એના ગોઠિયાને ઘેર નહિ, પણ ઉપાશ્રયમાં થતી હતી. બાળકોને સંતાડીને સાધુનો વેશ પહેરાવી દેવામાં આવતો. બુદ્ધિસાગરજી મહારાજ વિચાર કરે છે કે કરવું શું? લોકોમાં વાતો થતી હતી કે એક સાધુરાજે તો એકસો ને આઠ શિષ્યો કરવાની પ્રતિજ્ઞા કરી હતી.

બુદ્ધિસાગરજી મહારાજને આવી વાતોથી ભારે દુઃખ થતું. તેઓ વિચાર કરતાં કે આવા વગર વિચારે થયેલા સાધુઓ કઈ રીતે ધર્મપ્રવૃત્તિ કરે. એનાથી કોનું કલ્યાણ થાય. સમજીને સાધુતા સ્વીકારનાર એક સાધુ અનેકનો તારક બનશે. પોતે એવા શિષ્યો ચાહતા હતા જે સદા અમર હોય, કદી પણ વેશ છોડીને ભાગી ન જાય. ક્યારેય શાસનની અવહેલના ન કરે. સદા સહુનું કલ્યાણ કરે. એમણે મનોમન નિર્ધાર કર્યો કે પેલા પૂજનીય સાધુની માફક હું પણ એકસો ને આઠ શિષ્યો બનાવીશ, પરંતુ એ ગ્રંથરૂપે. મારી પાછળ જે સદા ચમક્યા કરે. મારા વિચારોને હંમેશાં મૂર્ત કર્યા કરે. મારી ભાવનાઓને સમાજના ખૂણેખૂણે પહોંચાડે અને જ્યાં જાય ત્યાં સહુનું કલ્યાણ કરે - આવા એકસો આઠ ગ્રંથશિષ્યો તૈયાર કરીશ. જ્ઞાનની સાધના હતી, કવિની કલ્પના હતી, ચિંતકનું ચિંતન હતું અને પંડિતોએ વિદ્વત્તાનું દાન કર્યું હતું. વળી ગુરુદેવોના આશીર્વાદનું બળ પણ હતું. તો પછી હવે વાર શેની?

એવામાં એ સાધુરાજની કલમને વહેતી મૂકનારી એક ઘટના બની. મુનિ બુદ્ધિસાગરજીએ દીક્ષાજીવનનું પહેલું ચાતુર્માસ સુરતમાં કર્યું. આ સમયે એમના હાથમાં એક પુસ્તક આવ્યું. પુસ્તકનું નામ હતું 'જૈન ધર્મ અને ખ્રિસ્તી ધર્મનો મુકાબલો.'

એનો હેતુ જૈન ધર્મને ઉતારી પાડવાનો અને ખ્રિસ્તી ધર્મનો મહિમા બતાવવાનો હતો. જો એમાં કેવળ ખ્રિસ્તી ધર્મની મહત્તા બતાવી હોત તો મહારાજશ્રીને એની સામે કોઈ હરકત નહોતી. જો એમાં સર્વધર્મ સમભાવની વાત હોત તો પણ તેઓ તેનાં સારાં તત્ત્વોનો આદર કરત. દલીલપૂર્વક કોઈ તાત્ત્વિક વિચારણા આપી હોત તો એથી પણ એમને ખૂબ આનંદ થાત. પણ આ પુસ્તક તો કોઈ જુદા જ હેતુથી લખાયું હતું. એનો ઇરાદો સ્વધર્મની પ્રતિષ્ઠા માટે અન્ય ધર્મની નિંદા કરવાનો હતો. જૈન ધર્મને હીન દર્શાવવા માટે લખનારે પોકળ દલીલો અને જુઠ્ઠા આક્ષેપો કર્યા હતાં, શરમ ઉપજે એવી ટીકાઓ પણ કરી હતી. વળી આ પુસ્તકનો લેખક કોઈ ખ્રિસ્તી ધર્મનો અનુયાયી નહીં, પણ જિતમુનિ નામના ધર્મપલટો કરનાર સાધુ હતા. એમણે જયમલ પદમીંગ એવું નામ ધારણ કરીને આ પુસ્તક લખ્યું હતું.

સહુના દિલ ઘવાયાં હતાં. સમગ્ર સંઘમાં ખળભળાટ મચી ગયો હતો. બધાને કારી ઘા લાગ્યો હતો કારણ કે એણે જૈન ધર્મ પર સાવ ખોટા આક્ષેપો કર્યાં હતાં. પેટ ભરીને વિષવમન કર્યું હતું. આવે સમયે કોણ જાણે કેમ, પણ કોઈની જબાન ખૂલી નહીં. અંતર સહુનું સળગે, પણ જીભ પર ઉહંકારો ય ન આવે! સત્યના ચાહક મુનિરાજ બુદ્ધિસાગરજીથી આ બધું જોયું જતું નહીં. એમનું હૈયું કકળી ઊઠ્યું. જાહેરમાં ચર્ચા કરવા આહ્‌વાન આપ્યું. કહ્યું કે હું તમારા પુસ્તકના તમે કરેલાં આક્ષેપો અંગે ઉત્તર આપવા માગું છું, આપ કહો તે સમયે અને સ્થળે હાજર થઈશ.

મુનિ બુદ્ધિસાગરજીના પડકારનો કશો જવાબ ન મળ્યો. મુનિરાજ જાણતા હતા કે આવાં પુસ્તકો એ તો ચેપી રોગ જેવા કહેવાય. એને તો ઊગતાં જ ડામી દેવા જોઈએ. શ્રી બુદ્ધિસાગરજી તો પલાંઠી લગાવીને ઘૂંટણના ટેકે નોટબુકને ટેકવીને લખવા માંડ્યા. બરૂની કલમથી લખવાનું શરૂ કર્યું. રોજમેળ જેવી ડાયરીમાં એ પુસ્તકની એકેએક દલીલનો સચોટ જવાબ આપવા માંડ્યા.

કામ માથે લીધું એટલે પૂરું પાડવું જ એ તો એમનો સ્વભાવ હતો. દસ દિવસમાં તો એમણે એ લખાણ પૂરું કર્યું. હૃદયમાં સંતાપ એટલો બધો કે કલમ વણથંભી જ વહી રહી હતી અને અઢીસો પાનાંનો એક ઉમદા ગ્રંથ જોતજોતામાં લખાઈ ગયો. ક્યાંય આપવડાઈ કે પરનિંદા નહીં. લખાણનાં પાને પાને એમના સૌજન્યની સુવાસ મહેંકે. એમાં એમણે વિરોધીની એકેએક દલીલનો જવાબ આપ્યો હતો, એનું અજ્ઞાન ખુલ્લું પાડ્યું હતું.

આ ગ્રંથનું નામ રાખ્યું – 'જૈન ધર્મ અને ખ્રિસ્તી ધર્મનો મુકાબલો –તેમાં જૈન-ખ્રિસ્તી સંવાદ.'

ગ્રંથ લખીને શ્રી બુદ્ધિસાગરજીએ શ્રી મોહનલાલજી મહારાજને બતાવ્યો. મહારાજશ્રીએ વ્યાખ્યાનમાં એ ગ્રંથની મુક્ત મને પ્રશંસા કરી. સુરતના શ્રીસંઘે જ પુસ્તક છપાવવાનું હોંશભેર માથે લીધું. એ ગ્રંથ છપાયો. એની નકલો ઠેર ઠેર વહેંચવામાં આવી. એક નકલ જયમલ પદમીંગને પહોંચાડવામાં આવી. એ વાંચતાં જ જયમલનો જીવ ઊડી ગયો. એની એકેએક વાતનું આમાં સચોટ ખંડન કરવામાં આવ્યું હતું. જૈન ધર્મની બદબોઈ કરવાની એની મહેનત એને પોતાને જ ભારે પડી. આખરે સુરતમાંથી એને ભાગી નીકળવું પડ્યું.

આ અગાઉ શ્રી બુદ્ધિસાગરજીએ ઘણાં કાવ્યો રચ્યાં હતાં, પણ એમનો આ પહેલો ગ્રંથ તો ગદ્યમાં જ લખાયો.

એકસો ને આઠ ગ્રંથશિષ્યો રચવાનો એમનો ભેખ હતો. એવામાં વિ. સં. ૧૯૮૦માં ક્ષીણ થતા દેહને જોઈને ડૉક્ટરે જાહેર કર્યું કે મધુપ્રમેહનો રોગ એટલો વધેલો છે કે આવો રોગી છ માસથી વધુ ન ભાળે.

મૃત્યુને તરી ગયેલા સૂરિરાજ બુદ્ધિસાગરજી હસ્યા અને કહ્યું, 'હજી તો મારે ઘણા શિષ્યો બનાવવાના બાકી છે, ઘણું કામ બાકી છે.'

આ વેળાએ ઉપસ્થિત એક શ્રાવકે સૂરિજીને કહ્યું, 'અરે ! આપ આ કેવી વાત કરો છો ? આપે શાસન પર ઘણો ઉપકાર કર્યો છે. આપને વળી શિષ્યોનો ક્યાં તોટો છે ?'

સૂરિજીએ જવાબ વાળ્યો, 'ભાઈ, આ તો મારા એકસો ને આઠ શિષ્યો રચવાના મનસૂબાની વાત છે. મારે એકસો ને આઠ અમર ગ્રંથશિષ્યો રચવા છે. હવે કામ વેગે ઉપાડવું પડશે.'

આ માટે એમણે અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ નામની સંસ્થા સ્થાપી. આ સંસ્થા દ્વારા પોતાના ગ્રંથશિષ્યોને પ્રગટ કરવાનો નિરધાર કરવામાં આવ્યો. આ બડભાગી સંસ્થાઓએ ગ્રંથશિષ્યો પ્રગટ કરવાનું કામ બરાબર કરી જાણ્યું.


**શ્રી ભગવાન મહાવીર જન્મકલ્યાણક દિવસ નિમિત્તે**

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ યોજિત**

**ડૉ. કુમારપાળ દેસાઈની જ્ઞાનસભર વાણી દ્વારા**

**।। બુદ્ધિસાગરજી મહારાજ કથા ।।**

તારીખ : ૭ એપ્રિલ, શુક્રવાર, સાંજે ૬-૩૦
૮ એપ્રિલ, શનિવાર, સાંજે ૬-૩૦
૯ એપ્રિલ, રવિવાર, સવારે ૧૦-૦૦

સ્થળ :
ભારતીય વિદ્યાભવન, ચોપાટી, મુંબઈ

**આ ત્રિદિવસીય કથાના સૌજન્યદાતા**

**શ્રી રાજ સોભાગ સત્સંગ મંડળ**
**સાયલા**
**સ્મૃતિઃ શ્રી સી. યુ. શાહ**

પ્રવેશપત્ર માટે જિજ્ઞાસુઓને સંઘની ઑફિસનો સંપર્ક કરવા વિનંતી-23820296.

ઉન્નત આધ્યાત્મિક જીવનના પ્રતિઘોષરૂપે આચાર્યશ્રી બુદ્ધિસાગરજીનું ગદ્ય અને પદ્યમાં સાહિત્યસર્જન ચાલતું રહ્યું. માત્ર સાત ધોરણ સુધીનો વ્યવહારિક અભ્યાસ કરનાર આચાર્યશ્રીએ પંદર વર્ષની વયથી કવિતા રચવાનો પ્રારંભ કર્યો હતો. દોહા, ચોપાઈ, છંદ, સવૈયા વગેરેમાં કાવ્યસર્જન કરીને તેઓ એમના શિક્ષકને બતાવતા અને શિક્ષક એમની સાહિત્યિક પ્રતિભા જોઈને પ્રસન્ન થતા હતા.

એ સમયના કેશવ હર્ષદ ધ્રુવ જેવા પ્રખર સંશોધકો અને કવિ ન્હાનાલાલ જેવા સાહિત્યસ્વામીઓ સાથે આચાર્યશ્રી સતત સંપર્કમાં હતા અને સંશોધક કેશવ હર્ષદ ધ્રુવના અવસાન સમયે આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરિજીએ કાવ્ય રચીને એમને અંજલિ આપી હતી.

આચાર્ય બુદ્ધિસાગરજીએ સૃષ્ટિ સૌંદર્યનાં કાવ્યની રચના કરી, તો સાથોસાથ રાષ્ટ્રપ્રેમનાં ગીતોનું સર્જન કર્યું. ભજનો અને પદો જેવાં પ્રાચીન કાવ્યસ્વરૂપોની સાથે એમણે ગઝલનું પણ સર્જન કર્યું. આ કાવ્યોમાં એમના આધ્યાત્મિક જગતમાં ચાલતા ભાવો પ્રતિબિંબિત થયા છે. શ્રદ્ધા, વૈરાગ્ય અને સત્-અસત્‌ના દ્વંદ્વોની એમણે વાત કરી છે. કબીર, મીરાંબાઈ, આનંદઘન કે નિષ્કુલાનંદ જેવા અનેક ભક્તકવિઓનો પ્રભાવ શ્રીમદ્ બુદ્ધિસાગરજી ઉપર જોઈ શકાય છે.

એક ભજન કાવ્યમાં તેઓ કહે છે,

*'તુજ પ્રેમથી એ અશ્રુઓ ઝરે એ અશ્રુનો સાગર કરું,*
*એ અશ્રુના સાગર વિષે, ઝીલું ઝીલાવું સર્વને.'*

આવી જ રીતે એમણે ગદ્યમાં ગ્રંથ રચનાઓ કરી અને એમાં તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, વિવેચન, જીવનચરિત્ર, પત્ર, ધર્મ, નીતિ અને સમાજસુધારણા વિષયક ગ્રંથોનું સર્જન કર્યું. વળી એમણે સંસ્કૃત ભાષામાં સોળ જેટલા ગ્રંથો રચ્યા. આની સાથોસાથ સરસ્વતીની ઉપાસનાને વેગ મળે તે માટે અમદાવાદમાં શ્રી લલ્લુભાઈ રાયજી બોર્ડિંગ, વડોદરામાં દશાશ્રીમાળી બોર્ડિંગ (અત્યારે મહાવીર વિદ્યાલય), પાલીતાણામાં યશોવિજયજી ગુરુકુળ અને સુરતમાં રત્નસાગરજી જૈન હાઈસ્કૂલની તેમણે સ્થાપના કરી.

સૂરિરાજે લખતી વેળા કદી ટેબલ તો શું, પણ ઢાળિયાનોય ઉપયોગ કર્યો નહોતો. પલાંઠી લગાવી બેસે. સરસ્વતીની એમની સાધના શરૂ થાય. ઘૂંટણના આધાર પર એમની કલમ વહેવા લાગે. લખતી વખતે કદીય ઓઠીંગણ દઈને બેસે નહીં.

એવું પણ બનતું કે ઉપાશ્રયના એકાંત ખૂણે લખતા હોય, ત્યારે કોઈ શ્રાવક કે જિજ્ઞાસુ આવે તો તે યોગનિષ્ઠ આચાર્યશ્રીને નિઃસંકોચ મળી શકતા હતા. આચાર્યશ્રી એમની વાત સાંભળીને યોગ્ય માર્ગદર્શન આપતા હતા અને જેવા એ વિદાય થાય કે તરત જ પુનઃ લેખનમાં પ્રવૃત્ત થઈ જતા હતા. જ્ઞાનોપાસના પ્રત્યે એમનો એટલો ભાવ હતો કે જીવનના અંતિમ દિવસોમાં પણ એમને એમની મહેચ્છા વિશે કોઈએ પૃચ્છા કરતાં કહ્યું હતું કે - 'મારું લેખન કાર્ય તો મારી જિંદગીના અંત સુધી લગભગ ચાલુ જ રહેશે.'

લખવાનું મોટે ભાગે એકાંતમાં રાખતા. વિજાપુરમાં ભોંયરામાં બેસીને લખતા. મહુડીમાં પણ સાબરમતીના કાંઠે આવેલા જૂના કોટર્યકના મંદિરમાં આવેલા ભોંયરામાં ધ્યાન ધરતા કે પુસ્તક લખતા. આ ભોંયરાનો પ્રવેશ એક કૂવા જેવો છે. તેમાં ઉતરવા માટે કૂવાની જેમ માત્ર ટેકા જ ગોઠવેલા છે, એમાં પગથિયાં મૂકેલાં નથી.

ઉપલક નજરે તો આ નાનો પાણી વગરનો કૂવો જ લાગે, પરંતુ એ સમચોરસ જગા પૂરી થતાં જ લગભગ બેએક ફૂટનો વળાંક બાંધેલો છે. એ વળાંક પૂરો થતાં જ એક ખંડ દેખાય. ખંડમાં એક જ જાળિયું અને એ જાળિયામાંથી સીધો પ્રકાશ ખંડની દિવાલો પર અથડાય અને ચારે બાજુ ફેલાઈ જાય. આ જગા વસતિથી દૂર ઊંચી ટેકરી પર આવેલી તેમજ ચારેબાજુ બંધ દીવાલોથી ઘેરાયેલી રહેતી હોવાથી આ ભોંયરામાં ખૂબ જ શાંતિ રહેતી. આવા શાંત એકાંત સ્થળે તેઓ ગ્રંથ લખતા હતા. આવા ગ્રંથો લખવા માટે એમણે ઇન્ડીપેનનો કદી ઉપયોગ કર્યો નહોતો. માત્ર બરૂની કલમ કે પેન્સીલથી જ તેઓ લખતા. દિવસમાં લગભગ બારેક પેન્સીલ વાપરી નાખતા. બરૂની કલમો તો હંમેશાં છોલીને તૈયાર જ રાખતા. પોતાના ગ્રંથનાં પ્રૂફો પણ તેઓ જાતે જ તપાસતા. જેવો ગ્રંથ તરફનો અનુરાગ એટલી જ એ માટેની ચીવટ. જેવી આત્મસાધના એવી જ જ્ઞાનસાધના.

આચાર્ય બુદ્ધિસાગરજીએ ત્યાગી અવસ્થામાં ૧૪૦ ગ્રંથોનું સર્જન કર્યું. ૫૧ વર્ષના આયુષ્યમાં, તેમાં ય માત્ર ચોવીસ વર્ષના સાધુકાળમાં સાધુજીવનના વ્યવહારો અને ધ્યાનપ્રધાન આત્મસાધનાને અખંડિત રાખી ગદ્ય અને પદ્યમાં ઓગણીસ હજાર પૃષ્ઠો જેટલું સમૃદ્ધ સાહિત્યસર્જન કોઈએ કર્યું નથી. આ ગ્રંથો સંસ્કૃત, પ્રાકૃત, હિન્દી અને ગુજરાતી એમ ચારે ભાષામાં લખાયા છે. પચીસ ગ્રંથો તો તત્ત્વજ્ઞાન અને આધ્યાત્મ જ્ઞાનથી ભરપૂર છે. ચોવીસ ગ્રંથોમાં એમનું કાવ્યસર્જન વહે છે.

એમણે લગભગ ત્રણ હજાર જેટલાં ભજનો લખ્યાં. ભજનપદ, સંગ્રહ ભાગ ૮મો ૮૪૦ પાનાંનો ગ્રંથ છે. યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીની કાવ્યયાત્રાનું દર્શન કરતાં એમ લાગે કે અર્વાચીન યુગમાં ભાગ્યે જ કોઈ જૈન સાધુ-મહાત્માઓએ આટલું વૈવિધ્યપૂર્ણ કાવ્યસર્જન કર્યું હશે. યોગનિષ્ઠ આચાર્યશ્રીનાં કાવ્યસર્જનોમાં એમના આત્મલક્ષી ભવ્ય જીવનનું પ્રતિબિંબ પડે છે. એમની દૃષ્ટિ કાવ્યના અનેક પ્રકારો પર ઘૂમી વળે છે. ભજન, ઊર્મિગીત, રાષ્ટ્રગીત, અવળવાણી, ખંડ કાવ્ય, કાફી, ચાબખા, ગહુલી જેવા અનેક કાવ્યપ્રકારો પર એમની કલમ આસાનીથી વિહરે છે અને એમાં એમના હૃદયના ભાવો અને આત્માની મસ્તી પ્રગટ થાય છે.

અન્ય બાવીસ ગ્રંથોમાં ધર્મ અને નીતિનો બોધ સચવાયો છે. આ સિવાય સંસ્કૃત ભાષામાં પણ બાવીસ ગ્રંથો લખ્યા છે. ગુજરાતીમાં ૧૧૧, સંસ્કૃતમાં ૩૮, પ્રાકૃતમાં ૧૧, હિંદીમાં ૧ અને જે ગુજરાતી ભાષાના પુસ્તકો છે, તેમાં ગુજરાતી-સંસ્કૃત ૧૮ અને ગુજરાતી-

પ્રાકૃત ૮ છે.

'શ્રીમદ્ દેવચંદ્રજી' નામનું બે ભાગમાં લખેલું ચરિત્ર એ એમનો સૌથી મોટો ગ્રંથ છે. બંને ભાગને સાથે ગણતાં કુલ પચીસસો પાનાં થાય! એમણે એક ચોસઠ પાનાનો પત્ર લખ્યો. એ પત્ર 'તીર્થયાત્રાનું વિમાન' નામે પુસ્તકરૂપે પ્રગટ થયો. એમના દરેક ગ્રંથની પ્રસ્તાવના એ જાણે ગ્રંથના હાર્દ જેવી જ લાગે. 'આગમસાર' નામનો ગ્રંથ એમણે એકસો વાર વાંચ્યો હતો. પોતાના જીવન દરમ્યાન શ્રીમદ્જીએ બાવીસ હજાર જેટલાં ગ્રંથોનો અભ્યાસ કર્યો હતો. આ બાવીસહજાર પુસ્તકોમાં કેટલાંકનો તો પુનઃ પુનઃ સ્વાધ્યાય કર્યો હતો. જેમ કે શ્રી આચારાંગ સૂત્ર ત્રણ વખત, શ્રીમદ્ ભગવદ્ગીતા આઠ વખત અને આગમસાર એકસો વખત વાંચ્યું હતું. રોજના ૫૦૦ પૃષ્ઠ વાંચતા હતા.

ભારતીય સંસ્કૃતિની એક અજોડ વિચારધારા તે કર્મયોગની વિચારધારા છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણના મુખેથી અર્જુનનો વિષાદયોગ દૂર કરવા માટે કર્મયોગનું નિરૂપણ થયું છે. આ કર્મયોગ વિશે શ્રીમદ્ ભગવદ્ગીતાના શ્લોકો સાથે એનું જમાને જમાને મહાત્માઓ, સંતો અને વિચારકોએ વિવેચન કર્યું છે. સ્વામી વિવેકાનંદ, શ્રી મણિલાલ નભુભાઈ, લોકમાન્ય તિલક અને સંત વિનોબા જેવી વ્યક્તિઓ અને બીજા અનેક સાધુ-મહાત્માઓએ આના પર પોતાની દૃષ્ટિથી વિવરણ-વિવેચન કર્યું છે.

આશ્ચર્યની વાત એ છે કે યોગનિષ્ઠ આચાર્ય બુદ્ધિસાગર-સૂરીશ્વરજીએ કર્મયોગની વિચારધારાને દર્શાવતા ગ્રંથ પર વિવરણ કરવાને બદલે પોતે જાતે ૨૭૨ સંસ્કૃત શ્લોકો રચીને જીવનનો નિચોડ આપ્યો છે અને આ કર્મયોગમાં એમના ગહન તત્ત્વજ્ઞાન અને યોગવિદ્યાના વિશાળ જ્ઞાનનો મધુર સુમેળ નિરખવા મળે છે. આવા ગહન વિષયને આધ્યાત્મિક ભાવનાનો ઊર્ધ્વ રસપૂટ આપીને એની છણાવટ કરી છે અને અધ્યાત્મજ્ઞાન વડે આત્મોન્નતિના ચરમ શિખરે પહોંચવાની ભૂમિકા રચી આપી છે.

૧૯૬૬માં કર્મયોગ ગ્રંથ લખવાનો વિચાર કર્યો. ૧૯૭૦માં એના કેટલાક શ્લોકોની રચના કરી અને વિ.સં. ૧૯૭૩ના મહા સુદી પૂનમે રચાયેલા ૧૦૨૫ પૃષ્ઠના આ ગ્રંથમાં પચાસ પૃષ્ઠની તો પ્રસ્તાવના છે અને જૈન આચાર્ય દ્વારા લખાયેલો હોવા છતાં એના અનેકાંતવાદી દૃષ્ટિકોણમાં ગીતાનો જયધ્વનિ અને કુરાનની આયાતોનો દિવ્ય નાદ સંભળાય છે. આમાં પ્રવૃત્તિમાં નિવૃત્તિનો સંદેશ પ્રવાહી અને પ્રાસાદિક ગદ્યમાં દૃષ્ટાંત સહિત આલેખવામાં આવ્યો છે.

આ ગ્રંથ જ્યારે તૈયાર થઈને છપાતો હતો, ત્યારે એના છાપેલા ફર્મા લોકમાન્ય તિલકને અભિપ્રાય અર્થે મોકલ્યા હતા, ત્યારે લોકમાન્ય તિલકે લખ્યું, 'જો મને શરૂઆતમાં ખબર હોત કે તમે કર્મયોગ ગ્રંથ લખી રહ્યા છો, તો મેં કર્મયોગ વિશે લખ્યું ન હોત. આ ગ્રંથ વાંચી હું ઘણો પ્રસન્ન થયો છું. મને આનંદ છે કે ભારત દેશ આવી ગ્રંથરચના કરનાર સાધુ ધરાવે છે.'

માત્ર પંદરમા વર્ષે કાવ્યરચનાનો પ્રારંભ કરનાર બાળક (બેચરદાસ) બુદ્ધિસાગરે દુહા, ચોપાઈ, છંદ અને સવૈયામાં પ્રારંભિક કવિતાઓ લખી, પરંતુ એ પછી એમની નિસર્ગદત્ત કાવ્યપ્રતિભા એવી ખીલી કે જેને પરિણામે એમની પાસેથી વિપુલ કાવ્યસરિતાનું દર્શન થાય છે. એમની વિશાળ ભાવનાસૃષ્ટિને જોઈએ તો પ્રભુભક્તિના કાવ્યથી રાષ્ટ્રભક્તિના કાવ્ય સુધી અને એથીય વિશેષ ભાવિ યુગની કલ્પના કરતાં કાવ્યો સુધીની રચનાઓ મળે છે. શાસ્ત્રવિશારદ યોગનિષ્ઠ આચાર્ય બુદ્ધિસાગરસૂરીશ્વરજીએ એક બાજુ ભજન, પદ, ખંડ કાવ્ય, કાફી, ચાબખા, ગહુલી, દુહા, પૂજા, ચોપાઈ અને સ્તવન જેવાં કાવ્યપ્રકારોમાં રચના કરી, તો બીજી બાજુ ઊર્મિગીતો, પ્રકૃતિકાવ્યો અને રાષ્ટ્રભક્તિનાં ગીતોનું સર્જન કર્યું, તો વળી ત્રીજી તરફ એમનાં કાવ્યોમાં આધ્યાત્મિક મસ્તી અને નવા જમાનાનો સૂર પ્રગટ થાય છે. યોગનિષ્ઠ આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી પાસેથી નરસિંહ, મીરાં કે આનંદઘનનું સ્મરણ કરાવે એવી કાવ્યરચનાઓ મળે છે, તો બીજી બાજુ કવ્વાલી અને ગઝલ જેવા આધુનિક સાહિત્યસ્વરૂપોમાં કરેલી રચનાઓ મળે છે.

યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીએ આજથી એકસોથી પણ વધુ વર્ષ પૂર્વે ઈ. સ. ૧૯૧૧ (વિ. સં. ૧૯૬૭)માં લખેલું આ કાવ્ય એમનું અપૂર્વ ભવિષ્યદર્શન દર્શાવે છે. મહાવીરના શબ્દોથી જગતમાં સ્વાતંત્ર્ય આવશે એમ સૂચવીને જાણે અહિંસક માર્ગે આઝાદ થયેલા ભારતનો સંકેત આપતા ન હોય! ભારતની આઝાદી પછી વિશ્વના અનેક દેશો અહિંસાના માર્ગે ચાલીને આઝાદ થયા. મહાવીરના શબ્દો એટલે કે અહિંસાથી જગતમાં સ્વાતંત્ર્યનો પ્રકાશ રેલાયો.

**પાગલ હવા મેઘલ દિને!**

*પાગલ હવા, મેઘલ દિને*
*ઘેલું મારું મન જાગી ઊઠે.*
*જાણ્યા-અજાણ્યાની બહાર હે*
*જ્યાં કોઈ પંથ ના દેખાય રે*
*ત્યાં પહોંચે અકારણે મારું મન રે.*
*એ ઘર ભણી ક્યારેય આવશે!*
*ના ક્યારે ના ક્યારે*
*ભીંતો બધી તૂટે ભલે રે.*
*ઝરમરતી સાંઝની ઘેલી દૃષ્ટિ*
*કયા બલરામનો હું મસ્ત ચેલો*
*મારા સ્વપ્નો ઘેરી સહુ મતવાલા નાચે.*
*જે ચાહ્યું વિકટ એને ચાહું રે*
*જે પામ્યું નથી ક્યાં હું પામું રે.*
*અસંભવને ચરણે હું માથું ઢાળું ફરી ફરી.*

**❑ રવીન્દ્રનાથ ટાગોર**
**❑ અનુ. નલિની માડગાવકર**

આ કાવ્યરચના કરી ત્યારે દેશ અંગ્રેજોની ગુલામી તળે કચડાયેલો હતો અને તે સમયે દેશની આવનારી આઝાદીનો અણસાર અહીં વ્યક્ત થાય છે. માનવજાતની કરુણા કેવી વ્યાપશે એનો એમણે ખ્યાલ આપ્યો છે. યોગવિદ્યાના શિખરે બિરાજમાન યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી વિજ્ઞાનનો મહિમા કરે છે. એ કહે છે કે વિજ્ઞાનની ઘણી શોધોથી અત્યાર સુધી જે પ્રગટ થયું નહોતું એવી અદ્ભુત વાતો પ્રગટ થશે અને આપણે જોઈએ છીએ કે જગતમાં વિજ્ઞાને અનેક ક્ષેત્રોમાં નવાં નવાં સંશોધનો કર્યા છે.

યોગનિષ્ઠ આચાર્યનો એ સમય રાજ-રજવાડાંનો સમય હતો અને ત્યારે રાજાશાહી ચાલી જશે એમ કહે છે અને જગતમાં ઉદ્યોગો અને કળાનું સામ્રાજ્ય સ્થપાશે એની વાત કરે છે. આશ્ચર્યની વાત એ છે કે એમણે લખ્યું કે એક ખંડના સમાચાર બીજા ખંડમાં પળવારમાં પહોંચી જશે અને આજે આપણે મોબાઈલ, કમ્પ્યૂટર અને ટેલિવિઝનથી આનો સાક્ષાત્ અનુભવ કરી રહ્યા છીએ. આજના વિશ્વમાં ન્યાયનો મહિમા છે, માનવ અધિકારનો મહિમા છે, વ્યક્તિ સ્વાતંત્ર્યનો મહિમા છે એનું દર્શન યોગનિષ્ઠ આચાર્યશ્રીએ આપ્યું છે અને ભગવાન મહાવીરના તત્ત્વો જેવાં કે અહિંસા, અનેકાંત, અપરિગ્રહનો મહિમા થશે એવી એમની ભવિષ્યવાણી આજે સાચી ઠરતી લાગે છે. કેટલીક વ્યક્તિઓ પોતાના યુગને જોતી હોય છે, તો કેટલીક વ્યક્તિઓ યુગની પાર આવતા યુગના પ્રકાશને જોતી હોય છે. આવી વિભૂતિને ક્રાંતદર્શી એટલે કે પેલે પારનું જોનાર કહે છે. યોગનિષ્ઠ આચાર્યશ્રીની ક્રાંતદર્શીતા અને આર્ષદર્શન આ કાવ્યમાં પદે પદે પ્રગટ થાય છે.

**એક દિન એવો આવશે**

એક દિન એવો આવશે, એક દિન એવો આવશે.
મહાવીરના શબ્દો વડે, સ્વાતંત્ર્ય જગતમાં થાવશે. એક દિન...૧
સહુ દેશમાં સ્વાતંત્ર્યના શુભદિવ્ય વાદ્યો વાગશે,
બહુ જ્ઞાનવીરો કર્મવીરો, જાગી અન્ય જગાવશે. એક દિન...૨
અવતારી વીરો અવતરી, કર્તવ્ય નિજ બજાવશે,
અશ્રુ લ્હુહી સૌ જીવનાં, શાંતિ ભલી પ્રસરાવશે. એક દિન...૩
સહુ દેશમાં, સહુ વર્ણમાં, જ્ઞાનીજનો બહુ ફાવશે,
ઉદ્ધાર કરશે દુ:ખીનો, કરુણા ઘણી મન લાવશે. એક દિન...૪
સાયન્સની વિદ્યા વડે, શોધો ઘણી જ ચલાવશે;
જે ગુપ્ત તે જાહેરમાં, અદ્ભુત વાત જણાવશે. એક દિન...૫
રાજા સકલ માનવ થશે, રાજા ન અન્ય કહેવાશે,
હુન્નર, કળા સામ્રાજ્યનું, બહુ જોર લોક ધરાવશે. એક દિન...૬
એક ખંડ બીજા ખંડની, ખબરો ઘડીમાં આવશે,
ઘરમાં રહ્યા વાતો થશે, પર ખંડ ઘર સમ થાવશે. એક દિન...૭
એક ન્યાય સર્વે ખંડમાં, સ્વાતંત્ર્યતામાં થાવશે,
બુધ્યબ્ધિ પ્રભુ મહાવીરનાં, તત્ત્વો જગતમાં વ્યાપશે. એક દિન...૮

જૈન યોગના વિષયને શ્રીમદ્‌ના સર્જનમાં પહેલીવાર ગૌરવભર્યું સ્થાન મળ્યું. જૈન સાધુઓમાં ડાયરી લખનાર તેઓ સૌપ્રથમ હતા.

આ ડાયરીમાં એમનાં હૃદયમાં ચાલતા વિચારોના ઘમ્મરવલોણાથી નીકળેલું ચિંતનનું નવનીત મળે છે. જાણે કાલ્પનિક અધ્યાત્મ મહાવીર એ શ્રીમદ્‌નો અપૂર્વ ગ્રંથ છે. વિ. સં. ૧૯૮૧ના ચૈત્ર સુદી દશમના રોજ આ ગ્રંથ શ્રીમદ્‌જીએ મોહનલાલ પાદરાકરને સોંપ્યો. આ ગ્રંથમાં એમનું સમાજ અને ધર્મનું દર્શન તેમજ દેશોન્નતિની ધગશ જોવા મળે છે. ધર્મ અને સમાજને સાચી દિશાએ વાળવાની એમની તમન્ના નજરે પડે છે.

આ ગ્રંથ સોંપતી વેળાએ એમ કહેલું કે તે પચીસ વર્ષ પછી પ્રગટ કરવો. એમની એ ભાવના પ્રમાણે આ ગ્રંથ પચીસ વર્ષ તો નહિં, પરંતુ પિસ્તાળીસ વર્ષે પ્રગટ થયો. એક મહાન જોગંદર, મહાન અવધૂત અને સાથે સાથે મહાન સમાજસેવક અને સાહિત્યકારનું આ પુસ્તક વિચારનું વલોણું પૂરું પાડે છે.

બાળપણમાં સરસ્વતી માતાની છબી આગળ હાથ જોડીને પ્રાર્થના કરનાર ખુદ જ્ઞાનની જ્યોત સમા બની ગયા. રોજ ધર્મચર્ચા ચાલે, વ્યાખ્યાન આપે. દિવસમાં બે વખત પ્રતિક્રમણ કરે. કેટલાય મૂંઝાયેલા માનવીઓને માર્ગદર્શન આપે. ધાર્મિક અનુષ્ઠાનો ચાલે. સામાજિક પ્રવૃત્તિઓ થાય. પણ આ બધામાં શ્રીમદ્‌ની સાહિત્ય-પ્રવૃત્તિ તો સતત અને એકધારી ચાલ્યા કરે. માંદગીના બિછાને હોય તોય કામ વણથંભે ચાલ્યા કરે. એમની તબિયત ઘણી અસ્વસ્થ બની હતી, ત્યારે કોઈએ એમને સાહિત્યસાધના પૂર્ણ કરવા કહ્યું. આ સમયે શ્રીમદે જવાબ આપ્યો,

'મારું લેખનકાર્ય તો મારી જિંદગીના અંત સુધી લગભગ ચાલુ જ રહેશે.'

તેમના સમયના વિખ્યાત સાહિત્યકારોએ શ્રીમદ્‌ના સાહિત્યની મુક્ત મને પ્રશંસા કરી હતી. લોકલાડીલા નવલકથાકાર શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈએ કહ્યું, 'શ્રી બુદ્ધિસાગરજીનું સાહિત્ય એટલે? એને હિંદુ પણ વાંચી શકે, જૈન પણ વાંચી શકે અને મુસ્લિમ પણ વાંચી શકે. સૌને સરખું ઉપયોગી થઈ પડે તેવું એ કાવ્યસાહિત્ય બુદ્ધિસાગરસૂરિજીને આપણા ભક્ત અને જ્ઞાની કવિઓની હારમાં મૂકી દે એવું છે.'

આજેય એમના ૧૪૦ ગ્રંથો શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિના અમીટ કીર્તિસ્થંભ અને અમર શિષ્યો રૂપે જનસમુદાયમાં બોધ, ચિંતન અને આત્મકલ્યાણની સુવાસ વહાવી રહ્યા છે.

✱✱✱

*૧૩ બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ,*
*પાલડી,અમદાવાદ-૩૮૦ ૦૦૭.*
*ફોન ૦૭૯ ૨૬૬૦ ૨૬૭૫. મો. ૦૯૮૨૪૦ ૧૯૯૨૫*

# ઉપનિષદમાં મધુવિદ્યા

❑ ડૉ. નરેશ વેદ

ઉપનિષદોમાં અનેક વિદ્યાઓનું નિરૂપણ થયેલું છે. એમાંથી આપણે માંડૂકીવિદ્યા, પંચાગ્નિવિદ્યા, પ્રાણવિદ્યા અને સંવર્ગવિદ્યા – એમ ચાર વિદ્યાઓ વિશે આગળના અંકોમાં વિચારણા કરી. હવે એવી જ એક અગત્યની વિદ્યા વિશે આ અંકમાં આપણે વિચારણા કરીશું. એ વિદ્યાનું નામ છે: મધુવિદ્યા. આ વિદ્યાની વિગતો 'છાંદોગ્યઉપનિષદ' અને 'બૃહદારણ્યકઉપનિષદ' – એમ બે ઉપનિષદોમાં અપાયેલી છે. 'છાંદોગ્યઉપનિષદ'ના ત્રીજા અધ્યાયમાં પહેલા પાંચ ખંડોમાં અને 'બૃહદારણ્યકઉપનિષદ'ના બીજા અધ્યાયના પાંચમા અને છઠ્ઠા બ્રાહ્મણો (ખંડો)માં આ વિદ્યાનું નિરૂપણ થયેલું છે. આપણે ક્રમશઃ એની વિચારણા જોઈએ.

વૈદિક સાહિત્યમાં કેટલુંક જ્ઞાન પ્રતીકો દ્વારા આપવામાં આવ્યું છે. તે મુજબ દૂધ પાતાલલોકનું, દહીં પૃથ્વીલોકનું, ઘી અંતરિક્ષલોકનું, મધુ દ્યુલોક (સ્વર્ગ)નું અને સાકર સત્યલોકનું પ્રતીક છે. 'મધુ' શબ્દનો મુખ્ય અર્થ તો મધ છે, પરંતુ પ્રતીકરૂપે વેદાંતમાં 'મધ'નો અર્થ થાય છે 'રસામૃત' અથવા 'રસાનંદ.'

વૈદિક ઋષિઓએ ઋક્, યજુસ્, સામ અને અથર્વ એ ચાર વેદોને ચાર મહાપુષ્પોરૂપે કલ્પ્યાં છે. સૂર્યને પ્રાણનો સ્રોત (ઝરો) કલ્પ્યો છે. આ સૂર્ય આ ચાર મહાપુષ્પોમાંથી તેમના સારરૂપ રસ સારવીને પોતાનાં કિરણો દ્વારા સૂર્યમાં સંચિત કરે છે એવી કલ્પના કરી છે. દ્યુલોક એક ત્રાંસા વાંસ (crossbeam) જેવો છે. એ વાંસ ઉપર અંતરિક્ષલોક એક મધપૂડા સમાન લટકે છે અને એ મધપૂડામાં પુષ્પોમાંથી એકઠો થયેલો રસ તે મધ છે. એટલે સૂર્ય મધ છે, દેવોનું મધ છે. જેમ પૃથ્વીલોકના જીવોમાં તેમના શરીરના કેન્દ્રમાં તેનો આત્મા (self) છે તેમ અંતરિક્ષલોકના કેન્દ્રમાં તેના આત્મારૂપ સૂર્ય છે. તેથી તેને કેન્દ્રરૂપ માનીને દિશાઓ (પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ)ની કલ્પના કરવામાં આવી છે. આપણું વિશ્વ અને સમગ્ર બ્રહ્માંડ આ દિશાઓના રૂપમાં પ્રસરીને અભિવ્યક્ત થઈ રહ્યું છે, જેમ મધપૂડામાં ચારે તરફ મધની નળીઓ દ્વારા મધ વહે છે, તેમ સૂર્યમાં સંચિત થયેલું રસામૃત તેનાં કિરણો દ્વારા ચોમેર પ્રાણતત્ત્વરૂપે વહી રહ્યું છે. આ સૂર્ય અગ્નિની માફક દાહક છે. તે સમસ્ત વિશ્વમાં રહેલા રસને તપાવીને શુદ્ધ કરી રહ્યો છે અને એ રસને પ્રાણદાયી સ્રોતરૂપે પાછો વિશ્વમાં સંક્રાંત કરી રહ્યો છે. આ પ્રક્રિયા જેમ બાહ્ય જગત (વિરાટ વિશ્વ)માં થઈ રહી છે, તેમ વ્યક્તિની ભીતર પણ થઈ રહી છે. ભૌતિક સૃષ્ટિમાં સૂર્યની શક્તિ વડે ધરતી, પ્રકૃતિ, જળ અને વાયુ ઉપર પ્રભાવ પડતાં જેમ બીજાંકુરણ, પલ્લવન, નિષ્યંદન અને બાષ્પીભવન જેવી ક્રિયાઓ થાય છે, તેમ વ્યક્તિની આંતરિક સૃષ્ટિમાં પણ શ્વસન, રુધિરાભિસરણ, ચયાપચય, ઉત્સર્ગ અને પ્રાણસ્ફુરણ જેવી ક્રિયાઓ થાય છે, એ આજના વિજ્ઞાન દ્વારા પણ સાબિત થઈ ચૂકેલી વાત છે. સૂર્ય ઢંકાયેલો કે ઝાંખો હોય ત્યારે વિશ્વનું બાહ્ય વાતાવરણ અને મનુષ્યના મનનું વાતાવરણ ખિન્ન અને ગ્લાનિયુક્ત રહે છે. સૂર્ય પ્રાણ અને જીવનદાયી હોવાથી જ એને રસામૃત કે રસાનંદ કહીને ઋષિઓએ ઓળખાવ્યો છે. તેમણે તો એમ પણ કહ્યું છે કે મનુષ્ય સૂર્યોપાસના દ્વારા જ સગુણ બ્રહ્મથી નિર્ગુણ બ્રહ્મ સુધી પહોંચી શકે છે. મતલબ કે સૂર્ય ચૈતન્યનું પ્રતીક છે. સૂર્યને જે આ રીતે જાણે સમજે છે, એને માટે ન તો સૂર્ય ઉગે છે, ન તો આથમે છે. એ તો પરમ આત્માના પ્રકાશરૂપે સદા ઉદિત જ રહે છે.

'છાંદોગ્યઉપનિષદ'માં મધુવિદ્યાનો જે વિચાર થયો છે, તેનો વધારે વિચાર-વિસ્તાર 'બૃહદારણ્યકઉપનિષદ'માં થયો છે. જેમ પુષ્પોનો રસ એ તેનો સાર છે, તેમ અસ્તિત્વનો સાર ભાગ શું છે, એ વિચારદિશામાં આગળ વધતાં ઋષિ મધુવિદ્યા સુધી પહોંચ્યા છે. વિચાર કરતાં તેમને સમજાયું છે કે મૂળભૂત રીતે ચાર અસ્તિત્વો છે. જેમ કે, પૃથ્વી છે, પૃથ્વીમાં ચાર યોનિ (અંડજ, સ્વેદજ, ઉદ્‌ભિજ અને જરાયુજ)નાં જીવો છે, પૃથ્વીનો કોઈ અધિષ્ઠાતા છે અને આ જીવોનો પણ કોઈ અધિષ્ઠાતા છે. પૃથ્વી, બલકે સારાય બ્રહ્માંડનો અધિષ્ઠાતા બ્રહ્મ છે અને આ પૃથ્વી (બ્રહ્માંડ)માં રહેલા જીવોનો અધિષ્ઠાતા આત્મા છે. તો આ બંને અધિષ્ઠાતા કાંઈ જુદા ન હોઈ શકે, એક જ હોવા જોઈએ. જેમ સાકરમાંથી બનાવેલી બધી મીઠાઈઓ સાકરથી ભરેલી છે અને સાકર પણ મીઠાઈઓથી ઓતપ્રોત છે, એ જ રીતે બધી મીઠાઈઓ પણ અરસપરસ ઓતપ્રોત છે. કારણ કે એનું સારતત્ત્વ તો સાકરનું ગળપણ જ છે. તેમ આ પૃથ્વી બધી જ જાતનાં જીવોનું મધ છે અને બધી જાતનાં જીવો પૃથ્વીનું મધ છે. અસ્તિત્વ બે જાતનાં છે: સમષ્ટિગત અને વ્યષ્ટિગત. સમષ્ટિગત અસ્તિત્વનો અંતિમ સાર બ્રહ્મ છે, તેમ વ્યષ્ટિગત અસ્તિત્વનો સાર ભાગ આત્મા છે. જેમ બધી મીઠાઈઓ સાકરમય છે, તેમ બધા જીવો આત્મમય એટલે કે બ્રહ્મમય જ છે. આ રીતે અસ્તિત્વનો સાર ભાગ બ્રહ્મ છે. બધું બ્રહ્મમય છે.

આ વાત કેવળ પૃથ્વી પુરતી જ સાચી નથી. પૃથ્વી ઉપરાંત જળ, અગ્નિ, વાયુ અને આકાશ જેવા મહાભૂતો માટે, તેમ જ સૂર્ય, ચંદ્ર, મેઘ, વિદ્યુત, દિશાઓ માટે અને ધર્મ, સત્ય અને મનુષ્ય – સૌને માટે પણ એમ જ છે. પૃથ્વીની માફક આ બધાં તમામ જીવોના મધુસ્વરૂપ છે અને આ સૌ જીવો તેમનાં મધુસ્વરૂપો છે. આ દરેકમાં જે સારરૂપ તત્ત્વ છે તે બ્રહ્મ છે. કારણ કે બધાં અરસપરસ સંકળાયેલાં હોઈ, એ સૌ એકરૂપ છે. તેજ સારરૂપ રસ હોઈ અમૃત સ્વરૂપ છે. કારણ જે પિંડે છે તે બ્રહ્માંડે છે અને જે બ્રહ્માંડે છે તે પિંડે છે. વળી પિંડ અને બ્રહ્માંડ અલગ અલગ એકમો નથી. એ એક અને અખિલ છે. એમની વચ્ચે સાવયવ એકતા છે અને પ્રાણમય સજીવ સંબંધ છે.

આજના વિજ્ઞાનની દૃષ્ટિએ પણ આ વાત એકદમ સાચી છે. વ્યષ્ટિ અને સમષ્ટિ વચ્ચે સાવયવ સમગ્રતા (organic whole) છે. જુદી જુદી યોનિના જીવોનું અસ્તિત્વ ભલે જુદું જુદું જણાતું હોય પણ તે બધાં એકમેકથી સ્વતંત્ર નથી, પણ એકમેક પર આધીન (not indepedent, but interdependent) છે. આ બધા જીવો એક વિરાટ સમગ્રના ભાગો કે અંશો છે (all are parts of a stupendons whole).

આગળ ચાલતાં ઋષિ જણાવે છે કે આ બ્રહ્મતત્ત્વ બધાં જીવોનો અધિપતિ છે, બધાં ભૂતોનો રાજા છે. જે રીતે રથના પૈડાંની નાભિ અને નેમિ (hub and ring)માં બધા આરા (spokes) જોડાયેલા રહે છે, તે જ રીતે બધા જીવો, બધા દેવો, બધા લોક, બધા પ્રાણ અને બધા આત્મા આ બ્રહ્મ સાથે જોડાયેલા રહે છે. બધાં બ્રહ્મના જ નાનાવિધ રૂપો છે. એ બધાં બ્રહ્મમાંથી પેદા થાય છે અને અંતે બ્રહ્મમાં જ સમાઈ જાય છે. માટે આ બ્રહ્મતત્ત્વ તે અસ્તિત્વનો અર્ક છે, સાર ભાગ છે, રસ છે, મધુ છે. તે હંમેશ આનંદદાયી છે કેમકે મધુરસ છે અને માટે અમૃત સમાન છે.

પિંડે કે બ્રહ્માંડે જે કાંઈ અસ્તિત્વ ધરાવે છે તેનું અસ્તિત્વ (આત્મા ઉર્ફે બ્રહ્મ)માં સંકળાયેલું છે. બધું જ આત્મા (બ્રહ્મ) આધારિત છે, એના વિના કશાનું અસ્તિત્વ નથી. મતલબ કે આ આત્મા (બ્રહ્મ) જ સર્વના સારરૂપ હોઈ, તે જ શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરવા યોગ્ય ગણાવું જોઈએ. પરંતુ જીવોમાં આ સમજ ખીલેલી ન હોવાથી એ પોતાના ભૌતિક અસ્તિત્વને અને આસપાસ રહેલી સચરાચર સૃષ્ટિને તથા એમાં વિકસેલા સંસારને જ સત્યરૂપ જાણી પોતાના અસ્તિત્વને એળે ગુમાવી દે છે. ભૌતિક અસ્તિત્વ (શરીર અને ઇન્દ્રિયો) તથા ચમકદમકથી લલચાવતો, લોભાવતો સંસાર અસાર છે. કારણ કે તે પરિવર્તનશીલ, વિકારશીલ અને નાશવંત છે. તેને પકડી રાખવો કે તેનામય રહેવું એ તો વિવેકહીનતા છે. જે અપરિવર્તનશીલ, વિકારરહિત અને શાશ્વત છે તે આત્મા (બ્રહ્મ)ને જાણવું, ઓળખવું, સમજવું અને પામવા મથવું એનું નામ વિવેક છે. અસારને છોડીને સારને ગ્રહવામાં વિવેકબુદ્ધિ (rationality) છે. જે સાર-અસાર વચ્ચેનો, નિત્ય-અનિત્યનો ભેદ કરી શકે તે બુદ્ધિશક્તિને વિવેક કહે છે. અંગ્રેજીમાં કહીએ તો એ power of discrimination અથવા power of judgement છે. આ શક્તિ (power) અને સામર્થ્ય (ability) આપતી આવડતને 'મધુવિદ્યા' કહે છે. જે રીતે મધમાખી પુષ્પોમાંથી રસ ચૂસીને, તેનો અર્ક, તેનો સારભાગ સારવી લે છે, તે જ રીતે જે 'વિવેકી આત્મા' હોય તે અસ્તિત્વના અર્ક, તેના સારભાગને – બ્રહ્મને – જાણી લે છે. પુષ્પમાંથી રસ ચૂસી તેનું મધમાં રૂપાંતર કરવું તે મધમાખીની મધુવિદ્યા છે. જેમ હંસ પાસે દૂધ અને પાણીને જુદા પાડી, દૂધને ગ્રહણ કરવાનો નીરક્ષીર વિવેક છે, તેમ મનુષ્ય પાસે સત્ શું છે તેનો ભેદ કરી સત્યને ગ્રહણ કરવાનો વિવેક હોવો જરૂરી છે. સત્-અસત્, આત્મ-અનાત્મ, નિત્ય-અનિત્ય વચ્ચે વિવેક કરવાની બાબત માહિતી, શિક્ષણ, તાલીમ કે કસબનો વિષય નથી; એ શાણપણ (wisdom)નો વિષય છે. સામાન્ય બુદ્ધિનો વિષય નથી; અસામાન્ય બુદ્ધિનો વિષય છે. It is a matter of common sense and common sense is uncommon in a man!

આ મધુવિદ્યા બે ત્રણ મહત્ત્વની બાબતોની સમજણ આપે છે. એક તો એ વાત એ સમજાવે છે કે આ સૃષ્ટિમાં જે કાંઈ તત્ત્વો-સત્ત્વો છે તે એકમેક સાથે પરસ્પર સંકળાયેલા છે. એટલે એમાંનાં કોઈ તત્ત્વ-સત્ત્વનો અન્યથી અલગ કરીને વિચાર કરવો જોઈએ નહીં, એવી એકાંગી દૃષ્ટિને બદલે સમગ્રતાને લક્ષ કરતી અખિલ–સર્વગ્રાહી દૃષ્ટિએ વિચાર કરવો જોઈએ. નહીંતર આપણને ખંડિત તથ્યો મળશે. અખિલ સત્ય નહીં મળે. ઉદાહરણ રૂપે પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ, સૂર્ય, ચંદ્ર, મેઘ, વિદ્યુત, દિશાઓ, ધર્મ, સત્ય વગેરે જેવાં જાગતિક તત્ત્વો (cosmic body parts)નો વિચાર જો આપણે આપણા શરીરના એના સંબંધિત ભાગો – મુખ, પ્રાણ, આંખ, કાન, નાક, જીભ, ત્વચા, ચિદાકાશ – સાથે ન કરીએ તો આપણી સમજ અધૂરી રહે. વૈશ્વિક સત્ત્વો તત્ત્વોનો આપણા વૈયક્તિક સત્ત્વો–તત્ત્વો સાથે સીધો સંબંધ છે. એ સંબંધને સાંકળતું તત્ત્વ છે ચૈતન્ય, જે આત્મા અને બ્રહ્મનું અદ્વૈત રચી આપે છે. જ્યારે આ તત્ત્વને વિસરીને આપણે કાંઈ પણ વિચારીએ છીએ ત્યારે આપણે 'સંસારી' છીએ, 'બ્રહ્મવિદ્' નથી. માટે સૌ સાંકળતી આ સાંકળ વૈશ્વિક ચૈતન્યને લક્ષમાં રાખીને જ આપણે વિચારવું જોઈએ. આ વૈશ્વિક ચૈતન્ય (cosmic consciousness)ને જ આ ઋષિ મધુ કહે છે.

આ વિદ્યા બીજી એ વાત સમજાવે છે કે બ્રહ્માંડમાં જે કાંઈ છે તે પરસ્પર પર આધારિત છે, પરસ્પરને આધીન છે. એમાં જે કાંઈ છે તેનો અરસપરસ સંબંધ છે. પરમ ચૈતન્યે (supreme being)એ આ સચરાચર સૃષ્ટિનું સર્જન કરેલું છે અને એનાં પ્રત્યેક સર્જનમાં એ વિભૂતિરૂપે અનુસ્યૂત રહેલું છે. પ્રત્યેક સર્જનમાં આંતરબાહ્ય રીતે વ્યાપ્ત છે. એણે અનેક રૂપો ધારણ કર્યાં છે, છતાં અનંત, અદ્વૈત, સુસંવાદી, કલ્યાણગામી પોતાની પ્રકૃતિ છોડી નથી. આ સૃષ્ટિના નિયંતાની આ સર્જક, સર્જન અને સર્જન પ્રક્રિયાની આ ખૂબી મધુવિદ્યા વડે પામી શકાય તેમ છે.

આ વિદ્યા ત્રીજી એ વાત સમજાવે છે કે આ સંસાર અને એનો સર્જનહાર એક ન હોઈ શકે, તે એનાથી અલગ ક્યાંક કોઈ રૂપમાં વસી રહ્યો છે, એ ભ્રમણામાંથી આપણને છોડાવે છે. આ ભ્રમણા અજ્ઞાન છે. આ સંસારનો સર્જનહાર એની અંદર-બહાર સર્વત્ર રહેલો છે, એ દૂર લાગે છે, પણ આપણી નજીક, આપણી અંદર જ વસેલો છે. જીવનનું આખરી રહસ્ય, અંતિમ સત્ય, આ વાત જ ખરી છે, હકીકત છે, વાસ્તવિક છે એ આ વિદ્યા સમજાવે છે. ચિત્ત તદ્રૂપ ચૈતન્ય વિલસે છે. આ તો બ્રહ્મ લટકાં કરે છે, બ્રહ્મ (આત્મા) પાસે!

✶✶✶

*'કદંબ' બંગલો, ૩૫, પ્રોફેસર સોસાયટી, મોટાબજાર, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦. ફોન નં. ૦૨૬૯૨ ૨૩૩૭૫૦.સેલ નં. ૦૯૭૨૭૩૩૩૦૦૦.*

# શેત્રુંજી નદી વિશે તમે શું જાણો છો?

❑ પૂ. મુનિરાજ શ્રી પ્રશમરતિ વિજયજી મ.

ગીરના જંગલમાં વસતા સિંહને એશિયાખંડની શોભા તરીકે જોવામાં આવે છે. આ સિંહની સંખ્યા ૨૦૦ થી ૨૬૦ની વચ્ચે છે. આ સિંહની પ્રજાતિ વિશે દુનિયાના દરેક દેશમાં વિધવિધ સ્તરે ચર્ચા-વિચારણા થતી હોય છે. મજાની વાત એ છે કે ગીરના સિંહને પીવાનું પાણી શેત્રુંજી નદી પાસેથી મળે છે એવું દૃશ્ય એક આખા ઈલાકામાં જોવા મળે છે. શેત્રુંજી નદીની કોતરોમાં સિંહ, સિંહણ અને સિંહબાળ ખેલતા હોય છે. શેત્રુંજી નદીના કાંઠે મોટી શિલા પર, વનરાજ ચારેય પગ ફેલાવીને સૂતો હોય એવું દૃશ્ય રોજનું થઈ ગયું છે. કેશવાળીવાળું માથું શેત્રુંજી નદીના પાણી તરફ ઝૂકાવીને પાણી પી રહેલા વનરાજને જોનારા મંત્રમુગ્ધ બની જતા હોય છે. શેત્રુંજી નદીના તીરે ભીની માટી પર સિંહના પંજાના નિશાન પડેલા હોય છે. એની આજુબાજુ બેસીને સેલ્ફી લેનારા યુવાનોની સંખ્યા ઘણીમોટી છે.

જૈન હોવાના નાતે તમે શેત્રુંજી નદી વિશે સાવ ન જાણતા હો એવું તો ન જ બને. શેત્રુંજી નદી નાહ્યો નહીં, એનો એળે ગયો અવતાર, આ કડી લગભગ બધા જ ગાતા હોય છે. નિયમિત રીતે શેત્રુંજી નદીને દર વરસે જુહારવા કેટલા જણા જાય છે તે પ્રશ્નનો જવાબ પાંગળો છે. શેત્રુંજય તીર્થની યાત્રાએ જે જાય છે તે સૌ પણ નવટૂંકમાં જાય જ છે એવું નથી. જેમ નવટૂંક જનારા યાત્રાળુ ઓછા છે તેમ શેત્રુંજી નદીને જુહારવા જનારા જૈનો ઘણાં જ ઓછા છે.

શેત્રુંજી નદીને જૈનોની ઉપેક્ષાવૃત્તિથી કાંઈ ફેર પડતો નથી. એ તો સોરઠની મા જેવું ગૌરવ પામી છે. લાખો મનુષ્યો જીંદગીભર શેત્રુંજી નદીના પાણી પીએ છે. લાખો પરિવારના વસ્ત્ર, વાસણ, ઘરને સ્વચ્છ રાખવામાં શેત્રુંજી નદીના પાણી જ બારેય માસ, દિવસ-રાત વાપરતા હોય છે. અમરેલી અને ભાવનગર શહેર શેત્રુંજી નદીના ધાવણ પીતા આવ્યા છે.

નવાણું યાત્રા કરનારો જૈન, એકવાર ત્રણ ગાઉની ફેરીએ જાય છે ત્યારે શેત્રુંજી નદીને રોહીશાળા પાસેથી જોઈ લે છે. આ સિવાય શેત્રુંજી નદીને મળવાનું એનેય યાદ નથી આવતું અને જે નવાણું કરતા જ નથી તેઓ ત્રણ ગાઉની ફેરી કરવાના નથી એટલે એમને શેત્રુંજી નદી યાદ આવતી નથી. સાવ જ કોઈ નથી આવતું આ નદી પાસે, એવું નથી. અમુક જૈનો શેત્રુંજી નદીના તીરે સમયે સમયે બરાબર પહોંચતા હોય છે. જેટલો મહિમા આ નદીનો છે એની તુલનામાં વિચારીએ તો લાગે કે આ નદીને જુહારનારા ઘણાં જ ઓછા છે.

શેત્રુંજી નદીને બે દૃષ્ટિએ જોઈ શકાય છે. શાસ્ત્રીય દૃષ્ટિએ અને સરકારી દૃષ્ટિએ. બેય રીતે આ નદી મહાન પુરવાર થાય છે. સૌ પ્રથમ રાષ્ટ્રીય દૃષ્ટિએ વિચારીએ. (૧) ગઈ ચોવીશીના પ્રથમ તીર્થંકર શ્રી કેવળજ્ઞાની ભગવાનના જન્મકલ્યાણક પ્રસંગે ઈશાનેન્દ્રે વૈતાઢ્ય પર્વત પાસે શાશ્વત નદી ગંગાનું એક વહેણ પ્રગટાવ્યું હતું. એ નદી વરસો સુધી ગુપ્ત રીતે વહેતી હતી. પાછળથી તે શેત્રુંજય પર્વત પાસેથી પ્રકટ થઈ. આમ તો આ ગંગા નદી છે પરંતુ તેને શેત્રુંજય નદી આ નામ મળ્યું છે. જૂનું નામ શત્રુંજયા.

આ મુદ્દામાં બે વાત અગત્યની છે. એક, આ મૂળતઃ ગંગા નદી છે. બે, ગંગાને આ તરફ લાવનાર ઈન્દ્ર છે, ઈશાન ઈન્દ્ર.

(૨) એક રાજા હતો. નામ શાંતન. (શાંતનુ નહીં.) એને ચાર દીકરા હતા.નીલ, મહાનીલ, કાલ, મહાકાલ. દરેક દીકરાના જન્મ વખતે રાજાને મોટા મોટા સંકટ આવ્યા. ધીમે ધીમે તે સમૃદ્ધિની રીતે બરબાદ થઈ ગયો. રાજ્ય ગુમાવી દીધું. આ રાજાને ધરણેન્દ્રે જણાવ્યું હતું કે 'તું છ મહિના શેત્રુંજી નદીના જ કિનારે નિવાસ કર. આ જ નદીનું પાણી પીવાનું રાખ. અનાજ, ફળ અને વનસ્પતિ તે જ વાપરજે જે આ નદીની માટીમાં, આ નદીના પાણીથી ઉગેલા હોય. આ નદીના જળથી સ્નાન કરજે અને એ રીતે સ્વચ્છ થયેલા દેહે શેત્રુંજયની સ્પર્શના કરજે. ચોક્કસ તપશ્ચર્યાપૂર્વક આ રીતે તું છ મહિના નદી કાંઠે વીતાવીશ તો તારા સંકટ નષ્ટ થઈ જશે.'

રાજા ધરણેન્દ્રના માર્ગદર્શન અનુસાર ચારેય દીકરા સાથે છ મહિના રહ્યો. એના તમામ સંકટ ખતમ થઈ ગયા. તે રાજા ત્યારબાદ ચોંસઠ લાખ વર્ષ સુધી રાજ્યવૈભવ સાથે જીવ્યો. સુખે જીવ્યો. છેવટે દીક્ષા લઈ ગિરિરાજ પરથી મોક્ષે ગયો. એના પરિવારને પણ મોક્ષ મળ્યો.

સૂર્યદેવે શેત્રુંજી નદીના કિનારે જિનમંદિર બંધાવેલું તે અત્યંત પ્રભાવશાળી હતું. શાંતન રાજાએ રોજ આ મંદિરમાં જિનપૂજા કરી હતી. એમાં પણ ઇશાનેન્દ્ર જ પ્રેરણાદાતા.

(૩) સૌધર્મઈન્દ્ર. એણે ભરત ચક્રવર્તીને જણાવેલું કે 'શત્રુંજય પર્વત પાસે ચૌદ મહાનદીઓ વહે છે. ઐન્દ્રી, નાગેન્દ્રી, અમલહ્રદા વગેરે નામ છે. દરેક નદીનું પ્રાગટ્ય ઈન્દ્ર અથવા દેવ દ્વારા થયેલું છે.'

આ મહિમા સાંભળ્યા બાદ ભરત ચક્રવર્તીએ આ શેત્રુંજી નદીમાં સ્નાન કર્યું હતું. નદીમાં જ ઉગેલા કમળ તેમજ નદી કાંઠે ઉગેલા ફૂલ તેણે લીધા હતા, કળશામાં નદીનું પાણી ભર્યું હતું. એ બધું સાથે લઈને તે ગિરિરાજ પર ચડ્યા હતા તેમજ એ જ કમળ, ફૂલ અને જળથી આદિનાથદાદાની ભક્તિ કરીને તે પુલકિત બન્યા હતા.

(ઈશાન ઈન્દ્ર, ધરણ ઈન્દ્ર અને સૌધર્મઈન્દ્ર અલગ અલગ સમયે

શેત્રુંજી નદીનું માહાત્મ્ય વર્ણવે છે તેનાથી એ સમજાય છે કે આ નદી દેવી દેવતાઓની પ્રિય નદી છે.)

(૪) ભરત ચક્રવર્તીના સમયમાં વિમલગિરિના બે શિખરની વચ્ચેથી આ નદી વહેતી હતી. અત્યારે શેત્રુંજી નદીના સામા કિનારે કદંબગિરિ અને અન્ય ટેકરીઓ જોવા મળે છે. આ કિનારે સિદ્ધિગિરિ, હસ્તગિરિ તેમજ અન્ય ટેકરીઓ જોવા મળે છે અને એ તો સૌ જાણે છે કે કદંબગિરિ એ ગિરિરાજનો જ એક ભાગ છે.

(૫) આ નદી કિનારે ઉગેલાં વૃક્ષોના ફળ વાપરે અને આ નદીનું પાણી પીએ, આવું જે છમાસ સુધી કરે છે તેના, વાત-પિત્ત-કુષ્ટ આદિ રોગોનો નાશ થાય છે. આ નદીના જળનો સ્પર્શ, કાંતિ, કીર્તિ, લક્ષ્મી, બુદ્ધિ, ધૃતિ, પુષ્ટિ અને સમાધિ આપે છે. આ નદીની માટી શરીર પર લગાડવાથી શરીરના રોગો દૂર થઈ જાય છે.

આ આખી વાત આયુર્વેદ અને નિસર્ગોપચારને મળતી આવે છે. આવા ભૌતિક સ્વાર્થ માટે નદી પાસે જવાનું હોય નહીં. આ મહિમાગાન છે. નદીના પ્રભાવનું વર્ણન કરવા માટે આ રીતે રજૂઆત કરવામાં આવે છે. આવી શક્તિનું વર્ણન કરવામાં આવે તેમાં અસત્ય કશું હોતું નથી. આ ગૌરવગાનમાં જ જણાવ્યું છે કે 'શેત્રુંજી નદીના જળ દ્વારા સ્નાન કરવાથી પાપ ચાલ્યા જાય છે.'

(૬) સૌધર્મ ઈન્દ્રે ભરત ચક્રવર્તીને જણાવેલી વાત ગજબનાક છે : જેમ દેવોમાં સૌથી મુખ્ય છે આદિનાથ પ્રભુ. જેમ તીર્થોમાં સૌથી મુખ્ય છે સિદ્ધાચલજી. તેમ નદીઓમાં સૌથી મુખ્ય છે શેત્રુંજી નદી.

આ એકથી છ સુધીના ઉલ્લેખો મુખ્યત્વે શ્રી શત્રુંજય માહાત્મ્ય ગ્રંથના છે. સરકારી દૃષ્ટિએ પણ શેત્રુંજીની વાત ટૂંકા પાનાની નથી, લાંબી છે.

(૧) શેત્રુંજી નદીની લંબાઈ બસ્સો સત્યાવીસ કિલોમીટરની છે. અર્થાત્ નદીનો આરંભ થાય છે તે જગ્યાએથી લઈને આ નદી દરિયામાં ભળે છે તે સ્થાન સુધીની લંબાઈ ૧૪૧ માઈલની છે. આ નદીનો કેચમેન્ટ એરિયા ૫૬૩૬ સ્કવેર કિલોમીટરનો છે.

(૨) આ નદીને ગીરના જંગલમાં વહેનારી નદી તરીકેનું સમ્માન મળ્યું છે. વિકિપિડિયા જણાવે છે કે અમરેલી જિલ્લામાં ધારી ગામ પાસે આવેલ ચાંચાઈ ટેકરીમાંથી આ નદી નીકળે છે અને તળાજાની પાસે ખંભાતના અખાતમાં એનો સમુદ્ર સંગમ થાય છે.

(૩) ગળધરા ધોધ ઓ શેત્રુંજી નદીનો ખૂબસૂરત જળધોધ છે. વૉટરફૉલ. આ ધારીની પાસે છે. નદીના પાણી ૫૦ ફૂટની ઊંચાઈથી નીચે ખાબકે છે. લીલાછમ પાણીમાં ફૂટતા ફીણના ગોટા જોવા વરસે દહાડે લાખો સહેલાણીઓ અહીં આવે છે. જળપ્રપાતની ઊંચાઈના એક કિનારે ખોડિયાર માતાનું મંદિર છે. તેની પાછળ ઘણું જૂનું રાયણવૃક્ષ છે. ગિરિરાજ પર રાયણવૃક્ષ છે એની જેમ શેત્રુંજીના કાંઠે અહીં રાયણવૃક્ષ છે. શું અત્રે પધાર્યા હશે શ્રી ઋષભદેવ ભગવાન? કલ્પના રોમાંચક છે.

(૪) ઈ. સ. ૧૯૫૯માં શેત્રુંજી ડેમ બંધાયો. આ ડેમના પાણી, ૫૬,૦૦૦ + ૮૬,૦૦૦ એકર જેટલી જમીનને ખેતી માટે સિંચે છે. સંદર્ભસૂત્ર જણાવે છે કે Shetrunji supplies drinking water to Bhavnagar. અર્થાત્ આખું ભાવનગર શેત્રુંજીના પાણી પર જીવે છે.

(૫) શેત્રુંજી નદી પર બીજો પણ એક મોટો ડેમ બનેલો છે તેની જાણ કેટલા જૈનોને છે? આ ડેમનું નામ છે 'ખોડિયાર ડેમ'. આ ડેમ સન્ ૧૯૬૭માં બન્યો. આ ડેમ ૧૧૯ ફીટ ઊંચો છે. ઉગમબિંદુથી લગભગ ૫૫ કિલોમીટર પર બનેલા આ ડેમને લીધે આખાયે અમરેલીને પીવાનું પાણી મળે છે. અમરેલી તાલુકાના ૨૪ ગામમાં શેત્રુંજી નદીના પાણીથી સિંચાઈ થાય છે. ગામની બહારના ખેતરોની સિંચાઈ. તમે વિચારો. કેટલા ખેતરો સિંચાતા હશે, ભાઈ?

(૬) શેત્રુંજી નદીના સમાચાર ચોમાસામાં ભયાવહ હોય છે. ગીરના જંગલમાં શેત્રુંજીના પૂર કેવો વિનાશ નોતરે છે તેનો અહેવાલ વાંચીએ તો કંપારી છૂટી જાય.

સન્ ૨૦૧૫, ૧૧ જુલાઈના સમાચારમાં DNA જણાવે છે કે દસ જેટલા સિંહ, ૮૦ હરણ અને ૧૬૭૦ નીલગાય પૂરમાં તણાઈને મરણ પામ્યા. નદી મોટી હોય તો જ આવા રમખાણ મચે. પાલીતાણામાં ચોમાસામાં પૂર ચડે છે ત્યારે જે રૌદ્રરૂપ હોય છે નદીનું, તે જોનારા જ સમજી શકે કે શું આ નદી છે.

(૭) નાનકડી એવી નદી નથી શેત્રુંજી. આ મહાનદી છે. જે નદી અન્ય નદીમાં ભળી જાય તે કેવળ નદી રહે છે. જે નદી દરિયામાં ભળે તેને મહાનદી કહેવાય છે. તળાજાની આગળ આ નદી સમંદરમાં ભળે છે. તે પૂર્વે આ નદી શેલ, ખારી અને તળાજી નદીને એક કિનારેથી જોડે છે તો સાતાલી, ઢબી, રાજાવલ, ઘેલો અને ખારો આ નદીને બીજા કિનારેથી જોડે છે. મતલબ કે કુલ સાત નદીઓ આ મહાનદી સાથે જોડાયેલી છે. આ નદીનો સમુદ્ર સંગમ કેટલા જૈનોએ જોયો હશે? ભાવનગરથી મુંબઈ માટે ઉડનારી ફ્લાઈટ ટેક ઑફ કરે તે વખતે બારીમાંથી નીચે નજર રાખનારને પહેલાં અલંગ દેખાય, ને તે પછી આ નદીની રેખા દરિયામાં ભળતી જોવા મળે છે. આ દૃશ્ય એકાદ મિનિટમાં પાછળ રહી જાય છે. જેણે જોયું તેણે મને જણાવ્યું અને આ લો, મેં તમને જણાવ્યું. શિલ્પશાસ્ત્ર કહે છે કે જ્યાં નદી દરિયામાં ભળે તે તીર્થભૂમિ જેવી પવિત્ર ભૂમિ કહેવાય. શેત્રુંજી નદી તો સ્વયં તીર્થ નદી છે. એ દરિયામાં ભળે તે દૃશ્ય પણ પવિત્ર અને તે સ્થાન પણ પવિત્ર. ગૂગલ મેપના ફોટાઓ જોઈને આ સમુદ્ર સંગમનું સ્થાન શોધી શકાય છે. ત્યાં સુધી જવાનો રસ્તો હશે જ. કોઈક ત્યાં જાય ને જુએ તો ત્યાંના વાતાવરણનો સાચો અંદાજ આપી શકે. શેત્રુંજી નદી સંબંધી શાસ્ત્રીય અને સરકારી વિગતો વાંચ્યા બાદ એક વાત તો બરોબર સમજાય છે કે આ નદીનું ગજું મોટું છે.

આ નદી માટે આજની તારીખે શું કરી શકાય? જે સૂઝે છે તે આ મુજબ છે.

(૧) નવાણું યાત્રાના નિશ્રાદાતા ગુરુ ભગવંત સળંગ ત્રણ દિવસ કેવળ શેત્રુંજી નદી ઉપર જ વ્યાખ્યાન આપે. શ્રી શત્રુંજય માહાત્મ્ય ગ્રંથમાંથી ઘણાં મુદ્દા મળી આવે છે.

(૨) દરેક નવાણુના આયોજકો રોજેરોજ એક નાની ટીમને શેત્રુંજી નદીના પાણી લેવા મોકલે. આ ટીમ, જલદેવતા સંબંધી મંત્રો બોલીને પાણી ભરે. આ પાણી જય તળેટીએ અને દાદાના દરબારમાં અભિષેક વખતે અર્પિત થાય. ચોમાસામાં પણ આ રીતે તળેટીનો લાભ મળી શકે.

(૩) જેટલા યાત્રાળુઓ ગિરિરાજ જાય છે તેઓ સાંજે શેત્રુંજીના દર્શન કરવા અવશ્ય જાય.

(૪) એકથી વધુ દિવસ જેઓ રોકાય તેઓ શેત્રુંજી નદીના જળ લેવા જાય અને એ જળ લઈને ઉપર ચડવું છે તેવા ભાવ રાખે.

(૫) શત્રુંજયથી હસ્તગિરિ જવાના રસ્તે શેત્રુંજી નદી જોવા મળે છે. હસ્તગિરિ પહોંચવાની ઉતાવળ કર્યા વગર, શેત્રુંજી નદી પાસે બેસવાનો સમય મળે તે રીતે જ પ્રવાસ ગોઠવવો.

(૬) એક વાર સવાર અથવા એક સાંજની ભક્તિનો કાર્યક્રમ શેત્રુંજીના કિનારે જ રાખવો. ત્રણેક કલાક નદીના સંગે રહેવાનો લાભ મળે.

આ કાર્યક્રમમાં શેત્રુંજી નદી સંબંધી સ્તવના અને સ્વાધ્યાય જ કેન્દ્રમાં રહે તેનું ધ્યાન રાખવું. (શેત્રુંજી નદી સ્તવના આ જ અંકમાં છપાયેલી છે.)

(૭) પદયાત્રા સંઘનો એક પડાવ નદીના તીરે જ હોય તે રીતે છરીપાલક સંઘને શેત્રુંજી નદી સાથે જોડવાનું વિચારવું.

(૮) સવારે અથવા સાંજે શેત્રુંજી નદીના કિનારે ધ્યાન સંબંધી કાર્યક્રમ રાખી શકાય. જાપ, મંત્રોચ્ચાર આદિ દ્વારા સાત્ત્વિકતાનું સર્જન નદીકાંઠે થાય.

(૯) નવાણું ન કરી રહ્યા હોય તેવા મહાનુભાવો પણ શેત્રુંજી નદીના કિનારે સ્નાન કરે અને રોહિશાળા માર્ગેથી ઉપર આરોહણ કરે એવી યાત્રાનું ગોઠવી શકાય.

(૧૦) પાલીતાણાની તમામ ધર્મશાળાઓ, જિનાલયો તેમજ શેઠશ્રી આણંદજી કલ્યાણજી પેઢી–આ સૌ મળીને કોઈ એક દિવસને શ્રી શેત્રુંજી નદી દિન તરીકે ઉજવે. એ દિવસે શેત્રુંજીના કાંઠે સૌનો સામૂહિક મેળો યોજાય. એને શેત્રુંજીનો મેળો એવું નામ આપો તોય ચાલે.

આવું ઘણુંય થઈ શકે છે. એક વિધાન મળે છે કે, શેત્રુંજી નદીની જ માટીથી માટલા બનાવડાવવા. એ માટલામાં શેત્રુંજી નદીના જ પાણી ભરવા. એ માટલામાં ભરેલું પાણી માથે ચડાવીને યાત્રા કરતાં જે દાદા આદીશ્વર પાસે પહોંચે છે અને એ માટલાના જળ થકી દાદાનો અભિષેક કરે છે તે શીઘ્ર મોક્ષગામી બને છે.

એક અન્ય વિધાન પણ મળે છે કે 'જે સંઘપતિ છરીપાલક લઈને આવે તે શેત્રુંજીનું જળ અને અન્ય તીર્થોના જળ મંગાવીને તેના દ્વારા દાદાનો અભિષેક કરે. આ રીતે અભિષેક કરનાર સંઘપતિને તીર્થંકર, ઈન્દ્ર કે ચક્રવર્તીનું પદ મળે છે.'

શેત્રુંજી નદી ચોમાસામાં રૌદ્ર હોય છે. શિયાળામાં સૌમ્ય હોય છે, ઉનાળામાં ક્ષીણ હોય છે. મેઘાણી સાહેબની કથાઓમાં ક્યાંક શેત્રુંજી વણાયેલી જોવા મળે છે. શેત્રુંજી ડેમ પરથી સિંહ પસાર થતા હોય એવું દૃશ્ય ચર્ચામાં આવતું રહે છે. ભંડારિયા ગામથી શેત્રુંજી નદી અઢી કિલોમીટર દૂર છે. ભંડારિયાના કોઈ ઊંચા મકાન પરથી શેત્રુંજીને જુઓ તો તમને એના વિશાળ પટ સામે ગિરિરાજ નાનકડો લાગશે. ગિરિરાજનો પૂરેપૂરો પડછાયો આ નદીમાં જોવા મળે છે. મેં આ પડછાયો, ભંડારિયાથી પણ જોયો છે, કદંબગિરિ પરથી પણ જોયો છે અને શેત્રુંજી ડેમ પરથી પણ જોયો છે. અદ્‌ભુત લાગે છે. પાતાળે જસ મૂળ છે, આ પંક્તિનો સાક્ષાત્કાર થાય છે જાણે. હસ્તગિરિની મોક્ષભૂમિની ટેકરીની પાછળ નીચે શેત્રુંજી દેખાય છે તે નઝારો એકદમ અલગ છે. હસ્તગિરિની પાછળથી કદંબગિરિ જવાય, ઉનાળાના દિવસોમાં આખો પટ સૂકાયેલો હોય છે ત્યારે. આવી યાત્રાનો આનંદ મેળવ્યો છે. વચ્ચે એકાદ બે ક્ષીણધારા કૂદવી પડે બાકી પાણી ન હોય. તો જેઠ વદમાં આ નદીને અડોઅડ જતી પાયવાટ પરથી વિહાર કર્યો છે, હસ્તગિરિથી સિદ્ધગિરિ. પ્રચંડ હવા, ઉછળતાં પાણી અને દૂર દૂર સુધીનો જળ વિસ્તાર. ક્યારેય ન ભૂલાય તેવો અનુભવ.

✶ ✶ ✶

## જૈનસાહિત્ય જ્ઞાનસત્ર – ૧૫

અર્હમ સ્પિરિચ્યુઅલ સેંટર સંચાલિત સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી રિસર્ચ સેન્ટર આયોજિત જૈનસાહિત્ય જ્ઞાનસત્ર-૧૫, તા. ૧૮ અને ૧૯ ફેબ્રુઆરી-૨૦૧૭ શનિ-રવિ અમદાવાદ મુકામે યોજાશે.

ડૉ. રતનબેન ખીમજી છાડવા પ્રેરિત જ્ઞાનસત્ર ગુજરાત વિશ્વકોશ ભવન, ઉસ્માનપુરા, અમદાવાદ ખાતે પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈના પ્રમુખસ્થાને યોજાશે.

આ પ્રસંગે ગુણવંત બરવાળિયા સંપાદિત જ્ઞાનસત્રના શોધપત્રોના ગ્રંથોનું વિમોચન થશે.

સુરેશભાઈ ગાલા, ડૉ. પાવર્તીબહેન ખીરાણી, ડૉ. રેણુકા પોરવાલ, ડૉ. કાંતિભાઈ શાહ, ડૉ. કોકિલા શાહ, ડૉ. પૂર્ણિમા મહેતા, ડૉ. નિરંજન રાજ્યગુરુ, ડૉ. મનસુખ સલ્લા, ડૉ. બળવંત જાની વગેરે વિદ્વાનો 'વિનયધર્મ' પર શોધપત્રો પ્રસ્તુત કરશે.

ડૉ. છાયાબહેન શાહ, ડૉ. રતનબહેન છાડવા, ડૉ. પ્રીતિબહેન શાહ, મિતેશભાઈ શાહ વગેરે વિદ્વાનો 'જૈન દર્શન અને કેળવણી વિચાર' પર નિબંધો પ્રસ્તુત કરશે.

સત્રમાં વિવિધ ક્ષેત્રના પચાસ કરતાં વધુ વિદ્વાનો ઉપસ્થિત રહેશે.

# અષ્ટપ્રકારી પૂજાની કથાઓ

**૮ ફળપૂજા કથા** **❑ આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી**

## એક ગરીબ દુર્ગતા નારી અને પ્રભુની ફળ પૂજા

કેટલો કાળ વીત્યો આ કથાને એની ક્યાં કોઈને ખબર છે? કિંતુ કાળને વીંધીને કેટલીક કથાઓ ટકી રહે છે. પોતાનું તેજ પ્રસારે છે.

યુગો પૂર્વેની વાત છે.

કંચનપુર નામનું નગર છે. આ નગરના રાજાનું નામ નરસુંદર.

રાજા ખૂબ ધર્મશ્રદ્ધાળુ, પ્રજા પણ ઘણી ભાવિક.

નગરની બહાર એક આંબાવાડિયું. આ આંબાવાડિયાના મધ્યમા રાજાએ એક જિનમંદિર બંધાવેલું. એ જિનમંદિરમાં જિનેશ્વર ભગવાન શ્રી અરનાથ પ્રભુની ત્રિકાળ પૂજા કરવા માટે રાજા ત્યાં જાય.

પ્રભુના ચરણમાં રાજા રોજ ફળ ધરે.

સુંદર મજાનાં ફળ મૂકીને રાજા ફળ પૂજા કરે.

પ્રજાજનો પણ ટોળે વળીને રોજ ત્યાં દર્શન અને પૂજા કરવા આવે. પ્રભુની શાંત રસ ઝરતી પ્રતિમાની નેત્રાવલિમાંથી જે અમૃત ઝરે તે સૌના હૈયે શાતા પ્રસારે.

આ દેરાસરમાં એક નારી આવે. એ સાવ ગરીબ. નારીના ભાવ ઘણા મોટા. એ નારીનું નામ દુર્ગતા. એ રાજાને રોજ સુંદર મજાનાં ફળો લઈને પ્રભુના શરણે મૂકતાં જુએ. દુર્ગતા નારીના મનમાં થાય કે મને પણ આવો લાભ ક્યારે મળશે?

એક દિવસ તો હદ થઈ ગઈ.

દુર્ગતા દેરાસરમાં ગઈ અને નરસુંદર રાજા પ્રભુને સુંદર મજાનું આમ્રફળ ધરતા હતા.

દુર્ગતાની આંખમાં પાણી આવી ગયાં. એને થયું કે પોતાને આવી ક્યારે શક્તિ મળશે કે પોતે પણ પ્રભુના ચરણમાં આમ્રફળ મૂકે!

દુર્ગતા દેરાસરમાંથી બહાર નીકળી.

દુર્ગતા એક આંબાના વૃક્ષની નીચેથી પસાર થતી હતી. એ જ વખતે આંબાની ડાળ પરથી આમ્રફળ પડ્યું.

દુર્ગતાએ પોતાના હાથમાં ઝીલી લીધું.

એ ખુશ ખુશ થઈ ગઈ.

એ દેરાસરમાં દોડી. ભાવથી પ્રભુના ચરણમાં એ ફળ મૂક્યું. પ્રભુને હાથ જોડીને પ્રાર્થના કરી. ભગવાન, મારું કલ્યાણ કરજો.

એ દેરાસરમાંથી બહાર આવી અને વિચારમાં પડી. એને થયું કે આ ફળ ક્યાંથી પડ્યું હશે? કોણે પાડ્યું હશે? તેણે ચારેકોર જોયું. ઉપર જોયું. આંબાની ડાળ પર લીલા રંગનું પોપટ યુગલ બેઠેલું જોયું. દુર્ગતા પામી ગઈ કે આ યુગલે જ મને આ ફળ આપ્યું. તેણે પ્રેમથી ઇશારો કરીને પોપટ યુગલને પોતાની પાસે બોલાવ્યું. પોપટ યુગલ તેની પાસે આવ્યું! દુર્ગતાએ તેને પોતાના ખોળામાં લીધું. દુર્ગતાએ તેના પર વહાલથી હાથ પ્રસાર્યો. દુર્ગતાની અને પોપટ યુગલની દોસ્તી થઈ ગઈ.

હવે રોજ દુર્ગતા દેરાસર આવે ત્યારે પોપટ યુગલ તેની રાહ જુએ. ઉપરથી આમ્રફળ ફેંકે. દુર્ગતા પ્રભુના ચરણે ધરે.

દુર્ગતા મૃત્યુ પામીને દેવલોકમાં ગઈ.

પોપટ મરીને ગંધીલા નામની નગરીમાં સુંદર રાજાની રાણી રત્નાદેવીની કુક્ષીમાં આવ્યો.

એ સમયે રત્નાદેવીને આમ્રફળ ખાવાનો દોહદ થયો.

એ સમયે કેરીની મોસમ નહોતી. રાજા ચિંતામાં ડૂબી ગયો. એણે રાણીને કહ્યું: 'અત્યારે આમ્રફળ ક્યાંથી મળે?'

રાણી કહે: 'જો એમ નહીં થાય તો બે જીવનાં મૃત્યુ થશે.'

રાજા કંપી ગયો.

રાણી દિવસે દિવસે સૂકાવા લાગી.

એ સમયે દેવલોકમાં રહેલા દુર્ગતા નારીમાંથી દેવ બનેલા દેવનું આસન ડોલ્યું. તેણે પોતાનો પૂર્વભવ જોયો. પોપટને રાણીની કુક્ષીમાં આવેલો જોયો. રાણીને થયેલો મનોભાવ જોયો.

એ દેવ આમ્રફળની ટોપલી લઈને રાજાના દરબારમાં આવ્યો.

રાજાની ખુશીનો પાર ન રહ્યો.

રાજાએ સોના-ચાંદી અને રત્નથી આગંતુકને ઢાંકી દીધો. એને કહ્યું, 'ભાઈ, તું આવી કમોસમમાં આમ્રફળ લાવ્યો ક્યાંથી? કેટલી સુંદર કેરીઓ છે.'

આગંતુક કહે, 'રાજન! આ બધી કર્મની લીલા છે. જે આંબો વાવે તેને આંબો મળે. આ કમોસમમાં મને આમ્રફળ મળ્યાં અને તમારી પાસે લાવી શક્યો તેનું કારણ રાણીના ગર્ભમાં રહેલા પુત્રનો પુણ્યપ્રભાવ છે.'

આટલું કહીને આગંતુક અદૃશ્ય થઈ ગયો.

રાજા સમજી ગયો કે એ કોઈ દેવ હતો અને મારે ત્યાં પધારનાર પુત્ર ઘણો પુણ્યશાળી છે.

રાજાએ આખી ઘટના રાણીને કહી અને કેરીઓ આપી.

રાણી કેરી પામીને ખુશ થઈ ગઈ. પોતાનો પુત્ર પુણ્યશાળી છે તે જાણીને તેના સુખનો પાર ન રહ્યો.

રાજા અને રાણીએ નક્કી કર્યું કે આપણે આપણા પુત્રનું નામ ફલસાર રાખીશું. એમ જ થયું.

ફલસાર મોટો થયો અને તેનાં લગ્ન થયાં તે સમયે એક અજાણ્યા જ્યોતિષીએ ફલસારને કહ્યું, 'કુંવર, તમે જે રાજકુમારી ચંદ્રલેખાને પરણ્યા છો તે તમારી પૂર્વભવમાં પત્ની પોપટી હતી. તમે પોપટ હતા. તમારી સહાયથી દુર્ગતા નામની નારી પ્રભુની ફળપૂજા કરતી હતી. એ ફળ પૂજાના પ્રભાવથી દુર્ગતા દેવલોકમાં ગઈ અને તમે બન્ને રાજકુળમાં જન્મ્યાં છો.'

કુંવર હસી પડ્યો.તેણે કહ્યું, 'એ દેવલોકનો દેવ તમે પોતે છો ને?'

વૃદ્ધ જ્યોતિષી હસી પડ્યો. એ અદૃશ્ય થઈ ગયો.

ફલસાર રાજા થયો. ચંદ્રલેખા તેની પટરાણી બની. કિંતુ જેના પુણ્યપ્રભાવથી પોતે આ માનવભવ પામ્યા તે જિનેશ્વર ભગવાનની ફળ પૂજા તેઓ ક્યારેય ન ચૂક્યાં.

રાજા અને રાણી રોજ ત્રિકાળ પૂજા કરતાં રહ્યાં. કહે છે કે ભગવાનની કરેલી ત્રિકાળ ફળ પૂજાથી તેમને મોક્ષનું અમરફળ પ્રાપ્ત થયું.

**ફળ પૂજાના દુહા**

૧. અષ્ટમ ગતિ વરવા ભણી, આઠમી પૂજા સાર;
તરુ સંચિત ફળ પામીએ, ફળથી ફળ નિરધાર.
ઈન્દ્રાદિક પૂજા ભણી, ફળ લાવે ધરી રાગ;
પુરુષોત્તમ પૂજા કરી, માગે શિવફળ ત્યાગ.

**–પં. વીરવિજયજી**

૨. શ્રીકાર ઉત્તમ વૃક્ષનાં ફળ લઈ નરનાર;
જિનવર આગે જે ધરે, સફલો તસ અવતાર.
ફળ પૂજાના ફળ થકી, કોટી હોય કલ્યાણ;
અમર વધૂ ઊલટ ધરી તસ ધરે ચિત્તમાં ધ્યાન.

**–શ્રી દેવવિજયજી**

૩. જસ ફલ ઉપમ જગ નહિ, પામ્યા પછી ન અંત;
અવ્યાબાધ અચલ અરૂજ, માગો સુખ અનંત.

**–પં ઉત્તમવિજયજી**

**દુહાઓનો ઉપસંહાર**

ઈણવિધ અષ્ટપ્રકારી પૂજા, કરશે તસ નિત્ય સુખ શાતા;
સિદ્ધિ બુદ્ધિ દિઠ્ઠી અડ ભવિજન પામી અડપવયણ માતા.
હરિ પરે ભક્તિ કરો પ્રભુ કેરી.
રાગ દ્વેષ ટાળી જિનપૂજન, અષ્ટમી ગતિ અનુક્રમે લહે;
અષ્ટકર્મ સમતાયે બાળી, નીલતરુ વન હિમ દહે.
હરિ પરે ભક્તિ કરો પ્રભુ કેરી.

**–પંડિત વિરવિજયજી**


## પુસ્તક મનુષ્યનો શ્રેષ્ઠ મિત્ર છે. ખરીદો, આપો અને સહુમાં વહેંચો

**રૂ. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂ. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂ. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો**

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો**

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂ. |
|---|---|---|
| | **ડૉ. રમણલાલ ચી. શાહ લિખિત અને સંપાદિત ગ્રંથો** | |
| ૧ | જૈન ધર્મ દર્શન | ૨૨૦ |
| ૨ | જૈન આચાર દર્શન | ૨૪૦ |
| ૩ | ચરિત્ર દર્શન | ૨૨૦ |
| ૪ | સાહિત્ય દર્શન | ૩૨૦ |
| ૫ | પ્રવાસ દર્શન | ૨૬૦ |
| ૬ | શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ | ૩૨૦ |
| ૭ | જ્ઞાનસાર | ૧૦૦ |
| ૮ | જિન વચન | ૨૫૦ |
| ૯ | જિન તત્ત્વ ભાગ-૧ થી ૯ | ૫૪૦ |
| ૧૦ | વંદનીય હૃદયસ્પર્શ ભા. ૩ | ૫૦ |
| ૧૧ | વંદનીય હૃદયસ્પર્શ (ઓલીવ) | ૨૫૦ |
| ૧૨ | પાસપોર્ટની પાંખે ભાગ–૧થી૩ | ૫૦૦ |
| ૧૩ | સાંપ્રત સહચિંતન ભાગ-૧૬ | ૧૮૦ |
| | **પ્રો. તારાબહેન ર. શાહ લિખિત** | |
| ૧૪. | આપણા તીર્થંકરો | ૧૦૦ |
| ૧૫. | સંસ્કૃત નાટકોની કથા ભા. ૧. | ૧૦૦ |
| | **ડૉ. કલાબહેન શાહ લિખિત** | |
| ૧૬. | ચંદ્ર રાજાનો રાસ | ૧૦૦ |
| | **ડૉ. રશ્મિ ભેદા લિખિત** | |
| ૧૭. | અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની | ૨૫૦ |
| ૧૮. | ઊગ્યો મુક્તિનો અરુણોદય સમ્યગ્દર્શન | ૨૦૦ |
| | **ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત** | |
| ૧૯. | જૈન પૂજા સાહિત્ય | ૧૬૦ |
| | **ડૉ. રેખા વોરા લિખિત** | |
| ૨૦. | આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ | ૨૮૦ |
| | **ડૉ. રમેશભાઈ લાલન લિખિત** | |
| ૨૧. | જૈન દંડ નીતિ | ૨૮૦ |
| | **સુરેશ ગાલા લિખિત** | |
| ૨૨. | મરમનો મલક | ૨૫૦ |
| ૨૩. | નવપદની ઓળી | ૫૦ |
| ૨૪. | ભગવદ ગીતા અને જૈન ધર્મ૧૫૦ | |
| | **ઈલા દીપક મહેતા સંપાદિત** | |
| ૨૫. | **સંવત્સરી પ્રતિક્રમણ વિધિ સહિત** મૂળ સૂત્રનો ગુજરાતી-અંગ્રેજી-હિંદી ભાવાનુવાદ | ૩૫૦ |
| | **ડૉ. કે. બી. શાહ લિખિત** | |
| ૨૬. | જૈન કથા વિશ્વ | ૨૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ સંપાદિત ડૉ. ધનવંત શાહ લિખિત** | |
| ૨૭. | વિચાર મંથન | ૧૮૦ |
| ૨૮. | વિચાર નવનીત | ૧૮૦ |
| | **આચાર્યશ્રી વાત્સલ્યદીપ સૂરિકૃત** | |
| ૨૯. | જૈન ધર્મ | ૭૦ |
| ૩૦. | ભગવાન મહાવીરની આગમવાણી | ૪૦ |
| ૩૧. | જૈન સજ્ઝાય અને મર્મ | ૭૦ |
| ૩૨. | પ્રભાવના | ૧૨ |
| ૩૩. | સુખ તમારી પ્રતિક્ષા કરે છે | ૩૯ |
| ૩૪. | મેરુથીયે મોટા | ૧૦૦ |
| ૩૫. | JAIN DHARMA [English] | ૧૦૦ |
| | **ડૉ. કુમારપાળ દેસાઈ કૃત** | |
| ૩૬. | અંગ્રેજી ભાષામાં જૈનીઝમ : કોસ્મિક વિઝન | ૩૦૦ |
| ૩૭. | શ્રી જૈન મહાવીર ગીતા એક દર્શન | ૩૫૦ |
| | **ગીતા જૈન લિખિત રમજાન હસણિયા સંપાદિત** | |
| ૩૮. | રવમાં નીરવતા | ૧૨૫ |
| | **પુષ્પાબેન ચંદ્રકાંત પરીખ સંપાદિત** | |
| ૩૯. | પંથે પંથે પાથેય | ૧૨૫ |

**ઉપરનાબધાપુસ્તકોસંઘનીઑફિસેમળશે. સંપર્ક : પ્રવીણભાઈ ટે.નં.૨૩૮૨૦૨૯૬.**

રૂપિયા અમારી બેંકમાં–બૅંક ઑફ ઈન્ડિયા-કરંટ ઍકાઉન્ટ નં.૦૦૩૯૨૦૧૦૦૦૨૦૨૬૦ માં જમા કરી શકો છો. IFSC:BKID0000039

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬**

# દ્વિતિય બાહ્યતપ ઉણોદરી

☐ સુબોધીબેન સતીશ મસાલીઆ

ગતાંકમાં અનસન તપ વિષે જાણ્યું. હવે આજે આપણે જોઈશું દ્વિતિય બાહ્યતપ ઉણોદરી વિશે....ઉણ એટલે ઓછું ને ઉદર એટલે પેટ. શબ્દાર્થ પ્રમાણે આપણે એટલું જ સમજ્યા છીએ કે ભૂખ કરતાં થોડું ઓછું ખાવું એટલે ઉણોદરી વ્રત થઈ જાય...જો ખરેખર એવું જ હોત તો અનસન કરતાં ઉણોદરી વ્રત ઘણું સરળ થઈ જાય... તો પછી ભગવાને આ વ્રતને દ્વિતિય નંબરે મૂકવાની જરૂર ન હતી. જેમ આપણે બાળકને સહેલી વસ્તુ પહેલાં શીખવીએ, પછી એનાથી અઘરી... તેવી રીતે ભગવાને આપણને બાલજીવોને પ્રથમ નંબરે સહેલો... પછી એનાથી અઘરો... પછી એનાથી અઘરો એમ બાર પ્રકારના તપ બતાવ્યા છે. તમે અનુભવથી પણ જાણ્યું હશે કે એક વખત આઠ ઉપવાસ સરળતાથી થઈ જાય છે, પરંતુ આઠ ઉપવાસના પારણા પછી આઠ દિવસ ઉણોદરી વ્રત કરવું હોય તો થઈ શકતું નથી. હકીકતમાં અનસન કરતાં ઉણોદરી વ્રત અઘરું છે અને તે કેવી રીતે ? જાણો...કોઈ નવલકથાને બિલકુલ ન વાંચવી એ સહેલું છે, પણ એકવાર વાંચવાનું શરૂ કર્યા પછી, અંત વાંચ્યા વગર છોડી દેવી અઘરૂં છે. કોઈપણ ફિલ્મ જોવી જ નહીં તે સહેલું છે પરંતુ ફિલ્મમાં એકદમ રસ જામ્યો હોય...હવે અંત શું આવશે એ જાણવાની તાલાવેલી લાગી હોય ત્યાં કોઈ આવીને કહેશે કે બસ હવે બંધ કર...ત્યારે બંધ નહીં કરી શકાય...ફિલ્મનો અંત જોયા વગર ઉઠી જવું અઘરૂં છે. તેવી જ રીતે બિલકુલ ન જમવું. આજે ઉપવાસ કરી લેવો એ કદાચ હજી સહેલું છે, પરંતુ એકવાર જમવા બેઠા પછી પેટ ભરીને ખાધા વગર ઊભા થઇ જવું અત્યંત મુશ્કેલ છે. તમે દિવસમાં બે-ત્રણ વાર ખાતા હોય વચ્ચે એક-બે વાર ચા-નાસ્તો કરતા હોય, ગમે ત્યારે મોંમાં ચટર-પટર નાખ્યા કરતા હો ને પછી જમવા બેસો ત્યારે એક-બે રોટલી ઓછી ખાઈને માની લો કે ઉણોદરી વ્રત થઈ ગયું તો એમ કાંઈ ઉણોદરી વ્રત થાય નહિ.

પહેલાં આપણી વાસ્તવિક ભૂખ કેટલી છે તે શોધવું પડે. રોજની આદત પ્રમાણે, ઘડિયાળ પ્રમાણે જે ભૂખ લાગે છે તે સાચી ભૂખ નથી. કોઈ તમારી જાણ બહાર ઘડિયાળને આગળ પાછળ કરી દેશે તો પણ તે જ ઘડિયાળના ટાઈમ પ્રમાણે ભૂખ લાગશે, તે માનસિક ભૂખ છે. શારીરિક ભૂખ નથી. ધારો કે તમે રોજ ૧૨ વાગ્યે જમો છો. પણ કોઈએ એક કલાક ઘડિયાળ પાછળ કરી નાખી અગિયાર મૂકી દીધા. હવે આદત પ્રમાણે તમે કહેશો કે હજી તો ૧૧ જ વાગ્યા છે, ભૂખ પણ નથી લાગી. ૧૨ વાગે જમીશ. તેથી ઉલટું હજી ૧૧ વાગ્યા છે ને ઘડિયાળમાં કોઈએ ૧૨ મૂકી દીધા તો તમે કહેશો કે...'અરે... બાપ રે...૧૨ વાગી ગયા...લાવ જમી લઉં....' તો આ માનસિક ભૂખ છે...જો એ ભૂખ પર તમે ધ્યાન નહીં આપો તો તે ભૂખ સમી જશે. એટલે કે તમારો ૧૨નો જમવાનો ટાઈમ છે તે જવા દો. તે ભૂખ પર ધ્યાન નહિ આપો તો થોડી વારમાં ભૂખ સમી જશે. હવે સમય પસાર થવા દો. એમ કરતાં કરતાં એક સમય એવો આવશે કે તમારું આખું શરીર, રોમ રોમ પોકાર કરશે કે ભૂખ લાગી છે. તે જ સાચી ભૂખ છે. આવી સાચી ભૂખ બહુ મુશ્કેલીથી લાગે છે. આવી વાસ્તવિક ભૂખ ઉઘડે ત્યારે કરો ઉણોદરી. વાસ્તવિક ભૂખથી અડધું જ જમવું. પા ભાગ પાણી માટે અને બાકીનો પા ભાગ ખાલી રાખવો. સંપૂર્ણ પેટ ભરવાની તૃપ્તિ થાય, તે પહેલાં જ અટકી જવું તેનું નામ છે ઉણોદરી. ઉણોદરી કરવા માટે વાસ્તવિક ભૂખ શોધવી પડે તેની માટે ત્રણ-ચાર ઉપવાસ કરવાથી માનસિક ભૂખની વ્યવસ્થા તૂટી જશે. પછી શારીરિક ભૂખ લાગવાની શરૂ થશે. એટલે જ કદાચ અનસન તપને પહેલા મૂક્યો હશે. જે અનસન કરી શકે છે તે જ ઉણોદરી કરી શકશે. સાચી ભૂખ આઠ-દસ કલાકે એકવાર પણ લાગી શકે, ત્યારે પેટ તૃપ્ત થાય એટલું નહીં પણ એના ઉણ પર રોકાઈ જાવ તે ઉણોદરી...તો જ તમે સીમાની અંદર છો... તમારા મનના માલિક છો. પણ જો તૃપ્તિનો પ્રયત્ન કર્યો, જ્યાં સુધી ખાઈ શકાય ત્યાં સુધી ખાધા કર્યું તો તમને તૃપ્તિનો આનંદ નહીં મળે. ખાધા જ કરશો પણ સંતોષ નહીં મળે... અંતે તેમાંથી વિષાદ અને હતાશા જ મળશે. પરિણામે દુ:ખી ને પરેશાન થશો. પીડા ભોગવશો... જ્યારે ઉણોદરી તમને સંતોષ અને તૃપ્તિનો આનંદ આપશે... એ તો લગભગ બધાનો જ અનુભવ હશે કે અકળામણ થાય એટલું ખાધે રાખવાથી ક્યારેય તૃપ્તિ કે સંતોષ મળતા જ નથી. હજી કાંઈક ખાઉં... પાન, મસાલા, મુખવાસ, છાસ, આઈસ્ક્રીમ... પણ જો પેટ ભરી ભરીને ખાધે જ રાખ્યું હશે તો આ કોઈ પણ વસ્તુ સંતોષ કે તૃપ્તિનો આનંદ આપી શકશે નહીં.

વિજ્ઞાન પણ એમ જ કહે છે ને કે જો તમારું સ્વાસ્થ્ય સારું રાખવું હોય તો ૫૦ ટકા ખોરાક, ૨૫ ટકા પાણી ને ૨૫ ટકા જઠર ખાલી રાખો. તો જ ખોરાકનું પાચન સારી રીતના થઇ શકે... જૈન ધર્મના બધા જ સિદ્ધાંતો વૈજ્ઞાનિક છે, પરંતુ વિજ્ઞાન હજી એમાંના ૧૦% જ સમજી શક્યું છે.

હવે સવાલ એ થાય કે આજનું આપણું જીવન જ ઘડિયાળના કાંટા પર થઈ ગયું છે તો આવું ઉણોદરી વ્રત કરવું કઈ રીતે ? ઑફિસ વગેરેમાં તો ટાઈમ ટુ ટાઈમ જ જમવા બેસવું પડે... ધંધા કે અન્ય કામકાજ માટે ટાઈમ પર જ નીકળવું પડે તો ટાઈમ પર જ જમવું પડે... હા તમારી વાત સાચી છે... અને આવા બધા કારણોસર આપણું ઉણોદરી વ્રત થોડું વિસરાઈ ગયું પણ... હવે આ વ્રત વિષે જાણ્યા પછી મહિનામાં એકાદ વખત તો રજાના દિવસે કે બીજી કોઈ રીતે એડજસ્ટ કરીને ઉણોદરી વ્રત કરવું... ને જેને અનુકુળતા

છે, ઘરે છે, કરી શકે તેમ છે તેણે તો વધુમાં વધુ દિવસ કરવું. તે કેવી રીતે કરવું? કે સવારે ઉઠીને ધારણા કરવી કે આજે મારે ઉણોદરી વ્રત કરવું છે... પછી 'ધારણા અભિગમ' પચ્ચખાણ લેવુ... પછી રોજનો ચા-પાણીનો સમય ટાળી દેવો... પા-અડધો કલાક કદાચ એવું લાગશે પણ પછી ભૂખ સમી જશે... પછી બને તો જમવાનો સમય પણ ટાળવો... તે ભૂખ પણ સમી જશે. તે પછી જ્યારે પણ એમ લાગે કે હવે ઘડિયાળનો સમય તો ગયો પણ મને ખૂબ જ ભૂખ લાગી છે. હવે તો ખાવું જ પડશે ત્યારે જે પણ ખાઓ તે ભૂખ કરતાં અડધું જ ખાવું. ૨૫% લીકવીડ કે પાણી માટે એટલે ૭૫% જેવું પેટ ભરાય ત્યારે ખાવાનું છોડી દેવું. સવારે ચા નાસ્તાને ટાળ્યા પછી બપોરના જમવાની પહેલાં જો એવી ભૂખ લાગે કે રહેવાય જ નહીં તો એક વખત ત્યારે પણ આજ રીતે ઉણોદરી વ્રત કરવું. ક્યારેક બેત્રણ દિવસ રજા હોય કે થઈ શકે તેમ હોય તો બીજા દિવસ સુધી પણ રાહ જોવી કે વાસ્તવિક ભૂખ ક્યારે લાગે છે? મને લાગે છે હવે ઉણોદરી વ્રત બરાબર સમજાઈ ગયું હશે. હવે એ પણ સમજી લો કે ઉણોદરી વ્રતમાં સૌથી વધારે કર્મ ખપાવવાનો મોકો ક્યારે આવશે? એ મોકો ત્યારે આવશે કે **જ્યારે ઘડિયાળના કાંટે ભૂખ લાગી હશે... મને કહેશે કે ના...જમી જ લેવું છે... પણ ત્યારે તમે એવી ભાવનામાં રત થશો કે 'આ ભૂખ પણ કાયમની નથી રહેવાની... દેરસબેર ચાલી જશે... આ પણ મહાવીરે બતાવેલ પ્રથમ અનિત્યભાવનાની જેમ અનિત્ય જ છે... હું સંપૂર્ણ સમતામાં સ્થિર થાઉં છું, આ ભૂખ પ્રત્યે ન રાગના કિરણ ફેંકીશ કે ન દ્વેષના... કેમકે મારે રાગ કે દ્વેષના કર્મોનો ગુણાકાર નથી કરવો... બસ હવે તો મારે આ કર્મને સમતાભાવે વેદીને એને નિર્જરવા છે.' આ બધું શબ્દોમાં બોલવાની જરૂર નથી... પણ જો આ ભાવનામાં રત રહેશો તો એક સમય એવો આવશે કે તમારી જાણ બહાર પણ આ ભાવના હૃદયમાં રમતી હશે અને હાલતા-ચાલતા કામ કરતાં પણ આ ભાવનાને કારણે તમારા કર્મ નિર્જરાતા હશે.**

પણ તમે એમ વિચારશો કે આજે તો ઉણોદરી વ્રત લીધું છે. એટલે ૧૨ના બદલે એક વાગ્યા સુધી તો રાહ જોવી જ છે. પરંતુ આ ખાવાનો ટાઈમ વયો જાય પછી શું ખાવાનું? ભૂખ પણ મરી જશે. (ખરેખર ઉણોદરી તો એ જ છે કે ભૂખ મરી જાય તો મરી જવા દો... પણ જ્યારે કુદરતી ભૂખ ઉપડે ત્યારે ખાઓ.) ના, બાપા...હોં... ઉપવાસ કરવો સારો... ઉપવાસ ક્યાંય થઈ જાય ખબર નથી પડતી પણ આ ઉણોદરી ખોટું... અરે ભાઈ...ઉપવાસ એટલા માટે સરળતાથી થઈ જાય છે કારણ કે સવારથી તમારી માનસિક તૈયારી છે કે આજ ખોરાક નહીં જ મળે... જ્યારે આમાં માનસિક તૈયારી એ છે કે રોમેરોમ પોકારે કે ભૂખ લાગી છે ત્યારે ખાવાનું છે... એટલે ઉપવાસ કરતા, ઉણોદરીમાં લાગેલી ભૂખ વધારે આકરી લાગશે... બસ ત્યારે સમતામાં સ્થિર થઈ કરો કર્મની નિર્જરા.

હવે તમે કહશો કે આવું ઉણોદરી વ્રત તો ક્યારેક જ થઈ શકે. રોજ માટે કેવી રીતે કરવું? રોજ મારે તો એટલું થઈ શકે કે જમવામાં તથા ચા-નાસ્તામાં ભૂખ કરતાં પા ભાગનું ઓછું ખાવું... ને વચ્ચે ચટર-પટર કાંઈ લેવું નહીં... આનાથી પણ મન પર થોડો કંટ્રોલ આવશે... સ્વાસ્થ્ય પણ સારું રહેશે... પણ સબૂર... સ્વાસ્થ્યની ભાવનાથી એટલે કે ભૌતિક ભાવનાથી પ્રેરાઈને કોઈ વ્રત કરવું નહીં... નહીં તો શું થશે? બંધ પુન્યનો પડશે પણ અનુબંધ પાપનો પડશે જેથી વ્રત-પચ્ચખાણ અંતે શૂન્ય થઈ જાય ને જીવ સંસારમાં રખડી જાય... આજકાલ ઘણાં શરીરને સુડોળ રાખવા માટે ડાયટીંગ કરતા હોય છે... **જો કોઈ ડાયટીંગ કરવાની ભાવનાથી પણ ઉણોદરી વ્રત ધારણ કરે તો પણ જેવો ભાવ એવો અનુબંધ... તો અનુબંધ તો પાપનો જ પડે ને... પાપાનુબંધી પૂન્ય બને જે ડૂબાડી દેશે, તારશે નહિ. માટે તમારી માન્યતાને બદલો–માન્યતામાં તો એજ હોવું જોઈએ કે 'નિગોદમાંથી પ્રથમવાર નીકળ્યો ત્યારથી.. એને નિગોદમાં પણ આ જીવે આહાર લીધા જ કર્યો છે... હવે મારો જીવ અણાહારી પદ પામે એ જ અંતરની ભાવના છે ને એજ ભાવનાથી હું આ વ્રત ગ્રહણ કરું છું.' આ ભાવનાના શબ્દો ફક્ત બોલવા માટે નથી પરંતુ હૃદયમાં, શ્વાસેશ્વાસમાં વણાઈ જાય ત્યારે કાંઈક કામ બને...**

ઉણોદરી વ્રતમાં હજુ જરા આગળ વધીએ તો... દરેક ઇંદ્રિયને પણ ઉદર છે, પેટ છે. દરેક ઇંદ્રિય પોતાની ભૂખ પૂરી કરવાની માગણી કરે છે. કાન કહે છે સંગીત સાંભળો, આંખ કહે છે સૌંદર્ય જૂઓ, હાથ કહે છે મુલાયમ સ્પર્શ કરો... બધી જ ઇંદ્રિય પોતાનું પેટ પૂરેપૂરું ભરવાની માગણી કરે છે. દરેક ઇંદ્રિયના ઉણ પર અટકી જવું, રોકાઈ જવું તે ઉણોદરી છે. તે જ ઇંદ્રિય જીતવાનો માર્ગ છે. મન જ્યારે એકદમ જોર કરે, ત્યારે તે સીમાથી પાછા ફરી જવું... વાસનાની તૃપ્તિમાં ને કષાયોમાં પણ આ જ નિયમ લાગુ પડે છે. જ્યારે ક્રોધ આવ્યો હોય ત્યારે પણ એક ખાસ માત્રા સુધી તમે એને રોકી શકો છો. જ્યારે તે સીમાની અંદર છે ત્યાં સુધી તમે એના માલિક છો. સીમાની બહાર ચાલ્યો ગયો પછી તે રોકાશે નહીં. જેમકે તમે પાણી ગરમ કરવા મૂક્યું તે પાણી ૯૯ અંશ સેલ્સિયસ ડિગ્રી ગરમ થતાં સુધીમાં તમે પાણીને ગરમી આપવાનું બંધ કરી દો તો પાણી, પાણી જ રહેશે. પરંતુ જો તે ૧૦૦ અંશ સેલ્સિયસ સુધી પહોંચી ગયું તો પછી એ વરાળ બનીને જ રહેશે. ફક્ત એક જ ડિગ્રીનું અંતર ને વાત આપણા હાથમાં રહેતી નથી. **હાથ ઉઠાવીને કોઈને થપ્પડ મારો તે પહેલાં જ એને પાછો ખેંચી લો તો તમે હાથના માલિક છો. ઇચ્છાઓના જે ગામમાં આપણે રહીએ છીએ ત્યાં આપણે પુરું કામ કરવા જ લલચાઇએ છીએ. પૂરું કર્યા પછી વિષાદ અને નિરાશા જ બચે છે. સભાનતાપૂર્વક દરેક ઇંદ્રિયોની ભૂખ, ઉદરની ભૂખ, વાસનાની ભૂખ, કષાયોની ભૂખ પૂર્ણ થયા પહેલાં જ તેના 'ઉણ' પર રોકાઈ જવું, અટકી જવું તે છે ઉણોદરી.** ✶ ✶✶

૧૯, ધર્મપ્રતાપ, અશોક રોડ, દામોદરવાડી, કાંદિવલી (ઈસ્ટ).
મુંબઈ-૪૦૦ ૧૦૧. Mob. : 9892163609.

ગાંધી વાચનયાત્રા

# ગાંધીમાં માટીમાંથી બહાદુરો પેદા કરવાની શક્તિ છે: ગોપાલકૃષ્ણ ગોખલે

□ સોનલ પરીખ

મહાત્મા ગાંધીની પુણ્યતિથિ ગયા મહિને ગઇ. દર વર્ષે વિચાર આવે કે એમની પુણ્યતિથિએ આપણે શું કરવું? ગાંધીજી વિશે લેખો લખવા કે વાંચવા? મૌન પાળવું? અભેરાઇ પરથી ધૂળ ખાતો ચરખો ઉતારી થોડા તાર કાંતી લેવા? સવારે ઊઠીને વૈષ્ણવજન ગાઇ લેવું? એકાદ ટંક માટે ખાદી પહેરવી? એકાદું ગાંધીપુસ્તક ઉઠાવી તેનાં પાનાં ફેરવી લેવાં? આમાંનું કંઇ પણ એક દિવસ માટે કરી લેવાથી શું થઇ જવાનું છે તેવો વિચાર કરી કંઇ ન કરવું – ને ત્યાર પછી બગડતા જતા સમાજ અને રાજકારણને થોડી ગાળો આપી ઊંઘી જવું?

મને લાગે છે કે રોજરોજની દોડધામ વચ્ચેથી આપણે એટલું તો જરૂર કરી શકીએ કે આજે પણ આખી દુનિયા જેમનું નામ આદરથી લે છે તે આપણા રાષ્ટ્રપિતા વિશેની આપણી અંધાધૂંધ જાણકારીમાં થોડો સાચો ઉમેરો કરીએ. એ પેઢી ક્યારની ચાલી ગઇ જે ગાંધીજી સાથે જીવી અને એ પેઢી પણ વિલીન થવાની તૈયારીમાં છે જે ગાંધીમૂલ્યોને જીવી. આજે એક તરફથી સતત કહેવાતું રહે છે કે વિશ્વને ગાંધીમૂલ્યોની જરૂર આજે જેટલી છે તેટલી ક્યારેય ન હતી તો બીજી તરફ એ મૂલ્યોમાં રસ લેનારા કે તેને સાચા અર્થમાં સમજનારા પણ બહુ ઓછા મળે છે. હા, ગાંધીજીના નામે પોતાનો કોઇક પથ્થર તરાવી લેનારાઓની ખોટ નથી. પુસ્તકોનું પણ તેમ જ. ગાંધીજી પર પુષ્કળ પુસ્તકો લખાય છે, પણ તેમાંનાં કેટલાંને અધિકૃત ગણવા તે મોટો સવાલ છે. જે લોકોને ગાંધીજી વિશે કૂતુહલ થાય તેમને માટે આમ જુઓ તો માહિતીની ખોટ નથી ને આમ જુઓ તો જેના પર નિર્ભર થવું ગમે તેવી વ્યવસ્થિત ને વિશ્વસનીય સામગ્રી એટલી સુલભ પણ નથી.

આ સંજોગોમાં અક્ષરભારતી પ્રકાશનનાં ગાંધીપુસ્તકો ખૂબ સંતોષ આપે છે, તૃપ્તિ આપે છે. આજે વાત કરીએ ચંદ્રશંકર શુક્લ સંપાદિત એક સાદા, સુંદર અને રસભર્યા પુસ્તક 'ગાંધીજીના સમાગમમાં'ની, જેનું દસ્તાવેજી મૂલ્ય પણ મોટું છે.

૧૯૧૫માં ગાંધીજી ગુજરાતમાં આવી વસ્યા અને ગુજરાતના સમાજજીવનમાં આમૂલ પરિવર્તન આણ્યું. ટૂંકા ફાયદાનું વિચારતા ને ધનપ્રાપ્તિમાં રાચતા ગુજરાતી લોકોમાં ગાંધીજીએ સેવાધર્મ જાગૃત કર્યો અને અનેક દિશામાં તેને પ્રવૃત્ત પણ કર્યો. એક તરફ સામુદાયિક ચારિત્ર્યનું નિર્માણ, બીજી તરફ સંપર્કમાં આવનાર દરેકની શક્તિને પિછાની તેને પોતાની તરફ આકર્ષવાની પ્રતિભા અને ત્રીજી તરફ સતત ફરતા રહીને ને લખતા રહીને દેશના ખૂણેખૂણે પહોંચવાનો પુરુષાર્થ. સામુદાયિક ચારિત્ર્યનું નિર્માણ કેવી રીતે થાય તેનું ઉત્તમ ઉદાહરણ ગાંધીજીએ પોતાના જીવન અને કાર્યથી પૂરું પાડ્યું.

ગાંધીજીના સંપર્કમાં આવનારાંઓની સંખ્યા હવે તો જૂજ. અક્ષરભારતી પ્રકાશનના પુસ્તક 'ગાંધીજીના સમાગમમાં'માં ગુજરાતનાં એવાં ૩૨ સ્ત્રીપુરુષોનાં ગાંધીજી સાથેનાં સંસ્મરણો છે, જેઓ ગાંધીજીના સીધા સંપર્કમાં આવેલાં હતાં. આ સ્ત્રીપુરુષો દેશના સ્વાતંત્ર્યસંગ્રામમાં પોતાનું યોગદાન આપનારાં વ્યક્તિત્વો હતાં. પુસ્તકમાંથી આકાર લેતી મહાત્મા ગાંધી સાથેની તેમની સ્મૃતિઓ ભારતના ઇતિહાસના એક અદ્ભુત યુગને આપણી નજર સમક્ષ ઊભો કરે છે. આ પુસ્તકનું સંપાદન કરનાર ચંદ્રશંકર પ્રાણશંકર શુક્લ આશ્રમવાસી હતા અને જીવનભર ગાંધીપ્રવૃત્તિઓ તેમ જ ગાંધીપુસ્તકોનાં સંપાદન, લેખન અને અનુવાદ સાથે સંકળાયેલા રહ્યા હતા. અક્ષરભારતી પ્રકાશનના રમેશભાઇ સંઘવીના 'શાશ્વત ગાંધી' સામયિકથી આપણે પરિચિત છીએ. સાચા બુદ્ધિનિષ્ઠ ગાંધીજનો અને લોકસેવકોની વિલાતી જતી પેઢીના તેઓ પ્રતિનિધિ છે.

કેવી છે 'ગાંધીજીના સમાગમમાં'ની સૃષ્ટિ?

વિખ્યાત ધારાશાસ્ત્રી, અગ્રણી સ્વાતંત્ર્યસેનાની, સ્વતંત્ર ભારતની લોકસભાના પ્રથમ સ્પીકર અને ગુજરાત યુનિવર્સિટીના સ્થાપક ગણેશ વાસુદેવ માવળંકર લખે છે, 'કોચરબ આશ્રમની વિચિત્ર રહેણીકરણી જોઇ મને થતું, આ શી ઘેલછા? સાદડી પર ખુલ્લા શરીરે બેસી બરુની કલમ વડે જાડી ગામઠી શાહીથી ગાંધીજી લખે. ઉત્તમ અંગ્રેજી છતાં ગુજરાતીનો આગ્રહ રાખે. પીરસવા-રાંધવા-દળવા-પાયખાના સાફ કરવા જેવાં કામોમાં ઘણો વખત આપે. બધાએ બાફેલું ને મીઠું-મસાલા વિનાનું ખાવાનું. આ બધું જોઇ મારે અંગે એકદમ વિરોધના રોમાંચ ખડાં થાય. આ બધામાં કંઇ તથ્ય હશે કે પછી નર્યું ગાંડપણ? દક્ષિણ આફ્રિકામાં જેમણે આટલી કીર્તિ મેળવી તે વિલાયતમાં ભણી આવેલા ગૃહસ્થ આમ કેમ વર્તે છે? – એમને પાગલ કહેવાની હિંમત ચાલે નહીં અને તેમના વર્તનમાં કોઇ દીર્ઘદૃષ્ટિ કે ગૂઢ અર્થ હશે તેમ તરુણ અને અહંકારી મન કબૂલ કરે નહીં.

આ માવળંકરજી અને તેમના જેવા અનેક યુવાનો ધીરે ધીરે ગાંધીજીનાં સત્ત્વ અને તત્ત્વનો પરિચય પામી પલટાયા, પલોટાયા. અંગ્રેજોની શાળાકૉલેજ, અદાલતો, ધારાસભાઓ અને ઇલકાબોનો બહિષ્કાર જેવા 'અવ્યવહારુ' કાર્યક્રમો ગાંધીજીના કહેવાથી અમલમાં

મૂક્યા ને છેવટે સ્વતંત્ર વિચારોવાળા અને નિર્ભય થયા. પરિવર્તનની આ આખી પ્રક્રિયામાં અખૂટ રસ, પ્રેરણા અને વ્યક્તિ સાથે સમાજના બદલતા ચહેરાની ઝાંખી છે.

અઠંગ હરિજનસેવક ઠક્કરબાપા કહે છે, 'ગાંધીજીનું ધર્મધ્યાન એટલે ગરીબોની ને બીમારોની સેવા.' કેળવણીપુરુષ નાનાભાઇ ભટ્ટ કહે છે, 'ગાંધીજીના જીવનમાં જ હું મારા વહાલાં ઉપનિષદો અને ગીતાને વાંચ્યા કરું છું.' મુંબઇના અગ્રણી દાનવીર જયસુખલાલ મહેતા નોંધે છે કે '૧૯૧૫માં પણ ગાંધીજીની સખત મુખમુદ્રા અને લાખો લોકોને શિસ્તમાં રાખનારું ચારિત્ર્યબળ દેખાઇ આવતાં હતાં.' અમદાવાદના અગ્રણી સ્વાતંત્ર્યસેનાની ડૉ. હરિપ્રસાદ દેસાઇ નોંધે છે કે ગાંધીજી ભારત આવ્યા ત્યારે સત્કારસમારંભમાં ગોખલેજી અને ફિરોજશાહ મહેતાએ ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાની લડત અને તેમાં ગાંધીજીએ બતાવેલી વીરતાની વાત કરી ત્યારે ગાંધીજીએ કહ્યું, 'હું નવી મૂડીથી નવો વેપાર કરવા માગું છું. મારી દક્ષિણ આફ્રિકાની સેવાઓ ભૂલી જજો.' ગોખલેજી કહેતા, 'ગાંધી માટીમાંથી બહાદુરો પેદા કરવાની શક્તિ ધરાવે છે, એમની હાજરીમાં કોઇ અસત્ય બોલી શકતું નથી.' નિરક્ષર છતાં આજીવન સમાજસેવા કરનાર ગંગાબહેન વૈદ્ય ગાંધીજીને 'અભણ બહેનોનો બાપ' કહે છે.

મજા એ છે કે પુસ્તકમાં આપેલા તમામ પ્રસંગો જાતઅનુભવના છે અને ગાંધીજીનાં લખાણોમાં કે અન્યત્ર ભાગ્યે જ આવ્યા છે તેથી આમાંનું ઘણું વાચકો સામે પહેલીવાર આવે છે. પુસ્તકમાંથી પસાર થતાં એક તરફ મહાત્મા ગાંધીની લોકોત્તર પ્રતિભા, તેમની આગવી કાર્યપદ્ધતિ અને વિશિષ્ટ જીવનશૈલીનું ચિત્ર મળે છે તો બીજી તરફ ગાંધીજીએ કેવી કેવી વ્યક્તિઓનું કેવી કેવી રીતે ઘડતર કર્યું હતું તેનો રોમહર્ષક પરિચય થાય છે.

લખનારાઓમાં જુદા જુદા ક્ષેત્રના લોકો છે અને સંસ્મરણો દાયકાઓ પૂર્વેનાં હોવા છતાં આજે પણ એટલાં જ તાજાં અને ઉપયોગી લાગે છે તે આ પુસ્તકની વિશેષતા છે. બીજી વિશેષતા એ છે કે લેખકોમાંના કેટલાકનાં નામો નવી પેઢીને અજાણ્યાં લાગે, તેથી પુસ્તકને અંતે દરેક લેખકનો ટૂંકો પરિચય આપવામાં આવ્યો છે.

'હું રહ્યો સત્યાગ્રહી. સત્યાગ્રહી એટલે બંડખોર. સત્તા સામે જ નહીં, વખત આવે તો સમાજ સામે પણ બંડ કરું.' પોતાના વિશે ગાંધીજીએ કહ્યું હતું. ગાંધીજી પોતાના અનુયાયીઓને નિર્ભય અને સ્વતંત્ર વિચાર કરતા જોવા ઇચ્છતા. ગાંધીવાદ શબ્દ તેમને ગમતો નહીં. કહેતા કે હું પોતે પણ ગાંધીવાદી બનવાનું પસંદ ન કરું. સત્યનો શોધક કોઇ 'વાદ'માં બંધાઇ શકે નહીં. તે તો સદા પરિવર્તનશીલ હોય. આજે તો આ કે તે વાદની વાડાબંધીમાં પુરાઇને ગર્જનાઓ કરનારાની બોલબાલા છે. ગાંધીજી કહેતા કે મારા ઘરમાં દરેક વિચાર, દરેક સંસ્કૃતિના પ્રવેશ માટે બારીબારણાં ખુલ્લાં છે – આપણું મન આવું મજબૂત છતાં મોકળું ક્યારે થશે? એવી મુક્તતા મેળવવા અને કેળવવા માટે એક વાર તો 'ગાંધીજીના સમાગમમાં' પુસ્તકમાંથી પસાર થઇ જવા જેવું ખરું.

* * *

'ગાંધીજીના સમાગમમાં' સંપાદક - ચંદ્રશંકર પ્રાણશંકર શુક્લ.
પ્રકાશક અક્ષરભારતી પ્રકાશન, ૫, રાજગુલાબ, વાણીયાવાડ, ભુજ ૩૭૦૦૦૧. પૃષ્ઠ ૧૪૮, મૂલ્ય રૂા. ૧૦૦
*મોબાઈલ: ૯૮૩૩૭૦૮૪૯૪.*

## આનંદઘનના પદોની દ્વિતીય શ્રેણીની પ્રસ્તુતિ

૧૭મી સદીના પરમ સંત અધ્યાત્મયોગી, અવધૂત, પ્રખર જ્ઞાની, યુગાવતાર, યોગીરાજ શ્રીમદ્ આનંદઘનજી, જેમણે મતભેદ, ગચ્છભેદ, જાતિભેદમાં પડ્યા વગર શાસનને એક નવી ઊંચાઈએ લઈ ગયા. આવા મહાપુરુષના ચરણમાં કોટિ કોટિ ત્રિવિધ ભાવથી વંદના કરતાં એમની કથા, સ્તવન, સજ્જાય અને પદો પ્રસ્તુત કરવાનો આ પ્રયાસ છે. પહેલા પ્રયોગની સફળતા પછી એ અનુભવ થયો કે આનંદઘનજી આજે પણ વર્તમાનમાં છે. એમને સાંભળતાં આનંદનો અનુભવ થયો. સર્વ જીવોએ બ્રહ્માનંદ અને આત્માનંદની અનુભૂતિ માટે આનંદઘન બનવું પડે.

ઇશ્વરની કૃપાથી આપણે આનંદઘનના પદોની દ્વિતીય શ્રેણીની પ્રસ્તુતિ **૧૪ એપ્રિલ, શુક્રવાર, સાંજે ૭ વાગે** નહેરુ ઑડિટોરિયમ, વરલીમાં કરીશું, આવો સહુ કોઈ આનંદના સહભાગી બનીએ અને આનંદ અનુભવ કરી પોતાને આનંદઘન બનાવીએ.

**આત્મીય 'પ્રબુદ્ધ જીવન'ના વાચક મિત્રો,**

છેલ્લા કેટલાક સમયથી જન્મે અજૈન એવા શ્રી કુમાર ચેટરજી જૈન ધર્મના સ્તવનો, પદો, મંત્રો વિગેરે સંગીત દ્વારા ભાવસભર દેશ તથા વિદેશમાં જૈન તત્ત્વને, ફીલોસોફીને લોકો સુધી પહોંચાડે છે અને તેમાં ઓતપ્રોત થઈ ગયા છે.

આવતી તા. ૧૪-૦૪-૨૦૧૭ના રોજ નહેરૂ ઓડીટોરિયમમાં પૂ. આનંદઘનજીના પદો સંગીત તથા Colour effect દ્વારા રજૂ કરવાના છે એનો લાભ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના લઈ તેઓના આ ઉમદા કાર્યને પ્રોત્સાહિત કરવા તથા યથાશક્તિ Donation દ્વારા જોડાવવા આપ સર્વેને વિનંતી છે. Passes ઑફિસ ઉપરથી first come first basis ઉપર મળશે.

**નીતિન સોનાવાલા**
ઉપપ્રમુખ
શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

# જ્ઞાન-સંવાદ

*'પ્રબુદ્ધ જીવન'ના જ્ઞાનપિપાસુ વાચકો સાથેના સંવાદને ધ્યાનમાં લઈ જ્ઞાનયાત્રાને વધુ સઘન અને પારદર્શી બનાવવાના પ્રયત્નરૂપે એક નવી શ્રેણી શરૂ કરી છે. વાચક મિત્રો પોતાના સવાલો લખી અમને મોકલે. પંડિતજી કે જ્ઞાની ભગવંત પાસેથી ઉત્તર મેળવી અહીં છાપીશું. વધુમાં વધુ પાંચ સવાલ પૂછી શકાય. સવાલ ધર્મજ્ઞાનને આધારિત હોય જેથી અન્ય વાચકોને પણ એ જ્ઞાન મળે...*

*આ અંકમાં અમરેલીના **ડૉ. એમ. ગોંડલીયા**ના પ્રશ્નોના, **સુબોધીબેન સતીશ મસાલીઆ**એ આપેલા જવાબો પ્રકાશિત કર્યા છે.*

**ડૉ. એમ. ગોંડલીયા, અમરેલી**

**સવાલ :** પ્રભુ વીરે અંતિમ દેશનામાં અર્થ-કામ-ધર્મ-મોક્ષ આ ચાર પુરુષાર્થ બતાવ્યા છે. તેમાં અર્થ અને કામ ગૃહસ્થ શ્રાવક-શ્રાવિકા માટે તથા ધર્મ ને મોક્ષ સંત માટે છે એવી મારી સમજ છે...અર્થ અને કામને પ્રભુ વીરે પુરુષાર્થ માન્યા છે તો એ ઈષ્ટ છે કે અનિષ્ટ ?

**જવાબ :** સારું કર્યું તમે આ સવાલ કર્યો, કારણ કે ઘણાંને મૂંઝવતો સવાલ છે કે ભગવાને અર્થ અને કામને પુરુષાર્થ કેમ માન્યા ? અને આપણે પાંચમા આરાના વક્ર અને જડ બુદ્ધિવાળા માણસોએ ધર્મ અને મોક્ષને છાપરે ચડાવીને (એ તો સંતો માટે છે એમ માનીને) આંખ બંધ કરીને અર્થ અને કામ પાછળ ઝંપલાવી દીધું ને કેટલાય અનર્થો સર્જ્યાં. વાત એ નથી કે અર્થ અને કામ ગૃહસ્થો માટે છે ને ધર્મ ને મોક્ષ ફક્ત સંતો માટે છે, સંપૂર્ણ માનવ જાત માટે છે; ને વાત એ પણ નથી કે આ દેશના ફક્ત મહાવીરની જ છે. દેશના તો ચોવીસે તીર્થંકરોની એક સરખી જ હોય છે. હા...દેશ અને કાળના સંદર્ભે ભાષા અને સમજાવવાની રીત અલગ હોઈ શકે પણ દેશના તો એક જ છે. આ ચારેયને સમજવા માટે જરા પ્રાચીન કાળમાં જવું પડશે.

જુઓ પહેલો આરો, બીજો આરો અને ત્રીજા આરાના અંત સુધી (અહીં ભરત ક્ષેત્રની વાત છે) યુગલિયા મનુષ્યોને જે કાંઈ ખાવા-પીવા-પહેરવા-ઓઢવા-ઘર બનાવવા જોઇતું હતું તે વૃક્ષોમાંથી મળી જતું હતું. તેથી અર્થ ઉપાર્જનની કોઈ જરૂરત ન હતી. કામ તો સ્વાભાવિક છે, જે પશુ-પક્ષીમાં પણ જોવા મળે છે. હવે રહી ધર્મને મોક્ષની વાત તો યુગલિયાઓ કાંઈ જ ધર્મ જાણતા ન હતા...શું આત્મા છે ? શું કર્મ છે ? શું મોક્ષ છે ? તેઓ કાંઈ જ જાણતા ન હતા. ત્રીજા આરાના અંતમાં આદિનાથ દાદાએ, ધંધાની કલા વગેરે શીખવાડી. કેવલી ભગવંતે ધર્મ પ્રરૂપ્યો ને મરૂદેવા માતાથી મોક્ષના દ્વાર ખુલ્યા. પ્રાચીન સમયમાં જરા નજર નાખશો તો ખબર પડશે કે મનુષ્ય જીવનના સો વર્ષનું આયુષ્યની કલ્પના કરીને તેના ચાર વિભાગ પાડવામાં આવ્યા હતા. ૧ થી ૨૫ વર્ષ બ્રહ્મચર્યાશ્રમ ગણાતો, જેમાં બાળક મા-બાપની ગોદમાં પ્રેમ ને સંસ્કાર મેળવતું. ૭-૮ વર્ષનું થતાં ગુરુકૂળમાં અભ્યાસ માટે મોકલવામાં આવતું. ત્યાં ગુરુની નિશ્રામાં જીવન જીવવાની કળા, શાસ્ત્રજ્ઞાન, ધંધાની કળા વગેરે શીખતાં શીખતાં ધર્મના બીજ સંસ્કાર પણ રોપાતા.

૨૫ વર્ષનો યુવાન ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરતો તેના માટે હવે પૈસા કમાવા જરૂરી હતા. ઘર ચલાવવું, પરિવારનો ઉછેર કરવો, છોકરાઓને પરણાવવા. બસ આ ખર્ચા પૂરતું અર્થ ઉપાર્જન જરૂરી હતું એટલું જ...

ભગવાને કહ્યું, પૈસા ન્યાય-નીતિથી કમાવાના-કાળાધોળા કરીને નહીં. માર્ગાનુસારી શ્રાવકના ૩૫ ગુણમાં આ બધું વર્ણન છે, એટલે અર્થ માટે પુરુષાર્થ કરવો જરૂરી છે. પણ કેટલો ? જરૂરિયાત પૂરતો...મર્યાદામાં રહીને...ને એ પણ પચાસની ઉંમરે પહોંચતા... આ અર્થ અને કામ બંને ત્યાગી દેવાનું છે. કામભોગ પણ એટલા માટે જરૂરી એ છે કે મોક્ષે જવા માટે પણ મનુષ્ય જન્મ લેવો જરૂરી છે. તે માટે કોઈકે તો મા-બાપ બનવું જ પડશે માટે એ પણ એક ફરજ બની જાય છે. વળી કામ એ સ્વાભાવિક છે, જેમકે ભૂખ લાગવી તે સ્વાભાવિક છે; પણ ભૂખ લાગે ત્યારે ખાવું નહીં ને તેને સમતાભાવે વેદવું તે પુરુષાર્થ છે. હવે આપણે એ જોઈએ કે ભગવાને કામને પુરુષાર્થ કેમ કહ્યો ? **કામભોગને તીવ્ર ઇચ્છાથી, આનંદથી અને સુખ માણીને ભોગવે તો એ પુરુષાર્થ નથી વાસના છે...પરંતુ માણસને જ્યારે ભેદજ્ઞાન અનુભવથી થાય છે...ત્યારે શરીર અને મન બંને અલગ ભાસે છે. તેની દૈહિક ક્રિયા સાથે મન જોડાતું નથી. આત્મા અલિપ્ત રહે છે...'હું ભોગ ભોગવું' એવી વાસના જીવંત હોતી નથી. ત્યારે એ કામ-કામવાસના મટી-કામપુરુષાર્થ બને છે.**

બે તીર્થંકર છોડી દરેક તીર્થંકરને પત્ની તથા પરિવાર છે. પરંતુ તેઓ તેજ ભવે મોક્ષે ગયા છે, કેમકે તેઓ કામને ભોગવતા નથી. શાસ્ત્રમાં એક વાર્તા આવે છે. બે ભાઈ હોય છે...બંને વૈરાગી. પણ ફરજ સમજીને મોટોભાઈ રાજ્ય સંભાળે છે, જ્યારે બીજો ભાઈ સંયમ ગ્રહણ કરી જંગલમાં વાસ કરે છે. એક દિવસ ભાભી, દિયર મહારાજને ખાવાનું વહોરાવવા જતી હોય છે, પણ જુએ છે કે, નદીમાં ઘોડાપૂર પાણી છે તો પેલે પાર કેમ જવું ? રાજાને પૂછે છે કે શું કરું ? ત્યારે રાજા કહે છે કે નદીને વિનંતી કર કે 'જો મારો પતિ નિત્ય બ્રહ્મચારી હોય તો તું મને મારગ આપ.' પેલી રાણી વિચારે છે કે આ રાજા મારી સાથે ભોગ ભોગવ્યા છતાં પોતાને બ્રહ્મચારી કેમ કહે છે ? પણ તેના આશ્ચર્ય વચ્ચે એવું બન્યું કે નદીને વિનંતિ કરતા નદી મારગ આપે છે. દિયર સાધુને વહોરાવીને પાછી ફરતી હોય છે. ત્યા પાછું જુએ છે કે નદીમાં એવું જ ઘોડાપૂર ઉમટી રહ્યું છે. હવે શું કરું ? દિયર સાધુમહારાજ કહે છે કે નદીને વિનંતિ કરો કે 'મારા

દિયર મહારાજ સદા ઉપવાસી હોય તો હે નદી મને મારગ આપ'... પાછો વિચાર આવે છે કે 'હું એમને રોજ ખાવાનું વહોરાવું છું છતાં એમ કહે છે કે પોતે નિત્ય ઉપવાસી છે.' પરંતુ ફરી એના આશ્ચર્ય વચ્ચે આવું કહેતાંની સાથે જ નદીમાતાએ માર્ગ કરી આપ્યો. આ વાર્તાને સમજશે તે જરૂર સમજી શકશે કે કયા અર્થમાં ભગવાને કામને પુરુષાર્થ કહ્યો છે...કે જેઓ મનથી વિરક્ત છે, ભેદજ્ઞાનને પામેલા છે, જેઓ કામને ભોગવતા નથી...ફક્ત પૂર્વ જન્મના બાકી રહી ગયેલા કર્મોને સમતાભાવે, અનિત્યભાવે...વેદી રહ્યા છે. તેમને માટે આ કામ એક પુરુષાર્થ બની જાય છે. આપણે પણ કર્મ વેદીએ છીએ પણ એમાં રસ રેડીને, ભૌતિક સુખને વાસ્તવિક સુખ રૂપે માનીને તો આ કામભોગ એક વાસના બની જાય છે...જેથી જૂના કર્મો વેદતાં નવા કર્મોના ઢગલાં ખડકીએ છીએ...જો રસપૂર્વક ભોગવવામાં ન આવે તો આ કામ પણ મોક્ષ માટેનો પુરુષાર્થ બની જાય છે...પણ **ભગવાનની વાણીને વાસ્તવિક રૂપે ન સમજવાથી... 'ભગવાને કીધું છે કે અર્થ ઉપાર્જન કરો...ને કામ ભોગવો...' 'ધર્મ ને મોક્ષ તો સંતોનું કામ છે...' વાહ રે માનવ તારી દુર્બુદ્ધિ !!! ભગવાનના ઓછાયા હેઠળ તેં તો અર્થ અને કામમાં માઝા મૂકી દીધી.**

જુઓ પ્રાચીન વ્યવસ્થા પ્રમાણે જીંદગીના ૧૦૦ વર્ષ કલ્પીને એનો ચોથો ભાગ જ એટલે ૨૫ થી ૫૦ વર્ષ જ અર્થ અને કામ માટે ફાળવ્યા છે. ૫૦ વર્ષ પછી સંસારની, બાળકોની, ધનની બધી જ મોહમાયા છોડીને માણસ જંગલમાં સાધના કરવા ચાલ્યો જતો. આને કહેતા વાનપ્રસ્થાશ્રમ. રાજ્ય વૈભવ છોડી, રાજા, મહારાજા, શ્રેષ્ઠીઓ આ માર્ગ અપનાવતા. દેરાસરો, મંદિરો, શહેરમાં છોડીને અહીં એકલા, એકાંતમાં પોતાના દેહ મંદિરમાં બિરાજેલ પરમાત્મા સ્વરૂપ આત્માની શોધ ચાલુ કરતો. સાથે સાથે એ પણ જોતો કે પોતે કુટુંબ કબીલા વગરનું એકાંકી જીવન જીવી શકે છે કે નહીં? ટાઢ-તડકો-વરસાદ, જીવજંતુ, મચ્છરનો ત્રાસ આદિ પરિષહ સમતાપૂર્વક વેદી શકે છે કે નહિ ? જંગલી પશુ-પક્ષીથી ભય તો નથી પામતો ને ? આ બધા જ પરિષહો સમતાપૂર્વક, અનિત્ય ભાવનાપૂર્વક વેદીને એક એક કર્મની પ્રતરોને ઉદીરણામાં લાવી નિર્જરતો જતો હતો. ને જેમ જેમ કર્મની નિર્જરા થતાં ક્રોધ-માન-માયા-લોભ-દુરાગ્રહ-હઠાગ્રહ જેવા દુર્ગુણો પાતળા પડતા જતા હતા. આ હતો ધર્મ માટેનો ખરેખર પુરુષાર્થ. આ હતી સંન્યાસ લેતા પૂર્વેની તૈયારી. બે પાંચ વરસ નહીં પૂરા ૨૫ વર્ષ. આટલા વર્ષો સુધી એકલા જંગલમાં રહી મૌન અને ધ્યાનમાં રત થતાં સ્વાધ્યાય (સ્વનો અધ્યાય) કરતાં કરતાં ભવિક જીવ સમ્યક્ દર્શનની પ્રાપ્તિ કરે. આટલી આકરી પરીક્ષા ૨૫ વર્ષ સુધી પસાર કર્યા પછી જ માનવી સંન્યાસ ગ્રહણ કરતો...ને જીંદગીના છેલ્લાં ૨૫ વર્ષ ધ્યાન અને કાઉસગ્ગ દ્વારા મોક્ષ માટેની સાધના કરવા થકી જીવ મોક્ષ તરફ પ્રયાણ કરતો અથવા મોક્ષ તરફ પોતાના ડગ ભરતો. આ થયો મોક્ષ પુરુષાર્થ...જોયું તમે...પ્રાચીન સમયમાં ફક્ત ૫ા ભાગની જીંદગી જ અર્થ અને કામ પુરુષાર્થ માટે હતી એ પણ ધર્મ પુરૂષાર્થને સાથે રાખીને જુઓ...

૨૫ વર્ષ બ્રહ્મચર્યાશ્રમ. ધર્મબીજનું વાવેતર.
૨૫ થી ૫૦ વર્ષ ગૃહસ્થાશ્રમ. અર્થ અને કામ અનિવાર્ય હોય તેટલું જ.
૫૦ થી ૭૫ વર્ષ વાનપ્રસ્થાશ્રમ. જંગલમાં રહી ધર્મ પુરુષાર્થ.
૭૫ થી ૧૦૦ વર્ષ સંન્યાસાશ્રમ. ચારિત્રગ્રહણ કરી મોક્ષ પુરુષાર્થ.

કેમ ભગવાને ધર્મ ને મોક્ષ પુરુષાર્થ માટે મોટો સમયગાળો ફાળવ્યો, કેમકે આ બંને પુરુષાર્થ એવા છે કે જે મનુષ્ય જન્મ સિવાય કોઈ જન્મમાં થઈ શકવાના નથી. આપણે પણ આ મનુષ્ય જન્મમાં આ ચારેયને સાચા અર્થમાં પુરુષાર્થ તરીકે અપનાવી ભવનો વિસ્તાર પામીએ.

✷ ✷ ✷


□ **સુબોધીબેન સતીશ મસાલીઆ**
*૧૯, ધર્મપ્રતાપ, અશોકનગર, કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૧૦૧.*
*Mob. : 9892163609.*


***('પ્રબુદ્ધ જીવન'ના વાચકોને સવાલો મોકલવા વિનંતી.)***


## 'પ્રબુદ્ધ જીવન'નું લવાજમ સીધું બૅંક એકાઉન્ટમાં જમા કરાવી શકાશે–

Bank of India, Current A/c No. 003920100020260,
Prarthana Samaj Branch, Mumbai - 400 004.
**Account Name : Shri Mumbai Jain Yuvak Sangh**
IFSC BKID 0000039

પેમેન્ટ કરીને નામ અને સરનામું આ ફોર્મમાં ભરીને મોકલવું અથવા મેલ પણ કરી શકાય છે.

'પ્રબુદ્ધ જીવન'નું વાર્ષિક / ત્રિવર્ષિય / પાંચવર્ષિય / દસ વર્ષિય લવાજમ ચેક / ડીમાન્ડ ડ્રાફ્ટ નં. ............ દ્વારા આ સાથે મોકલું છું / તા. ............ ના રોજ 'પ્રબુદ્ધ જીવન' માટે ખાતામાં સીધું જમા કરાવ્યું છે. મને નીચેના સરનામે અંક મોકલશો.

વાચકનું નામ..................................................
સરનામું..................................................
..................................................
પીન કોડ............... ફોન નં.........................
મોબાઈલ નં. ................. Email ID............................

**વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦ ● ત્રણ વર્ષનું લવાજમ રૂા. ૫૦૦**
**● પાંચ વર્ષનું લવાજમ રૂા. ૯૦૦ ● દસ વર્ષનું લવાજમ રૂા. ૧૮૦૦**

ઑફિસ : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ટેલિફોન : ૦૨૨ ૨૩૮૨૦૨૯૬. Email ID : shrimjys@gmail.com

# સમણસુત્તમના ચાર દળદાર ગ્રંથોનું ઐતિહાસિક પ્રકાશન

ભગવાન મહાવીરના નિર્વાણનું ૨૫૦૦મું વર્ષ અર્થાત્ ૧૯૭૪માં આચાર્ય વિનોબા ભાવેના પ્રયત્નોના પરિણામ સ્વરૂપ 'સમણ સુત્તમ' ગ્રંથના પ્રકાશનનો નિર્ણય લેવામાં આવ્યો. એક સત્યના અનેક રૂપો હોઈ શકે એ સંદર્ભમાં ભારત જેવા વિશાળ દેશમાં અનેક દર્શનોની પરંપરા જોવા મળે છે. આ બધાની વચ્ચે વિરોધી નહીં પરંતુ પૂરક ભૂમિકા નિર્માણ કરવાનો અનેક જ્ઞાનીઓએ પ્રયત્ન કર્યો, તે પૈકી એક હતા આચાર્ય વિનોબા ભાવે. 'સમણ સુત્તમ' ગ્રંથ માનવ માત્રને અતિ ઉપયોગી છે. જેમાં જૈન દર્શનના અનેકાનેક પાસાંઓને આવરી લેવામાં આવ્યા છે. દર્શન શાસ્ત્રને વ્યવહારિક ભૂમિકાએ ક્રિયાશીલ બનાવવાનો પ્રયત્ન અહીં જોવા મળે છે. મૂલ્યના સિંચન માટે, વ્યવહારની ભૂમિકા માટે, જીવનના કેટલા કરવાના કાર્યો વિશેની આ એક માર્ગદર્શક ભૂમિકા છે. તેમાં કહેવામાં આવ્યું છે કે 'ક્રોધને ક્ષમાથી જીતો, અભિમાનને વિનમ્રતાથી, માયા અને છળને નિષ્કપટ ભાવથી અને લોભને સંતોષથી જીતો.' આ પુસ્તકનું સંપાદન કરતાં પૂર્વે ભાષાનું પ્રાવીણ્ય, તર્ક-સંગતિ ક્ષમતા, સામાજિક ઉત્તરદાયિત્વ, નૂતન-જ્ઞાન પ્રદાન, નૈતિકમૂલ્યની શિક્ષા અને રાષ્ટ્રભક્તિની ભાવનાને પ્રોત્સાહન જેવા ગુણોનું ધ્યાન રાખવામાં આવ્યું છે. `Saman Sutam' : A Comprehansive Study' નામક ચાર ગ્રંથોનું સંશોધનમૂલક સંપાદન અને પ્રકાશન કે. જે. સોમૈયા સેન્ટર ફોર સ્ટડીજ ઈન જૈનીઝમ' દ્વારા કરવામાં આવ્યું છે. અહીં વિદ્વાન પ્રોફેસર ડૉ. સાગરમલ જૈન પાસેથી મૂળ ગાથાઓનો સ્તોત્ર પ્રાપ્ત કરીએ પ્રથમ મૂકાયો પછી બહેચરદાસ દોશીએ કરેલો સંસ્કૃત અનુવાદ, પછી એનો હિન્દી અનુવાદ જે પંડિત કૈલાશચંદ્ર શાસ્ત્રી અને મુનિશ્રી નથમલજીએ કરેલો છે, એ મૂકાયો છે અને જસ્ટિસ તુકોલ અને કે. કે. દિક્ષીત દ્વારા કરાયેલો અંગ્રેજી અનુવાદ મુકાયો છે. અને વચ્ચે શબ્દોના અર્થ પણ વિસ્તારથી સમજાવી મૂકવામાં આવ્યા છે. આ ગ્રંથ અનેકભાષી સંશોધક અને વિદ્યાર્થીઓને અતિ ઉપયોગી નીવડશે. આંતરરાષ્ટ્રીય ભાષાથી લઈ મૂળ ભાષા સુધીના સ્તરે સાચવી આ ગ્રંથ ઐતિહાસિક રીતે વિશિષ્ટ બન્યા છે. ચાર દળદાર ગ્રંથોને ડૉ. ગીતા શાહ, ડૉ, કોકિલા શાહ, વર્ષા શાહની ટીમે અનેક સહાયકોની સહાયથી પ્રકાશિત કર્યા છે. ડૉ. શુદ્ધાત્મ પ્રકાશ આ ગ્રંથો સમાજના અનેક ખૂણા સુધી પહોંચાડવા કટિબદ્ધ બન્યા છે. ૨૦૦૩માં સ્થાપિત આ સેન્ટરે કરેલું આ કાર્ય એના સઘન સંશોધનાત્મક દૃષ્ટિકોણનો ખ્યાલ આપે છે અને એમની રિસર્ચ ટીમની વિદ્વતાનો.

'સમણ સુત્તમ' માત્ર ભૂતકાલીન સમયની સમસ્યાઓની ચર્ચા નથી કરતા પરંતુ સમકાલીન સમસ્યાઓ પણ એમાં આવરી લેવાઈ છે. અહીં જિન ઉપદેશ, ધર્મ વ્યવસ્થા, ધર્મશાસ્ત્રીય વ્યાખ્યાઓ, કર્મ સમુદાય, મિથ્યા શ્રદ્ધા અને મમતાનો ત્યાગ, ધર્મ, આત્મ સંયમ, અપરિગ્રહ, અહિંસા, સતર્કતા, શિક્ષા વગેરે વિષયો પર ચર્ચા કરી છે.

જૈન દર્શન, આગમના વગેરેના અધ્યયન સાથે આ ગ્રંથનું અધ્યયન પણ બહુ જ સઘનતાપૂર્વક કરવું જોઇએ. કુલ ૭૫૬ ગાથાઓને વિસ્તૃત ૫ટ ૫ર વિભાજીત કરી અનેકાનેક સુધી પહોંચાડવાની આ ઉત્કૃષ્ટ નેમ છે. ભવિષ્યમાં આ ગ્રંથ CD રૂપે પણ પ્રાપ્ત થાય એવી અપેક્ષા સાથે આજે સૌ સુધી આ ગ્રંથને એક ભાષામાં આ રીતે ઉપલબ્ધ કરાવી 'કે. જે. સોમૈયા સેન્ટર ફોર સ્ટડીઝ ઈન જૈનીઝમ'એ બહુ જ મહત્ત્વનું ઐતિહાસિક પ્રદાન કર્યું છે. આ સાંસ્કૃતિક, મૂલ્યલક્ષી, પ્રદાન ગૌરવપૂર્ણ છે. દરેક ગ્રંથાલયોએ આ ચારેય ભાગોને પોતાના ત્યાં જરૂર વસાવવા જોઈએ.

✷ ✷ ✷

☐ **ડૉ. સેજલ શાહ**
કે. જે. સોમૈયા સેન્ટર ફોર સ્ટડીઝ ઈન જૈનીઝમ,
મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ બિલ્ડીંગ, બીજે માળે, કેબીન નં. ૬,
વિદ્યાવિહાર, મુંબઈ-૪૦૦ ૦૭૭. ફોન નં. : ૦૨૨-૨૧૦૨૩૨૦૯.

## REVIEW

NAME OF THE BOOK:
**SAMAN SUTTAM :**
**A COMPREHENSIVE STUDY (PART 1,2,3 &4)**
Editors : Dr. Geeta Mehta and Dr. Kokila Shah
Compiler : Ms. Varsha Shah
Publication : Somaiya Publications Pvt. Ltd.
ISBN : 978-81-7039-297-2

*" One small step of man, one giant leap for mankind."*
–Neil Armstrong

K.J. Somaiya centre for studies in Jainism had underatken an extensive research project ``**Saman Suttam: A Comprehensive Study**'' running in four volumes. The book contains fundamentals of Jainism. The peculiarity of the book is to find out original sources from the scriptures and commentaries from various

Acharyas.

Based on the book Saman Suttam, 'Saman Suttam: A Comprehensive Study' contains an exposition of 756 aphorisms (sutras) interwined together interesting compendium of Jain Phiolosphy under common umbrella complied from 48 major texts of both Svetamber and Digamber sects.

The purpose of publishing exposition of 756 aphorism in four volumes was to break and rejuvenate the old boundaries, create new frontier promoting positive and vibrant environment from the crux of wisdom and gain valuable insights from srciptual knowledge.

Following are the summarized content of four volumes.

The 1st Volume 'Saman Suttam: A Comprehensive Study (part 1)' contains expositions on 191 aphorism reflecting the wisdom complied from total 36 texts. This volume stresses on value of ahimsa (147 p401), the 49th aphorism given on page 141 reveals key to happiness. Aphorism 176 on page 479 quotes on significance of knowledge which being a characteristics of soul, enlightens not only the self (svaprakashak) but also enlightens others (par-prakashak). In Aphorism 122 p 330, soul is regarded both as Vaitarni and Nandana van. Aphorism 106 (p289) explains on the nature of the soul. Aphorism 164 (p449) gives a unique definition on Karma. It says carelessness is influx of Karma, vigilance is stoppage of karma. One finds the meaning of the term *Sramana*, *Brahman, Muni, Sadhu, Tapas*. *Sramana* is one who has the quality of equanimity, *Brahman* is he who has the quality of self control. *Sadhu/Muni* is he who possesses knowledge. *Tapas* is he who practices austerity.

The 2nd volume 'Saman Suttam: A Comprehesive Study (part 2)' starts from aprhorism 192 to 383, i.e. it contains exposition on 192 aphorism complied from 32 scriptural texts. The theme of this volume is path to liberation (tri-ratna) and the result of liberation. Aphorism 236 (p135) guides one to develop compassion instead of ills / flaws of others. Aphorism 247 (p167) explains the difference between attachment and detachment. Aphorism 353 (p518) gives the reason to eat before sunset. Aphorism 364 (p473) reflects on importance of observing *Vratas* i.e. *Yama and Niyam* removes evil tendency, balances the disturbing mind and removes inner conficts.

The 3rd volume 'Saman Suttam: A Comprehensive Study (part 3)' commences from aphorism 384 to 587, containing expositions on 204 aphorism from 35 scriptural texts. This volume reflects on key to successful meditation (sutra no. 424, p98), Aphorism 519 (p356) pondering over self, Aphorism 547 to 565 showing the process of purification, Aphorism 567 (p497) while mentioning on the meaning of death, says that a body is liken to a boat, the soul is a boatman and worldly existence is like an ocean to crossed over. Aphorism 571 (p509) points to the state of *Samadhi marana*.

The 4th volume 'Saman Suttam: A Comprehensive Study (part 4) commences from Aphorism 588 to 756. It contains exposition on 179 Aphorism complied from 24 scriptural texts. This volume contains important Jain metaphysics and principles of anekantvada. Aphorism 589 (p3) says that a person who has developed right perspective (samyaktva) always seeks the truth and considers all living being as his friends. Aphorism 730 (p397) he acts as a mediator solving disputes among people through his multiangle (anekant) perspective. Such a person is also considered as atmajna (knower of a soul) quoted in Aphorism 747-8 (p431)

Hope this four volumes will make an ineresting reading. A big word of appreciation to the wonderful editors and the staff of Jain centre who tiredlessly worked in the completion of the project. Shri Samir Somaiya (Vice-President,Vidhyavihar) supported the project, Shri V. Ranganathan (Hon. Secretary) and Shri Rajan Welukar (Provost) had encouraged the project throughout. Both the institution ICSSR and ICPR have supported this project by way of funding.

Saman Suttam: A Comprehensive Study (part 1 to 4) aims at providing an interdisciplinary forum and a great opportunity for researchers, academicians, ardent students. We are confident of acheiving new challenging milestones with the readers continued support.

✷ ✷ ✷

ઉપરોક્ત પુસ્તક આ સરનામેથી મળશે:
કે. જે. સોમૈયા સેન્ટર ફોર સ્ટડીઝ ઈન જૈનીઝમ,
મુંબઈ-૪૦૦ ૦૭૭.
ફોન: ૦૨૨ ૬૭૮૩૨૨૬, ૦૨૨ ૨૧૦૨૩૨૦૯.

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલ અનુદાન

જાન્યુઆરી, ૨૦૧૭ના 'પ્રબુદ્ધ જીવન'માં સંઘના આજીવન સભ્ય બનાવવાની એક અપીલ કરી હતી. આ અપીલ દ્વારા શ્રી મુંબઈ જૈન યુવક સંઘને ઘણો જ સારો પ્રતિસાદ પ્રાપ્ત થયેલ છે તેની વિગત નીચે મુજબ છે-

**સંઘના આજીવન સભ્યો**

| | |
|---|---|
| ૨૫૦૦૦ | પ્રકાશ નાગરદાસ શાહ (આજીવન સભ્યમાંથી પેટ્રન મેમ્બર બન્યા છે.) |
| ૫૦૦૦ | અશોક એન.શાહ |
| ૫૦૦૦ | શ્રી કિરીટ સાકરલાલ. શાહ |
| ૫૦૦૦ | શ્રી નિશિકાન્ત ધીરજલાલ વોરા |
| ૫૦૦૦ | શ્રી અંકેશભાઈ શાહ-સુરત |
| ૫૦૦૦ | શ્રી ભરતભાઈ જૈન-અમદાવાદ |
| ૫૦૦૦૦ | કુલ રકમ |

**ભાનુ ચેરિટિ ટ્રસ્ટ અનાજ રાહત ફંડ**

| | |
|---|---|
| ૬૦૦૦૦ | શ્રી અસિત રમેશચંદ્ર શાહ |
| ૫૦૦૦ | શ્રી નિર્મલકુમાર મોહનલાલ બેચરદાસ મહેતા (જ્યોતિ આઈસ્ક્રીમ) |
| ૫૦૦૦ | શ્રી શશિકાન્ત મોહનલાલ બેચરદાસ મહેતા (જ્યોતિ આઈસ્ક્રીમ) |
| ૫૦૦૦ | શ્રીમતી રસિલા દિલીપભાઈ કાકાબળિયા (સ્વ. દિલિપભાઈના સ્મરણાર્થે) |
| ૨૫૦૦ | શ્રી દેવેન્દ્ર રૂપાની |
| ૭૭૫૦૦ | કુલ રકમ |

**જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ**

| | |
|---|---|
| ૫૦૦૦ | શ્રી જિતુભાઈ ખાતડિયા |
| ૫૦૦૦ | કુલ રકમ |

**સંઘને પ્રાપ્ત થયેલ ડોનેશન**

| | |
|---|---|
| ૨૫૦૦૦ | શ્રી પ્રવિણ શાંતિલાલ કોઠારી |
| ૨૫૦૦૦ | કુલ રકમ |

**પ્રબુદ્ધ જીવન વિશિષ્ટ અંક સૌજન્યદાતા**

| | |
|---|---|
| ૧૦૦૦૦૦૦ | સોફટેલ ઈન્ફ્રા પ્રા. લિ. (હસ્તે : શ્રી સી. કે. મહેતાસાહેબ) |
| ૪૦૦૦૦ | બી. કે. શાહ જૈન પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે-શ્રી બિપિનભાઈ જૈન માર્ચ, ૨૦૧. |
| ૧૦૪૦૦૦૦ | કુલ રકમ |

**પ્રબુદ્ધ જીવન નિધી ફંડ**

| | |
|---|---|
| ૫૦૦૦ | શ્રીમતી પ્રેમકુમારી દેવચંદ ગાલા |
| ૫૦૦૦ | શ્રીમતી સુર્યાબાલા કે. શાહ |
| ૫૦૦૦ | શ્રી લહેરચંદ એમ. છેડા |
| ૫૦૦૦ | શ્રી નગીનભાઈ પી. શેઠ |
| ૫૦૦૦ | શ્રીમતી સુનંદાબેન વોહોરા અમદાવાદ (હસ્તે : નૌતમ આર. વકીલ) |
| ૧૦૦૦ | શ્રી પ્રદીપકુમાર એમ. તલસાણિયા |
| ૧૦૦૦ | શ્રી નાગજી પ્રેમજી ગાલા |
| ૧૦૦૦ | શ્રી રૂપેન ગૌતમલાલ સંગાનિયા |
| ૨૮૦૦૦ | કુલ રકમ |

**શ્રી દત્ત આશ્રમ જન સેવા ટ્રસ્ટ**

| | |
|---|---|
| ૨૫૬૨૨૪૯ | આગળનો સરવાળો |
| ૧૨૫૦૦ | શ્રી નિતિનભાઈ સોનાવાલા |
| ૫૦૦૦ | શ્રી અનિષ શૈલેષ કોઠારી |
| ૨૫૭૯૭૪૯ | કુલ રકમ |

**બુદ્ધિસાગર મહારાજ સાહેબ કથા**

| | |
|---|---|
| ૧૦૦૦૦૦ | સી. યુ. શાહ ચેરિટિઝ હસ્તે : મિનલબેન શાહ |
| ૧૦૦૦૦૦ | કુલ રકમ |

**પરદેશ લવાજમ**

| | |
|---|---|
| ૬૮૦૦ | શ્રી સંજય કે. શાહ |
| ૬૮૦૦ | કુલ રકમ |

## ભાવ-પ્રતિભાવ

### બુદ્ધિશાળી પોતાની બુદ્ધિથી શ્રીમંત બની શકે છે, પણ શ્રીમંત માણસ પૈસાથી બુદ્ધિશાળી બની શકતો નથી

તંત્રીશ્રી,

'પ્રબુદ્ધ જીવન'ના ૯મી ડિસે. '૧૬ના અંકના છેલ્લા પાને ગીતાબેન જૈનનો તમે એક ખાસ ટકોર કરતો લેખ પ્રકાશિત કર્યો છે મથાળું છે 'ઉંમર કરતાં નાના દેખાવું.'

આ લેખમાં તમે આધુનિક જગતની જે કેટલીક કૃત્રિમતા છે તેના અંગે સારું ધ્યાન દોર્યું છે ; પણ એ અંગે મારું જે અવલોકન છે તે બતાવે છે કે, મુંબઈમાં જાહેર જીવનમાં એટલે કે જાહેર મેળાવડાઓ, સમારંભો, લગ્નો, પ્રવાસો કે જ્યાં એકથી વધુ લોકો ભેગા થતા હોય છે અને ઉત્સવની ઉજવણી કરતા હોય છે ત્યાં જે રીતે ત્યાં ભેગા થતા લોકો પોતે કપડામાં અથવા તો બીજા કૃત્રિમ સાધનો મ્હોં પર કે હાથ પર લગાવીને પોતે ઉંમર કરતાં નાના દેખાવાનો પ્રયત્ન કરતા હોય છે તે વાત સો ટકા સાચી છે. આને રોગ કહીએ તો રોગ અને સમાજનું દુષણ કહીએ તો એ, મુંબઈ જેવા મોટા શહેરોમાં કે સુરત, અમદાવાદ, રાજકોટ જેવા શહેરોમાં આ જે જોવા મળે છે તેની પાછળ એક મનોવિજ્ઞાન એ છે કે, સમાજમાં નાના દેખાવું એટલે આપણા તરફ ધ્યાન દોરાય અને એના કારણસર બીજા લોકો સાથે મળવાનું સુગમ પડે. પણ આ કૃત્રિમતામાં મદદરૂપ થનાર છે આધુનિક વસ્ત્ર પહેરવાની શૈલી. સાદા વસ્ત્રો પહેરવાની વાતને હવે વધારે મહત્ત્વ અપાતું નથી અને એટલે આપણે આ વિષયમાં ઊંડા ઉતરીએ છીએ ત્યારે જણાય છે કે, વસ્ત્ર પરિધાનમાં પણ કેટલી બધી નવી ફેશનો આવતી ગઈ છે અને હજી આવવી ચાલુ જ છે. એ પાછળ લોકો ખર્ચ પણ ઘણો કરે છે. મારા એક સારા મિત્રને મેં કહ્યું કે, 'તું મેળાવડામાં આવે છે ત્યારે બહુ વટમાં આવે છે' એટલે મારા મિત્રએ જવાબ આપ્યો કે મેળાવડામાં ઘણાં લોકો હોય છે. તેઓનું ધ્યાન આપણા તરફ દોરાય એટલે હંમેશની જેમ કપડાં પહેરતો હોઉં એના કરતાં મોંઘી કિંમતના જુદા કપડાં પહેરીને જતો હોઉં છું.' સમાજમાં આ જાતની એક કૃત્રિમતા પેઠી છે એને દૂર કરવી અઘરી છે, પણ જેઓ સાદાઈને મહત્ત્વ આપે છે તેઓએ આ કૃત્રિમતાને વાતચીતમાં પણ આવકારવી નહીં અને લાગ મળે તો એવું કહેવું કે 'અરે, તમે હંમેશાં દેખાવ છો એવા દેખાતા નથી કંઈક અપટુડેટ પહેરીને આવ્યા છો તેથી જુદા દેખાવ છો એટલે તમારું મૂળ સ્વરૂપ ઢંકાઈ જાય છે.'

આવું કહેનારા લોકો જો વધે તો એની ચોક્કસ અસર થશે. હું સ્પષ્ટ રીતે માનું છું કે, 'પ્રબુદ્ધ જીવન' જે લોકોએ શરૂ કરેલું તેઓ સાદાઈને વરેલાં હતા અને ગાંધીજીની વિચારસરણીની અસર તેમના ઉપર હોવાથી તેઓ કૃત્રિમતાથી દૂર રહેતા.

❑ **સૂર્યકાંત પરીખ**
સ્વાતંત્ર્ય સેનાની

# 'પ્રબુદ્ધ જીવન' પ્રકાશન અને આર્થિક ભાર

૧. તા. ૨૧-૮-૧૯૨૯ 'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા'ના શ્રી ગણેશ મંડાયા. ત્યારે એ સાપ્તાહિક, પાના ૬, કિંમત અર્ધો આનો (ત્યારે રૂપિયા, આના, પાઈનું ચલણ હતું.)

૨. પહેલાં છ પાનાં, પછી આઠ પાનાં, ૧૪ પાનાં, ૧૬ પાનાં, ૨૮ પાનાં અને હવે ૪૪ પાનાં, એમાં ચાર પાનાં આર્ટ પેપર, સરસ્વતી બિરાજમાન પ્રથમ પાને, આ ઉપરાંત વરસમાં બે વિશિષ્ટ અંકો, ક્યારેક ૧૨૪ પાનાં પણ.

૩. 'પ્રબુદ્ધ જીવન' છેલ્લા ૮૬ વર્ષથી એક પણ જાહેર ખબર વગર નિયમિત પ્રકાશિત થાય છે. ૨૦૦૫ સુધી તે બ્લેક એન્ડ વ્હાઈટમાં છપાતું હતું ત્યારે ૮/૧૨/૧૬ પાનાનું 'પ્રબુદ્ધ જીવન' બહાર પડતું હતું. તે વખતે લીગલ સાઈઝમાં છપાતું હતું. (ફુલસ્કેપથી થોડી મોટી સાઈઝને લીગલ સાઈઝ કહે છે.)

૪. ૨૦૦૮માં 'પ્રબુદ્ધ જીવન'નું કવર પેજ સીંગલ કલરમાં છાપવાનું શરૂ કર્યું. કાગળની લીગલ સાઈઝમાંથી ૧/૪ ડેમાઈ સાઈઝમાં છાપવાનું શરૂ કર્યું. પાના પણ ૧૬માંથી ૨૮ છાપવાનું શરૂ કર્યું.

૫. 'પ્રબુદ્ધ જીવન'ના વાર્ષિક લવાજમમાં પણ વખતો વખત વધારો કરવામાં આવતો હતો, કારણ કે કાગળના ભાવ વધતા જતા હતા. વાર્ષિક લવાજમ નીચે મુજબ વધાર્યા.

૧. ૧૯૯૬માં રૂ. ૫૦/- હતા.
૨. ૧૯૯૮માં રૂ. ૮૦/- હતા.
૩. ૨૦૦૧માં રૂ. ૧૦૦/- કર્યા.
૪. ૨૦૦૯માં રૂ. ૧૨૫/- કર્યા.
૫. ૨૦૧૨માં રૂ. ૨૦૦/- કર્યા.

૬. ઉપરના લવાજમના દર બ્લેક એન્ડ વ્હાઈટ 'પ્રબુદ્ધ જીવન' બહાર પડતું હતું ત્યારના હતા.

૭. ખર્ચા વધતા જતા હતા પણ તે પ્રમાણે આવક થતી ન હતી. એટલે **'સૌજન્યદાતા'**ની યોજના શરૂ કરી. જેથી થોડી આવક થાય અને નુકસાની થોડી ઓછી થાય.

૮. ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૧૦માં 'પ્રબુદ્ધ જીવન' સીંગલ કલરમાંથી મલ્ટી કલરમાં છાપવાનું શરૂ કર્યું. એ વખતે લવાજમમાં ફેરફાર કર્યો ન હતો. મલ્ટી કલરમાં છાપવાનો ખર્ચ ખૂબ જ વધારે આવે છે. ઉપરાંત પર્યાવરણના સિદ્ધાંતને કારણે, પ્લાસ્ટિકના કવરને તિલાંજલિ આપી, બ્રાઉન કાગળના કવરનો ઉપયોગ કર્યો, જેના કારણે કોસ્ટ વધી.

૯. 'પ્રબુદ્ધ જીવન' મલ્ટીકલર થયું, પાનાં વધાર્યા અને સાથે કાગળ, પ્રિન્ટિંગ, મજૂરી વગેરે ખર્ચા વધતા ગયા. પોસ્ટના ખર્ચા પણ વધતા ગયા. હાલમાં 'પ્રબુદ્ધ જીવન દર મહિને નુકસાનીમાં ચાલે છે.

૧૦.આથી સંઘને ન છુટકે 'પ્રબુદ્ધ જીવન'ના લવાજમમાં વધારો કરવાની વિનંતી કરવામાં આવે છે.

**'પ્રબુદ્ધ જીવન'ના લવાજમના નવા વધારેલા દરો નીચે મુજબ છે.**

**'પ્રબુદ્ધ જીવન'ના લવાજમના નવા દરો**

**૧ વર્ષનું લવાજમ રૂ. ૩૦૦**
**૩ વર્ષનું લવાજમ રૂ. ૭૫૦**
**૫ વર્ષનું લવાજમ રૂ. ૧૨૫૦**
**૧૦ વર્ષનું લવાજમ રૂ. ૨૫૦૦**

આ નવા દરોનો અમલ એપ્રિલ ૨૦૧૭થી અમલમાં આવશે. તેમ છતાં જે ગ્રાહકોએ પહેલેથી ૩, ૫, ૧૦ વર્ષનું લવાજમ ભર્યું હશે તેમને વધારો એ સમય મર્યાદા પૂરી થાય પછી લાગુ પડશે. છતાં સ્વૈચ્છિક રીતે જે ગ્રાહક મહાનુભાવને નવા દરથી લવાજમ વધારો મોકલવો હોય તો આભારસહ આવકાર્ય છે. જે ગ્રાહકનું વાર્ષિક લવાજમ જે મહિનાથી પૂરું થતું હોય એ મહિનાથી જ આ નવા દર મુજબ લવાજમ મોકલવા વિનંતી.

✷ ✷ ✷

## પંથે પંથે પાથેય...(છેલ્લા પાનાનું ચાલુ)

ચાર-પાંચ કિ. મીટર સુધી માત્ર ૧ કિલો મીઠું લેવા માટે પગપાળા જતી એમણે જોઈ છે. દસ-બાર વર્ષની દીકરીઓ જેમની વય અભ્યાસ કરવાની, ભણવાની છે તેઓ ખેતરમાં કામ કરતી હોય. પંદર-સોળ વર્ષે દીકરી સાસરે જતી હોય. આ બધું નીતિનભાઇએ જોયું, અનુભવ્યું અને એમાંથી આવી દીકરીઓની કેળવણી માટે કશું કરવાની ઇચ્છા જાગ્રત થઈ, એમને એવી તક અનાયાસે મળી. સને ૧૯૮૯માં તેઓ મૈત્રીભાવે મીઠાઈ બનાવવાના વ્યવસાયમાં જોડાયા અને આ વ્યવસાયનું સ્થળ હતું પારડી. મુંબઈથી પારડી અવરજવર દરમ્યાન પોતાના મિત્ર ભાનુભાઈ જોષી પાસે બે-ત્રણ દિવસ રોકાતા અને આ રોકાણ દરમ્યાન બંને મિત્રો મોટરબાઈક પર ઘરેથી ટિફિન લઈને, જંગલ વિસ્તારમાં રખડવા નીકળી પડતા, ત્યારે કપરાડા ગામ એમની નજરમાં વસી ગયું. અહીં તેમણે આદિવાસી બાળકીઓ માટે હોસ્ટેલ-છાત્રાલય ઊભું કરવાનો નિર્ણય લીધો. આ કાર્યમાં ભાનુભાઈનો સાથ પણ ખરો. કપરાડામાં હાઈસ્કૂલ હોવાથી જે ગામમાં માધ્યમિક શિક્ષણની સગવડ ન હોય તે ગામની દીકરીઓ હોસ્ટેલમાં રહી એસ.એસ.સી. સુધીનો અભ્યાસ કરી શકે એવા ઉદ્દેશ સાથે કપરાડામાં એક ઝૂંપડું ભાડે લઈ ૧૯૯૦માં છાત્રાલય શરૂ કર્યું. અત્યાર સુધી નીતિનભાઇએ પોતાની આગવી પ્રવૃત્તિઓ અંગે પરિવારને જાણ પણ નહોતી કરી. પોતાને પૂર્ણપણે આદિવાસી કન્યાઓના શિક્ષણ માટે સમર્પિત કરવાનો નિર્ણય લેતાં પહેલાં તેમણે સોનાવાલા પરિવારના વ્યવસાયમાંથી પોતાને છુટ્ટા કર્યા અને નિજ પરિવારને આ પ્રવૃત્તિમાં સામેલ કર્યો.

હોસ્ટેલ શરૂ કરતાં પહેલાં એક વર્ષ દરમ્યાન એમણે કપરાડાની આસપાસનાં ગામડામાં વાલીઓનો સંપર્ક કર્યો અને એમને દીકરીઓને હોસ્ટેલ-છાત્રાલયમાં મોકલવા માટે સમજાવ્યા.

ઘણાં વાલીઓએ હામી ભરી પણ ૧૯૯૦માં જયારે હોસ્ટેલ શરૂ થઈ ત્યારે માત્ર નવ દીકરીઓ જ આવી. કપરાડાના શિક્ષિત આદિવાસી દંપતી ભગુભાઈ અને લતાબેન સવેતન સેવાઓ આપવા ત્યારથી જોડાયાં. નીતિનભાઈ સોનાવાલા પરિવારે છાત્રાલયનું નામ રાખ્યું, 'શબરી છાત્રાલય'. પ્રથમ વર્ષે ઓછી સંખ્યામાં છાત્રાઓ દાખલ થઈ પણ તેથી નીતિનભાઈ હતાશ થયા નહીં અને એ વર્ષ દરમિયાન એમણે આસપાસનાં ગામડાંઓમાં ગ્રામસભાઓ ભરી, ગામની પ્રાથમિક શાળાના શિક્ષકોની મદદ લીધી અને સૌની મહેનત રંગ લાવી. બીજા વર્ષે બમણી સંખ્યામાં છાત્રાઓ જોડાઈ. ત્રીજા વર્ષે સંખ્યા પચ્ચીસ સુધી થઈ એટલે ઝૂંપડું નાનું પડ્યું, તેથી ઝૂંપડાને મોટું કર્યું. દર વરસે સંખ્યા વધતી જતી હતી એટલે જગ્યાની સમસ્યા દર વર્ષે ઊભી રહેતી.

સરકારી કાયદા પ્રમાણે આદિવાસી વિસ્તારમાં જમીન આદિવાસી જ ખરીદી શકે એટલે નીતિનભાઈ સોનાવાલા પરિવાર છાત્રાલય માટે જમીન ખરીદી શકે નહીં. છાત્રાલયને માટે હવે અલાયદું વધારે સગવડો સાથેનું મકાન બનાવવાની તાતી જરૂરત હતી. આ મૂંઝવણમાંથી મારગ જડ્યો. ગુજરાત સરકારમાં ઊર્મિલાબેન ભટ્ટ પ્રધાનમંડળમાં હતાં. પોતે કપરાડાનાં આદિવાસી હતાં અને એમણે એમના પરિવારની ત્રણેક એકર જમીન છાત્રાલય માટે ભેટ આપી. ૧૯૯૦માં શરૂ થયેલા શબરી છાત્રાલયને ૧૯૯૯માં નવું ઘર પ્રાપ્ત થયું. નવા છાત્રાલયનું બાંધકામ આદિવાસી પરિવેશ, રહેણીકરણીને ધ્યાનમાં લઈ કરવામાં આવ્યું છે, જેમાં ૧૫૦ દીકરીઓનો સમાવેશ થઈ શકે છે. નવા છાત્રાલયમાં ગૃહપતિ તરીકે પારડી તાલુકાના વાગસિયા ગામનાં પ્રવીણભાઈ અને સુધાબેન દંપતી જોડાયાં અને દીકરીઓને માતા-પિતાનું વાત્સલ્ય મળ્યું.

નવા છાત્રાલયમાં ૧૯૯૦માં ૪૫ દીકરીઓ હતી જેની સંખ્યા ૨૦૦૦માં વધીને ૧૪૦ થઈ. હાલ ૧૨૦ દીકરીઓ અભ્યાસ કરે છે. છાત્રાલયમાં કોમ્પ્યુટર લેબ છે અને દીકરીઓ કોમ્પ્યુટરનો ઉપયોગ કરવાનું શીખે છે. છાત્રાલયમાં રહેવાનું, ભોજન, યુનિફોર્મ બધું વિનામૂલ્યે છે. છાત્રાલયનો વાર્ષિક ખર્ચ અંદાજે રૂા. અઢારથી વીસ લાખ જેટલો છે. સરકાર તરફથી રૂા. સાડા દસ લાખ એટલે ખર્ચનો લગભગ અડધો હિસ્સો ગ્રાંટ તરીકે મળે છે. શેષ રૂા. ૮ થી ૯ લાખની ઘટ રહે છે. નીતિનભાઈના મિત્રો તરફથી સહાયરૂપે રૂા. બે થી ત્રણ લાખ જેટલા મળતા રહે છે. બાકી ઘટ નીતિનભાઈ સોનાવાલા પરિવાર સ્વયં ભોગવે છે. નીતિનભાઈ અનુદાન માટે કોઈને વિનંતી નથી કરતા. શબરી છાત્રાલયની મુલાકાત પછી સખી દાતાઓ જે કંઈપણ યથાશક્તિ આપે તે લેવામાં આવે છે, અનુદાન માટે કોઈને આગ્રહ પણ કરવામાં આવતો નથી. નીતિનભાઈ માને છે કે આદિવાસી કન્યાઓને શિક્ષણ આપવાના સુકૃત્યમાં પોતાની લક્ષ્મીનો થતો વિનિયોગ વાસ્તવમાં જૈનધર્મમાં પ્રબોધવામાં આવેલ સાધર્મિક ભક્તિના સિદ્ધાંતનું અનુસરણ છે.

x x x

શબરી છાત્રાલય હકીકતમાં ગુરુકુળ આશ્રમ છે. દીકરીઓ સવારે પાંચ વાગે ઉઠી જાય છે. બધી દીકરીઓની જુદી જુદી ટુકડીઓ પાડવામાં આવી છે અને દરેક ટુકડીને છાત્રાલય-આશ્રમનાં જુદાં જુદાં કામો સોંપવામાં આવ્યાં છે. છાત્રાલયની સફાઇ, બહારના કેમ્પસની સફાઈ, રસોડામાં મદદ કરવાનું, ફૂલ-છોડને પાણી પાવાનું...બધું કામ વહેંચાયેલું છે, અને પ્રતિ પખવાડિયે કામની ફેરબદલી થાય છે જેથી દરેક દીકરીને જુદાં જુદાં ગૃહકામો શીખવા મળે. છાત્રાલયની એકાદ એકર જમીનમાં ડાંગરની ખેતી થાય છે અને ખેતીની સીઝનમાં મોટી દીકરીઓને ડાંગરની રોપણી, પેરણી અને લણણી બધું શીખવવામાં આવે છે. આવતી કાલે આ દીકરીઓ સાસરે જાય ત્યારે ઘરકામ, ખેતીકામ દરેકમાં માહિર બની જાય.

તેમનું માનવું છે કે શબરી છાત્રાલયની દીકરીઓને શિક્ષણના સમાંતરે સાચી ગૃહિણી બનવાના સંસ્કાર આપવાના છે. શ્રમનું મહત્ત્વ એમને સમજાવવું પડે નહીં એવો અભિગમ દાખવવાનો છે. છાત્રાલયના પરિસરમાં ખેતીની સાથે બાગાયતની તાલીમ પણ આપવામાં આવે છે. શબરી આશ્રમનો આખો પરિસર ચોખ્ખોચણક હોય છે અને આપણે વાસ્તવમાં આદિવાસી સન્નિવેશમાં હોઈએ એવો ભાસ થાય છે. દીકરી ભણીને પરિવારમાં અને ભવિષ્યમાં સાસરે જાય ત્યારે છાત્રાલયમાં શિક્ષણ ઉપરાંતની અન્ય તાલીમ તેને કામ આવે એવો અભિગમ છાત્રાલયનો છે.

શબરી છાત્રાલયમાં ૮ થી ૧૨ ધોરણમાં છેલ્લા છવ્વીસ વર્ષ દરમ્યાન પાંચસોથી વધારે બાળકીઓ ભણીને સ્વગૃહે ગઈ છે. આ દીકરીઓમાંની એક ગુજરાતના પોલીસદળમાં પોલીસ ઈન્સ્પેક્ટર (PSI) નો હોદ્દો ભોગવે છે. ચાર દીકરીઓ સીમા સુરક્ષા દળ (Border Security Force) માં જોડાઈ નાગાલેન્ડમાં ફરજ પર છે. ચાર દીકરીઓ ગામની સરપંચ બની છે. પચ્ચીસથી વધારે દીકરીઓ નર્સિંગનું ભણી નર્સ તરીકે હૉસ્પિટલમાં જોડાઈ છે. સૌ દીકરીઓ એમની આ સિદ્ધિ માટે પપ્પા નીતિનભાઈનો આભાર માને છે. છાત્રાલયની બધી દીકરીઓના નીતિનભાઈ વહાલા પપ્પા છે. રસીલા પડવલનો કિસ્સો કહેતાં નીતિનભાઈ હર્ષોલ્લાસથી રડી પડ્યા. કપરાડામાં શબરી છાત્રાલય આયોજિત મેડિકલ કેમ્પમાં સેવા આપવા આવેલા ડૉક્ટરોને રસીલાએ પ્રશ્ન પૂછ્યો કે મારે ડૉક્ટર બનવા શું કરવું જોઇએ. ડૉક્ટરોએ રસીલાના પ્રશ્નનો જવાબ આપતાં કહ્યું કે એસ.એસ.સી. પછી સાત વર્ષ સુધી સખત મહેનત-અભ્યાસ કરવો પડે અને ઘણા બધા શોખનો ત્યાગ કરી માત્ર એક જ લક્ષ્ય રાખવું પડે. લગ્ન વિશેનો વિચાર પણ વચ્ચે કરવો જોઈએ નહીં. બીજા દિવસે રસીલા નીતિનભાઈને ઉદ્દેશી પત્ર લખે છે કે પપ્પાજી મારો આ પત્ર ફરી ૨૦૧૯માં વાંચજો જ્યારે હું આપની સમક્ષ ડૉક્ટર બની ઊભી રહેવા માગું છું અને મારા આદિવાસી ભાઈ-બહેનોની સેવામાં જોડાવા ઇચ્છું છું. આપ આશીર્વાદ આપો.

નીતિનભાઈએ રસીલાને બોલાવી જણાવ્યું કે તારા પિતાશ્રી નથી. તારી માતા અને મામા મેડિકલ અભ્યાસ અધવચ્ચે તારા લગ્ન કરે તો... રસીલાએ જવાબ આપ્યો કે ડૉક્ટર બનીશ ત્યાં સુધી લગ્ન નહીં જ કરું. નીતિનભાઈએ રસીલાની આંખોમાં ડૉક્ટર બનવાની તલપ જોઈ અને હરણાઈ ગામે માતા અને મામાને મળ્યા. પરિવારજનોએ રસીલાને ડૉક્ટરી ભણવાની સંમતિ આપી અને રસીલા પૂરું ભણી રહે પછી જ એના લગ્ન વિશે વાત કરવાની હામી ભરી. મેડિકલ કોલેજની ફી રૂા. સાડાબાર લાખ હતી. નીતિનભાઈએ કૉલેજના સંચાલકોને રસીલાના કેસને વિશિષ્ટ કેસ ગણી ફીમાં રાહત આપવાની વાત કરી અને સંચાલકોએ સાડાબાર લાખને બદલે રૂા. સાડાઆઠ લાખ ફી મુકરર કરી જે નીતિનભાઈએ ભરી દીધી. રસીલા આજે મેડિકલના બીજા વર્ષમાં અભ્યાસ કરે છે અને ૨૦૧૯માં તે મેડિકલ ડીગ્રી સાથે શબરી છાત્રાલય પધારશે ત્યારે કપરાડા વિસ્તારના સમગ્ર આદિવાસી સમાજ માટે ગૌરવપ્રદ ઘટના ઘટશે.

✷ ✷ ✷

સૌજન્ય : 'પગદંડી' ડિસેમ્બર, ૨૦૧૬.
(ટૂંકાવીને લીધું છે.)

**જાપાનની શ્રેષ્ઠ બાળવાર્તાઓ**
લેખક : યશવન્ત મહેતા
(રાષ્ટ્રીય સાહિત્ય અકાદમીના પ્રથમ ગુજરાતી બાલ સાહિત્ય પુરસ્કારના પ્રાપ્તકર્તા)
પ્રકાશક : ગુર્જર સાહિત્ય પ્રકાશન
૧૦૨, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઈટેનિયમ સિટી સેંટર પાસે, સીમા હૉલની સામે, ૧૦૦ ફૂટ રોડ, પ્રહલાદ નગર, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : ૦૭૯-૨૬૯૩૪૩૪૦, મો.: ૯૮૨૫૨૬૮૭૫૯.
મૂલ્ય-રૂ. ૧૨૦/-, પાના-૨+૧૨૨, પહેલી આવૃત્તિ, નવેમ્બર-૨૦૧૬.




જાપાન દેશ લગભગ બે હજાર વરસ સુધી બહારના આક્રમણથી મુક્ત રહ્યો. આથી અહીં ખૂબ નાજૂક, સુંદરતાપૂર્ણ હળવી હળવી વાર્તાઓ બની છે. માણસ અને કુદરતના પરસ્પર વ્યવહાર જેટલી સ્વાભાવિક રીતે ઇતર માણસ સાથે વ્યવહાર કરે એટલી જ સ્વાભાવિકતાથી એ દરિયા, વૃક્ષો, પશુ-પક્ષી અને માછલી સાથે વ્યવહાર કરે છે.

દુનિયાભરની બાળવાર્તાઓની જેમ અહીં પણ રાક્ષસો, જાદુગરો અને ભૂતો છે. પરંતુ એ બધાં જાપાનમાં સુંવાળા લાગે છે. એટલે સુધી કે પડોશી ચીનનો ડ્રેગન એટલે કે અગન રાક્ષસ પણ અહીં આવ્યો નથી.

ટૂંકમાં સત્યમ્ શિવમ્ અને સુંદરમ્-એ જાપાનની બાળવાર્તાની ઓળખ છે.

આ વાર્તાઓના સર્જક-લેખક-શ્રી યશવંત મહેતા છે. જે લગભગ છ દાયકાના બાળ સાહિત્ય સંપાદન અને લેખનનો અનુભવ ધરાવે છે. તે ઉપરાંત અસંખ્ય રાષ્ટ્રીય તેમજ સ્થાનિક માન-સન્માન તેઓશ્રી પામ્યા છે.

જાપાન દેશની અનેક બાળવાર્તાઓ હશે પણ અહીં થોડી વાર્તાઓ રજૂ કરવામાં આવી છે. જેનું વાંચન સર્વ વાચકોને પ્રેરણા આપશે.

x x x

પુસ્તકનું નામ : **સાત અંગ, આઠ નંગ અને ...**
લેખક : **રમણ સોની**
પ્રકાશક : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય
અમરભાઈ ઠાકરલાલ શાહ, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

# સર્જન-સ્વાગત

## ☐ ડૉ. કલા શાહ

ફોન : ૦૭૯-૨૨૧૪૪૬૬૩.
પ્રાપ્તિસ્થાન : ગુર્જર સાહિત્ય ભવન
રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ફોન ૦૭૯-૨૨૧૪૪૬૬૩.
મૂલ્ય-રૂ. ૧૪૦/-, પાના-૧૬+૧૫૬,
આવૃત્તિ-પહેલી, વિ. સં. ૨૦૧૬.



રમણભાઈ સોનીની પ્રથમ અને જાણીતી ઓળખ ઉત્તમ સંપાદક તરીકેની અને સાહિત્ય પ્રતિબદ્ધ વિવેચક તરીકેની છે. ગંભીર વિદ્વત્તાસભર વિવેચન પુસ્તકોમાં હાસ્ય-કટાક્ષશૈલી મળી રહે છે.

આ હળવા નિબંધોમાં સર્જક નિબંધને ઘટે એવી રસિક, અવારનવાર કાવ્યાત્મક વર્ણનકલા આનંદ આપનારી છે. લેખકના ગદ્ય સામર્થ્યની વાત કરીએ તો શબ્દ પસંદગીનું કૌશલ, માર્મિકતા, તત્સમ શબ્દોનો વિશિષ્ટ પ્રયોગ, પ્રચલિત શબ્દોને નવો ઘાટ આપવાની શક્તિ, હળવા સમાસો તથા અલંકારો તેમના ગદ્ય માટે આકર્ષક નીવડે છે.

વિષયનું વૈવિધ્ય અને તેની રજૂઆતનું વૈવિધ્ય આ નિબંધોની ખાસિયત છે. વર્ણન-નિરૂપણની વિવિધ તરાહો એમાં પ્રવર્તે છે. આ ગદ્ય સંવાદોની પણ એવી જ ક્ષમતા પ્રવર્તે છે. કેટલાંક નિબંધો તો સંવાદની લાક્ષણિકતા દર્શાવતી પ્રસન્ન વિનોદ રંજકતા ધરાવે છે.

લેખકની ઊંચી સર્જકતા, સાહિત્યિક લખાવટ, નર્મ-મર્મ બન્ને પ્રકારોને કુશળતાથી પ્રયોજવાની શક્તિ અને સક્ષમ ગદ્ય આજના હાસ્ય સાહિત્યમાં એક ઊંચી હરોળના સમર્થ સર્જક તરીકે રમણ સોનીનું સ્થાન નિશ્ચિત કરી રહે છે.

આ નિબંધોમાં ઊર્મિની લહેરી લહેરાતી રહી છે અને અંગતમાં ઊંડે ઉતારતી રહી છે.

વાચક આવા સર્જનાત્મક ગદ્યમાં ડૂબકી લગાવવાનો આહ્‌લાદ પણ માણશે.

x x x

પુસ્તકનું નામ : **મનીષીની સ્નેહધારા**
(દર્શકના પત્રો : રેણુકા પારેખને)
લેખક - **રામચંદ્ર મ. પંચોળી**
સંપાદક : **પ્રવીણભાઈ મહેતા**
પ્રકાશક : અક્ષર ભારતી પ્રકાશન વાણિયાવાડ, ભુજ (કચ્છ). ફોન નં. : ૦૨૮૩૨-૨૫૫૬૪૯.
મૂલ્ય-રૂ. ૨૮૦/-, પાના-૩૨+૨૫૬=૧૫૦.
પ્રથમ આવૃત્તિ-ઇ. સ. ૨૦૧૬.




દર્શકના પત્રોના આ ત્રીજા સંપાદનમાં એક જ વ્યક્તિ પરના પત્રોનું સંકલન-ઈ. સ. ૧૯૯૨થી ૨૦૦૧ સુધીના પત્રોનું સંપાદન કરવામાં આવ્યું છે.

દર્શક સતત અભિવ્યક્ત થતાં સમાજ પુરુષ, તેમના વિચારો જાહેર પણ પત્રોમાં નિર્બંધ અભિવ્યક્તિ ખરી, તેમાં ચિત્તનું આંતર સ્વરૂપ અને માનવીય સહજતા એવા હોય છે કે વાંચતા જ માનવ પ્રગટ થાય. આ પત્રો આપણને વ્યક્તિની નિકટ લઈ જાય છે.

'દર્શકના પત્ર સાહિત્ય' પર ખાસ અધ્યયન થઈ શકે એવું વિત્ત આ પત્રોમાં છે. પ્રારંભે રેણુકાબહેને પોતાના કથનમાં 'દર્શક' સાથેનો સ્નેહ સંબંધ કેવો વિકસતો ગયો તે દર્શાવ્યું છે અને તેની ઉપલબ્ધિરૂપ આવા આત્મીય અને જીવનશિક્ષણ આપતી પત્ર દ્વારા મેળવવા ભાગ્યશાળી બન્યા.

દર્શકના આ પત્રોમાં અખિલાઈભરી-કાળભેદી-પારગામી દૃષ્ટિ સમજણનો દીપ પેટાવી શકે છે. દર્શક-મૂલ્યાંકન કરવા સતત પ્રયત્નશીલ પુરુષ, એટલે તેમની રજૂઆત એકાધિક વિષયો સાથે ગૂંથાયેલી હોય એ સ્વાભાવિક છે. દર્શકે પોતાની આત્મકથા સળંગ રીતે ભલે નથી લખી પરંતુ આવા સર્જન દ્વારા વાચકને તેનો લાભ મળી શકે છે.

વિવિધ છટામાં પ્રગટ થતાં દર્શકને આ પત્રોના માધ્યમથી સ્મરવાનો-મળવાનો અને માણવાનો મોકો મળે છે.

x x x

પુસ્તકનું નામ : **જીવી જાણનારા**
(ભીતરના અવાજને અનુસરીને આગવી દુનિયાનું સર્જન કરનારા)
લેખક : **કુમારપાળ દેસાઈ**
પ્રકાશક : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય,
અમરભાઈ ઠાકોરલાલ શાહ, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

ફોન ૦૭૯-૨૨૧૪૪૬૬૩.
પ્રાપ્તિસ્થાન : ગુર્જર સાહિત્ય ભવન
રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ.
મૂલ્ય-રૂા. ૧૫૦/, પાના-૮+૧૫૨,
આવૃત્તિ-પ્રથમ, ઇ. સં. ૨૦૧૬.




પરિસ્થિતિને લાચાર બનીને વશ થવાને બદલે પરિસ્થિતિને વશ કરીને પ્રગતિનો પંથ કંડારનાર માનવીઓની આ કથા છે. એમણે સંજોગો સામે લાચાર બનીને એને મૂંગે મોંએ સ્વીકારી લેવાને બદલે એમાંથી બહાર આવીને એક સાહસવીરની માફક અથાગ પુરુષાર્થ કર્યો. એમની સામે મુશ્કેલીઓ હતી. પરંતુ કોઈ પણ સંજોગોમાં ધ્યેયસિદ્ધિ વગર એમને સહેજે જંપવું નહોતું. પોતાનો આગવો ચીલો ચાતરનારા આ માનવીઓએ ગરીબી સામે અથવા કોઈપણ જીવલેણ રોગ સામે ઝઝૂમીને નવીન કાર્યકર્યું છે. કહે છે કે સંજોગો માણસના જીવનને ઘાટ આપે છે. પરંતુ કેટલીક વ્યક્તિઓ સ્વયં સંજોગોને ઘાટ આપે છે. તેઓ આત્મબળથી વિપરીત સંજોગો સામે લડીને પોતાના અને ચોપાસના જીવનમાં પરિવર્તન આણેલ છે.

વ્યથા, વેદના, શોષણ, કે ગરીબી જોઈને આવી વ્યક્તિઓના અંતરમાં પ્રતિકારનો તીવ્ર અદમ્ય સૂર ઉઠે છે. એમનો એ ભીતરી સૂર એમનો અવાજ બની જાય છે. એવી રીતે આગવો ચીલો ચાતરીને જીવી જાણનારા માનવીઓની આ કથાઓ છે. જેમણે પોતાના શરીરની, પરિસ્થિતિની કે આસપાસની આપત્તિઓની મર્યાદાને પાર કરીને માનવતા પ્રગટાવવા માટે જંગ ખેલ્યો છે. આવા માનવીઓની આ વાસ્તવિક સંઘર્ષ કથા દરેકને પોતીકા અવાજને અનુસરવાનું સાહસ કરનારી બની રહે છે.

વાસ્તવિક સંઘર્ષની આ કથાઓ હૃદયસ્પર્શી છે અને અંતરના અવાજને અનુસરવાનું બળ આપનારી છે.

x x x

પુસ્તકનું નામ : **બંધનના સ્પંદન**
લેખક - **ડૉ. વસંત પરીખ**
પ્રકાશક : અક્ષર ભારતી પ્રકાશન
વાણિયાવાડ, ભુજ (કચ્છ).
પાના-૩૪૮, પ્રથમ આવૃત્તિ-ઇ. સ. ૧૯૯૬.



આ શ્રદ્ધા પત્રો છે. પ્રણય કરતાં પણ 'વિશેષ'નો સ્પર્શ પામતા પત્રો છે. જીવનમાં અનેક કારણોસર અજ્ઞાન અને વિસંવાદ અનુભવતા સ્ત્રી-પુરુષોને ય આ પત્રો ઝકઝોરી શકે તેવી હાર્દિક તાકાત ધરાવે છે. આ પત્રોમાં સાહિત્યિક સુગંધ છે અને વ્યકતિગત પણ સમષ્ટિપણું લાવે છે.'

જેમ યાત્રામાં એ જ રીતે પત્રલેખનરૂપ અર્ન્તયાત્રામાં પણ માણસ ખૂલે છે, ખીલે છે. યાત્રા દરમિયાન વિવિધ સ્થિતિ અને પત્રલેખન વેળાની વિશિષ્ટ મન:સ્થિતિ મનુષ્યચિત્તને એની સન્મુખ જે હોય છે એને અંતરમાં ધરવા અનાયાસ પ્રેરે છે.

લેખકે આ પત્ર અલબત્ત પ્રભાબહેન તથા એમનાં નિકટવર્તી સ્વજન-મિત્રોને લખ્યાં છે. પરંતુ આપણે સૌ પણ આ શબ્દસેતુ દ્વારા સંક્રાત થતા ભાવ-વિભાવ ઝીલનારા સ્વજનો સમા અધિકારી ભાવક જ છીએ.

મરની પત્ર લેખકે પત્ર સંચયનાં ઉઘડતાં પાને કહેલી વાતમાં ચીંધાયેલી સ્નેહની ખેતી કરવાની પ્રેરણા જ નહીં પણ અદના નાગરિકની તપસ્યા સદાસર્વથા એના સત્વને પ્રગટ કરતી રહી છે. એવી સ્પૃહણીય શ્રદ્ધા પણ આ પત્ર વાંચન થકી સહૃદય ભાવક-વાચક જરૂર પામશે.

આ પત્રોની શૈલી નિર્દોષ અને નિર્ભેળ છે અને સાથે સાથે સંવાદગીતના સૂર સ્વરો રણકે છે. આ પત્રોમાં સામા છેડે બેઠેલા સ્વજનને વ્યક્તિ અને સમષ્ટિના વિચારબિન્દુ લગી દોડતા કરવાની સાધના દેખાય છે.

x x x

પુસ્તકનું નામ : **ગાંધીજીના સમાગમમાં**
સરદાર વલ્લભભાઈ પટેલના 'આર્શીવચન સાથે'
સંપાદક-**ચંદ્રવદન પ્રાણશંકર શુકલ**
પ્રકાશક : અક્ષર ભારતી પ્રકાશન, ૫, રાજગુલાબ, વાણિયાવાડ, ભુજ (કચ્છ).
ફોન નં. : ૦૨૮૩૨ - ૨૫૫૬૪૯.
મૂલ્ય-રૂ.૧૦૦/,પાના-૧૨+૧૩૬,
પ્રથમ આવૃત્તિ-પુન: મુદ્રણ-૨૦૧૬.

ગુજરાતમાં અનેક સ્ત્રી-પુરુષો ગાંધીજીના જીવંત સંપર્કમાં આવેલાં હતાં. તેમાંથી કેટલાંકના




ગાંધીજીવનના જાતે અનુભવેલા પ્રસંગો આ પુસ્તકમાં આપેલાં છે અને તેથી જ આ પુસ્તક વિશિષ્ટ છે. અહીં જે પ્રસંગો આપેલા છે તે જાતઅનુભવના છે અને ગાંધીજીના લખાણોમાં કે અન્યત્ર ભાગ્યે જ કશે આવે છે. આ પ્રસંગો વાંચતા આ લોકોત્તર પુરુષના વિરલ ગુણો, તેમની નિરાળી કાર્યશૈલી અને આંતરિક સૌંદર્યના દર્શન થાય છે. આ પુસ્તકમાં ગુજરાતની થોડી વ્યક્તિઓએ પોતાના અનુભવો આલેખ્યા છે. પણ દેશ-વિદેશની વિવિધ ભાષાઓમાં ગાંધીજી સાથેના સંપર્ક-સ્મરણોનું વિપુલ સાહિત્ય મળી શકે છે. આપણાં રાષ્ટ્રપિતાના જીવનની આ ગાથા આપણાં માટે પ્રેરણારૂપ છે.

ગાંધીયુગના જીવનવીરોના ગાંધીજી સાથેના આ મૂલ્યવાન સંભારણા આપણી મૂડી છે. ગાંધીજીએ કેટકેટલી વ્યક્તિનું કેવું ઘડતર કર્યું અને તે દ્વારા દેશનું ઘડતર કર્યું તે પ્રતીત થાય છે. આ લખનારાઓમાં ડૉક્ટરો, એન્જિનિયરો, વેપારીઓ, વકીલો, લેખકો, શિક્ષકો, બૌદ્ધિકો અને તરહેવારની વ્યક્તિઓ છે. સાત દાયકા પૂર્વે પ્રગટ થયેલાં આ સંસ્મરણો આજેય એટલાં જ તાજા અને તાદૃશ લાગે છે.

